મહારાણા હમીરસિંહ.

[ચિતોડનો પુનરૂદ્ધાર.

કર્ત્તા.

પ્રોફેસર જેઠાલાલ ચીમનલાલ સ્વામિનારાયણ,
એમ, એ.
અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
હીરાલાલ વસન્તદાસ
ધર્મ વિજય પ્રિન્ટિંગ પ્રેસ, ૪૬૩, રીચીરોડ
અમદાવાદ.

સન ૧૯૧૫.

મૂલ્ય બાર આના.

Printed by
Chimanlal Hiralal at his
Dharma Vijaya Printing Press.
No. 463, Richey Road,
AHMEDABAD.

ओम्.

नमो गुरुपादेभ्यः।

वाणी सुधारसमयी प्रणयेन सिक्ता
कालेन मे परिणता हृदि नाट्यरूपा।
आनन्दशङ्करगुरोश्चरणारविन्दे
न्यस्ता प्रमोदममितं विदुषां तनोतु॥

अनुग्रहाकाङ्क्षी

स्वामिनारायण.

પ્રથમ પ્રયાસ તરીકે 'મહારાણા હમીરસિંહ' નું નાટક હું ગુર્જર પ્રજા સમક્ષ મુકું છું. મને આશા છે કે રસજ્ઞ વાચકો મારા પરિશ્રમને યોગ્ય આદર આપી મને આભારી કરશે.

આ સ્થળે હું ધી ઑનરેબલ રાવબહાદુર રમણભાઈ મહીપતરામ નીલકંઠ બી. એ., એલ. એલ. બી, જેમણે નાટકની પ્રસ્તાવના લખી મને ઉપકૃત કર્યો છે, તેમનો આભાર માનવાની તક લઉં છું.

મારા ગુરૂ પ્રોફેસર આનંદશંકર બાપુભાઈ ધ્રુવે મારા કાર્યમાં વારંવાર પ્રોત્સાહિત કર્યો છે તેથી તેમનો પણ ઉપકાર માનું છું

રંગભૂમિ ઉપર ભજવાતાં હલકાં નાટકોની પ્રથામાં સુધારો કરવામાં મારો પ્રયાસ સહાયભૂત થશે તો હું મારી મહેનત સફળ થયેલી માનીશ.

અમદાવાદ,
તા. ૬ ઠ્ઠી જુન ૧૯૧૫.

જેઠાલાલ ચીમનલાલ સ્વામિનારાયણ.

પ્રસ્તાવના.

મેવાડના ઇતિહાસમાં વર્ણવેલાં મહારાણા હમીરસિંહનાં પરાક્રમના વૃત્તાન્ત ઉપરથી આ નાટક રચવામાં આવ્યું છે. પદ્મિનીનું હરણ કરવાના દુષ્ટ પ્રયાસમાં મેવાડ ઉપર ચઢી આવેલા અલ્લાઉદ્દીન ખીલજી સામે શૌર્યથી યુદ્ધ કરતાં મહારાણા લક્ષ્મણસિંહ તથા તેના અગિયાર પુત્રો રણસંગ્રામમાં ખપી ગયા, અને, પદ્મિની તથા બીજી ક્ષત્રિયાણીઓ ભોંયરામાં ઉતરી અગ્નિમાં પડી ભસ્મસાત્ થઇ તે વેળા લક્ષ્મણસિંહની આજ્ઞાનુસાર તેનો બારમો પુત્ર અજયસિંહ વંશ કાયમ રાખવા સારૂ પોતાના બે પુત્રો તથા ભત્રીજા હમીરસિંહને ચિતોડથી કેલવાડે લઇ આવ્યો, ત્યાંથી હમીરસિંહના વીરત્વની કથા શરૂ થાય છે, અને, આ નાટકની કથાનો આરંભ પણ એ સમયથી થાય છે. કર્નલ ટૉડ કૃત 'રાજસ્થાન'માં કહેલા મેવાડના ઇતિહાસના છઠ્ઠા પ્રકરણમાં આ વૃત્તાન્ત વર્ણવેલો છે.

હમીરસિંહના જીવનચરિતમાં સમાયેલી વીરતા અને ઉદાત્તતાનો પ્રભાવ પ્રોફેસર સ્વામિનારાયણે આ નાટકમાં યથાર્થ રીતે પ્રકટ કર્યો છે. નાટકનું વસ્તુ તેમણે એ પ્રમાણે રચ્યું છે કે, ઐતિહાસિક વૃત્તાન્તની બધી રેખાઓ કાયમ રહે, અને, કલ્પિત પ્રસંગોના વિસ્તારથી ઇતિહાસની કથાનો સાક્ષાત્કાર થાય. નાટકમાંનાં ઘણાં ખરાં પાત્રો ઐતિહાસિકજ છે, અને, જે પાત્રો કલ્પનાથી ઉમેરાયાં છે તે ઐતિહાસિક પાત્રોનાં લક્ષણ પ્રદીપ્ત કરવામાં સહાયભૂત થાય છે.

મુંજ બલેચા નામે લુંટારાનો પરાભવ કરવાનું કાર્ય અજયસિંહના ચૌદ પંદર વર્ષની વયના પુત્રો સજ્જનસિંહ અને અજીમસિંહ માથે લઇ શક્યા નહિ, પણ, એટલી જ ઉમ્મરના હમીરસિંહે એ કાર્ય ઉપાડી લીધું અને થોડા સમયમાં મુંજ બલેચાનું માથું લાવીને રજુ કર્યું, તેથી, પ્રસન્ન થઇ અજયસિંહે એ મસ્તકમાંથી નિકળતા રૂધિર વડે હમીરને તિલક કરી મેવાડની ગાદીનો અધિપતિ બનાવ્યો: એ ઐતિહાસિક પ્રસંગ પછી અજયસિંહ નાટકનાં પાત્રોમાંથી લુપ્ત થાય છે, અને, અલ્લાઉદ્દીને

મેવાડ ઉપર મુકેલા સુબેદાર માલવદેવ અને હમીરસિંહ વચ્ચેનો વિગ્રહ નાટકની કથાનો મુખ્ય વિષય બને છે.

મેવાડના સૂર્યવંશી રાણાવંશને કલંક લગાડવાના હેતુથી માલવદેવે પોતાની બાળવિધવા પુત્રી વીરમતીના વૈધવ્યની હકીકત ગુપ્ત રાખી તેની સગાઇનું નાળિયેર હમીરસિંહને મોકલ્યું, અને, શત્રુએ કરાવવા ધારેલા લગ્નસંબંધમાં જોખમ હશે એવી ધારતી ન રાખતાં હમીરસિંહે નાળિયેર સ્વીકારી લગ્ન કર્યું; તથા, લગ્ન પછી વીરમતીના વૈધવ્યનો વૃત્તાન્ત જાણવામાં આવતાં છતાં વીરમતીએ માલવદેવનો પરાભવ કરવાનો માર્ગ દર્શાવ્યાથી હમીરસિંહે ઉદારતાથી અપમાન ભુલી જઇ વીરમતીનો રાણી તરીકે સ્વીકાર કર્યો: એ ઐતિહાસિક વૃત્તાન્તને પ્રો. સ્વામિનારાયણે અનેક પ્રકારે ખીલવ્યો છે. હમીરસિંહની માતા વસુમતી પાસે વિધવાવિવાહની સશાસ્ત્રતાનો ઉપદેશ કરાવ્યો છે. માલવદેવની નીચતા પૂર્ણતાથી પ્રકટ કરવા સારૂ તેની સ્ત્રી રોહિણીને ઉચ્ચ લક્ષણવાળી કલ્પી છે, અને, વીરમતી પેઠે તેને પણ મેવાડની સ્વતંત્રતા માટે ઉત્સુકતા ધરાવનારી તથા માલવદેવની અધમતાની સામે થનારી દર્શાવી છે.

વીરમતીની સલાહ પ્રમાણે હમીરસિંહે લગ્નના દાયજામાં જાલ નામે ચિતોડના દરબારી નોકરને માગી લીધેલો એ ઐતિહાસિક વૃત્તાન્ત ઉપરથી પ્રો. સ્વામિનારાયણે જાલના પિતા કપૂરચંદનું પાત્ર ઉભું કર્યું છે, અને, તેને માલવદેવનો કારભારી કલ્પ્યો છે. જાલની ઉદારતા વિરોધથી પ્રકાશિત કરવા સારૂ કપૂરચંદને હમીરસિંહનો દ્રોહ કરવામાં માલવદેવનો મળતીઓ કર્યો છે. તેમ જ વળી, કપૂરચંદને નાતનો શેઠ કલ્પી મૃણાલિની નામે બાલિકાને ઘરડા વર સાથે પરણાવવાનો પ્રયાસ કરતો દર્શાવ્યો છે, અને, એ પ્રસંગમાં નાતના જુલમનો ચિતાર આપી કરુણમિશ્રિત હાસ્ય રસ ઉપજાવ્યો છે.

મૃણાલિનીની રક્ષા જાલને હાથે થતાં તે બન્નેને પરસ્પર પ્રતિ પ્રેમ ઉદ્દભૂત થાય છે, અને, તેમના પ્રેમપ્રસંગો યુદ્ધકથાઓ વચ્ચે આવી ઉત્સાહમાં વહેતા ચિત્તભાવને કોમળ લાગણીઓનો અનુભવ કરાવે છે. મૃણાલિનીના ઉચ્ચ ભાવ સામે તેની માતા કુટિલાનો અપકૃષ્ટ સ્વભાવ પ્રદર્શિત કર્યો છે.

વીરમતીને પ્રસવેલા પુત્ર ક્ષેત્રસિંહ સાથે તે ચિતોડમાં ક્ષેત્રપાળની બાધા મુકવાને બહાને જાય છે, અને, વીરમતી અને જાલે ઘડેલી

યોજના પ્રમાણે માલવદેવની ગેરહાજરીમાં તેઓ [illegible]ાંના સૈન્યને મેળવી લઇ ચિતોડ સર કરી લે છે, અને, પરિણામે હમીરસિ[illegible] ચિતોડ તથા મેવાડ પાછાં પ્રાપ્ત કરે છે, તથા બાદશાહ મહમ્મદ ન[illegible] કેદ કરી દંડ લઈ છોડે છે: એ ઐતિહાસિક વૃત્તાન્તથી નાટકની સ[illegible] છે, અને, એ વૃત્તાન્તના વિસ્તારી પ્રસંગોમાં પૂર્વોક્ત પાત્રોનાં વિવ[illegible] પ્રકટ કરવાના પ્રસંગ પ્રો. સ્વામિનારાયણે કલ્પ્યા છે.

આ રીતે, મેવાડની સ્વતંત્રતાની પુનઃસ્થાપનાનોં ઇતિહાસ નાટકના આકારમાં મુકતાં પ્રો. સ્વામિનારાયણે પ્રોત્સાહક અને રુચિકર પ્રસંગો ઉદ્‌ભૂત કર્યા છે અને ગુણવાળો ગ્રન્થ રચ્યો છે. ગુજરાતમાં હાલ ભજવાતાં નાટકોમાં રંગભૂમિ ઉપર પ્રયોગ, સંભાષણ, સંગીત, યુદ્ધ વગેરેની જે પદ્ધતિ પ્રવર્તમાન છે તે તેમણે કાયમ રાખી છે, અને, તેમાં પોતાની શિષ્ટ ભાષા દાખલ કરી છે. પ્રવર્તમાન નાટકોમાં જે હલકી ઠઠ્ઠાબાજી અને અયોગ્ય કામદર્શનના પ્રસંગો લાવવામાં આવે છે તે તેમણે દૂર કર્યા છે. આ રીતે, રંગભૂમિની હાલની પદ્ધતિને ઉંચે પગથીએ ચઢાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તે સફલતા પામે એવી આશા ગુજરાતી સાહિત્યના સર્વ શુભેચ્છકોને થશે. હાલની પદ્ધતિ સર્વથા બદલાવાને કાંઇ લાંબા કાળની જરૂર છે, તોપણ, એ પદ્ધતિ છે તેવી રહે ત્યાં સુધીમાં તેમાં કાંઇક શિષ્ટતાનો સંચાર થાય એ બેલાશક લાભકારક છે.

નાટકમાં કવિતા કે સંગીતના પ્રસંગ ન હોય ત્યારે સંભાષણની ભાષા કેવી હોવી જોઇએ એ મહત્ત્વનો પ્રશ્ન છે. સંસ્કૃત નાટકોમાં એવે ઠેકાણે ગદ્ય ભાષા વાપરેલી છે, અને, પાત્રોના સંસ્કારને અનુરૂપ તેમની ગદ્ય ભાષાની શૈલી હોય છે. શેક્સપિયરનાં નાટકોમાં પદ્ય સાથે ગદ્ય વાપરેલું છે, પણ, બધાં નાટકોમાં પદ્ય અને ગદ્યનું પ્રમાણ એકસરખું નથી, તોપણ સાધારણ સંભાષણ ગદ્યમાં હોવું જોઇએ એ નિયમ માન્ય રાખેલો છે. હાલના ઇંગ્રેજી નાટકકારોમાં આ વિશે મતભેદ છે. કેટલાકનો મત એવો છે કે કવિત્વનો ભાવ ન હોય એવા સાધારણ પ્રસંગમાં ગદ્ય જ વાપરવું જોઇએ. કેટલાકનો મત એવો છે કે આખું નાટક તે કાવ્ય છે માટે તેમાં સર્વત્ર પદ્યરચના જ હોવી જોઇએ. ઇંગ્રેજી ભાષા જેવા સ્વરભાર (accents) ગુજરાતીમાં નથી, અને તેથી, સ્વરભારને આધારે બનતી છન્દની રચના ગુજરાતીમાં થઈ શકતી નથી. સ્વરભારથી રચાતા છંદમાં પ્રાસ (rhyme) ન હોય ત્યારે પદ્ય-

રચના છંદશૈલી ર… શકે છે, અને, સાધારણ સંભાષણમાં ગુંજન આણવું પડતું નથી. …, એવી સ્વરભારની રચના શક્ય ન હોય ત્યાં આખું નાટક પ… ી શકાતું નથી. સાધારણ સંભાષણ અક્ષરમેળ અથવા માત્રા… ામાં કે સંગીતમાં હોય તો ગુંજન કે ગાયનને લીધે કેવળ … વત, અને વળી, વધતી ઓછી ગાઢતાના ભાવ તથા આવેશનું વૈવિધ્ય આવી શકે નહિં. તેથી, ગુજરાતીમાં સંસ્કૃત નાટકોની પદ્ધતિ જ ગ્રહણ કરી શકાય છે. પ્રો. સ્વામિનારાયણે આ પદ્ધતિ સ્વીકારી છે, પણ, તે સાથે ગદ્યમાં

'છાતી કાઢી સામો આવે તેને યમપુરીમાં પહોંચાડવા આ સમશેર પાણીદાર છે, પણ જે બીકણ બની દિવસે પાહાડમાં સંતાઇ રહે અને રાત્રે ઓચિંતો હલ્લો કરે તેની શી દરકાર છે? બાપડો અજયસિંહ ભુખે તરસે રીબાઈ કુટાઇ બહારવટિયાના બુરે મોતે મરનાર છે, કાયદેસર સ્થપાયેલી સત્તા સામે માથું ઉંચકવાથી તેનું શું વળનાર છે?'

એવી યમકબદ્ધ રચના વાપરી છે. સંભાષણમાં 'પાણીદાર', 'દરકાર,' 'મરનાર', 'વળનાર', એવા યમક વચ્ચે વચ્ચે આવે તેથી કલ્પનાના પ્રદેશનો કાંઇક ભાસ થાય છે ખરો, પરંતુ, તે સાથે કૃત્રિમતાનો પણ અંશ દાખલ થાય છે એ લક્ષમાં લેવાનું છે. હાલ ભજવાતાં નાટકોમાં આ શૈલી વપરાય છે તે પ્રો. સ્વામિનારાયણે કાયમ રાખી છે. સાધારણ સંભાષણમાં આવી શૈલી વપરાતી નથી તેથી ખાસ આવેશનો અવસર હોય ત્યાં જ એકાદ યમક વાપર્યાથી ઔચિત્ય જળવાય છે.

પ્રો. સ્વામિનારાયણની આ કૃતિ ગુજરાતી ભાષાના વાચક વર્ગ તરફથી યોગ્ય આદર પામશે એમાં શક નથી.

અમદાવાદ,

તા. ૬ ઠ્ઠી જુન ૧૯૧૫.

રમણભાઈ મહીપતરામ નીલકંઠ.

મહારાણા હમ્મીરસિંહ.

(ત્રિઅંકી નાટક)

લેખકઃ—**પ્રોફેસર જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ, એમ, એ.**

પુરૂષ પાત્રો.

હમ્મીરસિંહ—મહારાણા લક્ષ્મણસિંહના પાટવી કુંવર અરિસિંહનો પુત્ર.

અજયસિંહ—અરિસિંહના નાના ભાઇ અને હમ્મીરના કાકા.

સજ્જનસિંહ— } અજયસિંહના પુત્રો.
અજીમસિંહ— }

માલવદેવ—અલ્લાઉદ્દીને નીમેલો મેવાડનો સુબેદાર.

મુંજબલેચા—પોસેલીઓ નામક પર્વત દુર્ગનો અધિપતિ, માલવદેવનો મદદગાર.

હરિસિંહ—માલવદેવનો પુત્ર અને હમ્મીરનો પ્રતિસ્પર્ધી.

વનવીર—માલવદેવનો પુત્ર અને હમ્મીરનો હિતૈષી.

કપૂરચંદ—માલવદેવનો કારભારી.

જાલ—કપૂરચંદનો પુત્ર, સત્યાગ્રહી હમ્મીર ગુણાનુરાગી યુવક અને મૃણાલિનીનો ભાવી પતિ.

સૌભાગ્યચંદ—મૃણાલિનીના પિતા.

સ્વરૂપચંદ—એક વૃદ્ધ પૈસાદાર વણિક્ ગૃહસ્થ.

ટેકચંદ } વણિક્ જ્ઞાતિના મહાજનો.
પાનાચંદ }

મયાશંકર—ગોર, પુરોહિત.

મહમદ તઘલખ (ગાંડો)— દીલ્હીનો બાદશાહ.

સ્ત્રી પાત્રો.

વસુમતી—હમ્મીરની માતા.

વીરમતી—હમ્મીરની પત્ની, માલવદેવની પુત્રી.

મૃણાલિની—સૌભાગ્યચંદની પુત્રી, વીરમતીની સખી અને જાલની ભાવિ પત્ની.

કુટિલા—મૃણાલિનીની માતા, સૌભાગ્યચંદની સ્વાર્થી સ્ત્રી.

રોહિણી—માલવદેવની સ્ત્રી અને વીરમતીની માતા.

(દરબારીઓ, વારાંગનાઓ, સિપાઇઓ, સૈનિકો, વિગેરે, વિગેરે.)

સ્થળ—મેવાડના પ્રદેશમાં ચિત્તોડ, કેલવાડા, પાહાડી મુલક વગેરે.

મંગલાચરણ.

સૂત્રધાર અને બાળાઓ.—

ગાયન ૧ લું

દશરથ નન્દન, ભવભય ભંજન
વિપત્તિ વિમોચન, સુખશાન્તિ વર્ધન,
જય કમલાનન, કમલા જીવન.—દશ૦

અજરામર સચરાચર સ્વામી,
ઘટ ઘટ વ્યાપક અન્તર્યામી,
વિશ્વાધીશ વિહગપતિ ગામી,
વંદુ પ્રભો ચરણે શીશ નામી,
જય કરૂણાધન, દશ મુખ ખણ્ડન.— દશ૦

સમુજ્જ્વલ રાઘવ કુલ ભૂષણ,
મહાવીર હમીર ગુણ કીર્તન;
કરી શકું યદિ રાજીવ લોચન,
પ્રેમે કરો હૃદયે રસ સિંચન,
જય પ્રિય સજ્જન, અસુર નિકન્દન.— દશ૦

સૂત્રધાર—આર્ય બાળાઓ ! વિભાકર વંશ વિભૂષણ, મેવાડ મુકુટ-મણિ મહારાણા હમ્મીરસિંહનો નાટ્ય પ્રયોગ જોવા સાક્ષર સમાજ ઉત્સુક છે.

૧ લી બાળા—મહારાણા હમ્મીરસિંહ તે કોણ ?

સૂત્રધાર—તેજ રણધીર પ્રચણ્ડ શરીર ક્ષત્રિય ચૂડામણિ મહાવીર હમ્મીર, જેનાં જાજવલ્યમાન પરાક્રમોએ ભસ્મીભૂત ચિત્તોડને પણ નવપલ્લવ વાડી બનાવી અને યવન પાદાક્રાન્ત મેવાડને પુનઃ સ્વતંત્રતા સુધારસ ચખાડયો.

૨ જી બાળા—વાહ ! ત્યારે તો સાથે સાથે વીરાંગના હમ્મીર માતા વસુમતીના વાત્સલ્ય ભાવનું ચિત્તાકર્ષક પ્રદર્શન રજુ થશે.

૩ જી બાળા—વળી વિસરી ક્યાં જાઓ છો ? સતી શિરોમણિ હમ્મીર પત્ની વીરમતીનું પતિ પરાયણ જવલંત ચારિત્ર્ય પ્રેક્ષકોને અંજાવી નાંખશે.

૪ થી બાળા—દૃઢ મનોબલથી કાર્ય સિદ્ધિ અવશ્ય થાય છે, એવી ઉચ્ચ ભાવનાનો સર્વત્ર પ્રસાર થશે.

સૂત્રધાર—ધન્ય છે તે ધીરવીર હમ્મીરને કે જેના નામ સ્મરણથી તમારામાં આટલો ઉત્સાહ ઉભરાઇ જાય છે.

૧ લી બાળા—કેવળ હતભાગી છે તે કે જેને મહાપુરુષોનાં ઉચ્ચ ચારિત્ર્યો જોવાં, ને સાંભળવાં ન ગમે.

૨ જી બાળા—વ્યર્થ છે જીવતર તેનું કે જેનાં નયનો શૂર સુભ-ટોનાં પ્રતિભાશાલી ચિત્રો જોવા ન તલસે.

૩ જી બાળા—કરી તેણે શી કમાણી કે જેણે તેજસ્વી પુરૂષોનાં ગુણગાન કરવાની મોજ ન માણી ?

૪ થી બાળા—હજારો ધન્યવાદ છે તેને કે જેના હૃદયમાં વીર ભક્તિનો અખુટ ઝરો આબાદ છે.

સૂત્રધાર—અતિ પ્રસન્ન થયો છું તમારી વીર ભક્તિથી. તમારા હૃદય કમલમાં ઉછળતી ઉત્સાહ સરિતાના તેજોમય ઉદ્ગારો આ પરિ-ષદ્‌ને સંભળાવો.

ગાયન ૨ જું.

આર્યબાળાઓ—

ક્ષાત્રિય ભૂપ કેરી કીર્તિ, દઢ પ્રેમે ગાઇએ,
શુભ્ર ગુણ કીર્તનથી જેના, દુઃખો વામીએ: ક્ષત્રિય૦
બાળ વયે પ્રતિભા દર્શાવી, શત્રુ અંજાવ્યા,
પ્રૌઢ પરાક્રમૃ શક્તિવાળા, તોએ ના ફાવ્યા:
દુશ્મન દળને ભેદી, વિજય ગીતો ગવડાવ્યાં,
વીર પર વારી જાઇએ (૨)—દઢ૦ ક્ષત્રિય૦
પરાધીન મેવાડ મહીને, અમૂલ્ય અનેરી,
જીવસટ્ટે અર્પણ કરી જેણે મુક્તિ મોંઘેરી;
ભક્તિ કરીને તેજ કેસરિ, રાજેશ્વર કેરી,
સુધારસ મીઠો ચાખીએ (૨)—દઢ૦ ક્ષત્રિય૦

પ્રવેશ ૧ લો.

સ્થળ—કેલવાડામાં હમ્મીરનું માતુલ ગૃહ.

ગાયન ૩ જું.

વસુમતી—

નહીં સમજાએ શાથી, તુટે ધીરજ સાથી,
વાધે શોક સંતાપ, મલિન વિચાર માલા;
હૈયે બળતી જ્વાલા, આપે આધિ અમાપ— નહિ૦
જડતા શરીરે પ્રસરે છે, વામેતર[1] આક્ષિ સ્ફુરે છે,
કૃશતા ગતિભંગ કરે છે, માનસ બલ શીઘ્ર હરે છે;
રઘુપતિ દીન દાસી, અતિશે બની ઉદાસી કાપો સંકટ આપ—નહિ૦
મુંઝાયે ઝંખી, કાયા ગૃહ પંખી એની,
ભાગ્ય તરણિ અસ્ત થાશે, આશા કળી કરમાશે,
અમંગલ પાસે ભાસે; પ્રકટયાં પ્રાક્તન[2] તાપ— નહિ૦

---

૧ જમણી. ૨ પહેલાનાં.

સખીઓ—

વીરસૂમાજી, દુર્બલતા ત્યાજી દેવી,
અંતરમાં હામ ધારો, વધુ નહીં કલેશ સારો
ત્રિવિધિ તાપ ટાળો, મુરારિ મંત્ર જાપ— નહિં૦

૧ લી સખી—(વસુમતીનાં આંસુ લુંછી નાખતી) માતાજી! શાન્ત થાઓ, વિલાપ ન કરો, ગભરાટના ગાઢ આવેશમાં સપડાઓ નહીં. વીરપ્રસવિની આર્ય માતાને આવી ભીરૂતા ન શોભે.

૨ જી સખી—માતાજી! આમ અચાનક શોકાવેગમાં તણાઓ નહીં. ધીરજ ધરો, નીડર બનો, જાતે મુંઝાઓ નહીં અને બીજાને મુંઝાવા દ્યો નહીં.

વસુમતી—બે'નો! આ અસાધારણ વિહ્વલતા શાથી ઉદ્ભવી છે, તે નથી સમજાતું. કેવળ નિશ્ચેષ્ટ બની છું. માનસબલ ગુમાવી બેઠી છું, જડતાના આવિર્ભાવથી બેભાન થઈ છું.

૧ લી સખી—માતા! શૂરક્ષત્રિયા છો, વીરબાળા છો. ચિન્તા ચિતા સમાન છે, તેને વશ થનાર બીકણ નાદાન છે.

૨ જી સખી—ચિન્તાને દાબી કર્તવ્ય પંથે વહન કરનાર સાચા સુભટોજ ક્ષત્રિય કુલના શ્રૃંગાર છે, ભારત ભૂમિના અમૂલ્ય અલંકાર છે. તેથી માતાજી! શોકને પરહરો, ઉત્સાહને સંઘરો.

વસુમતી—બે'નો! નિરર્થક અશ્રુપાતમાં લાભ નથી તે સારી પેઠે સમજું છું, પણ પાશવ વૃત્તિના પુજારી, નીચ, નૃશંસ, નરાધમ અલ્લાઉદીને સતી પદ્મિની દેવીની માગણી કરી ચિત્તોડ ઉપર આક્રમણ કર્યું છે, ત્યારથી હૃદય પટપર ઉદ્વેગ ઉભરાય છે, અન્તઃકરણમાં શોક ઘનાન્ધકાર પથરાય છે, દક્ષિણ નયન સ્ફુરે છે, જમણું અંગ ફરકે છે; અશુભ શકુન થાય છે, ધીરજ દૂર જાય છે; શરીર બે ભાન બને છે, ગાત્રસ્તંભ ચંચલતા હણે છે.

૧ લી સખી—માતાજી! જડતાને જડ જમાવા દ્યો નહીં. અરિમૃગોને ક્ષણમાં રોળી નાંખનાર, રાજકુમાર અરિસિંહનાં ધર્મ પત્ની છો. ખાત્રીપૂર્વક માનો કે ચિત્તોડના મહારાણા લક્ષ્મણસિંહ અને તેમના બહાદુર કુમારોના હાથે વિષયાન્ધ દુશ્મનોનો સંહાર થશે, તેમની ક્ષુદ્ર લાલસાઓ માટીમાં મળી જશે.

૨ જી સખી—સતીપદ્મિની દેવીની રક્ષા માટે, સત્યશીલ ને ન્યાયના બચાવ માટે, લોહી રેડનાર રાજપુત સૈન્ય કામાન્ધ નિમકહરામ બાદશાહ માટે ઘોર નરકનો દ્વાર ખુલ્લો કરશે, તેનાં જાલીમ પાપોનું પુરૂં પ્રાયશ્ચિત્ત આપશે.

વસુમતી—ત્યારેજ મારા બળતા હૈયાને શાન્તિ મળશે.

(**હમ્મીર, અજયસિંહ, અને સજ્જનસિંહ પ્રવેશ કરે છે.**)

હમ્મીર—માતાજી ! ચિત્તોડથી કાકા અજયસિંહ પધાર્યા છે, અને સાથે સજ્જનસિંહ પણ આવ્યા છે.

વસુમતી—પધારો દેવરજી. અમારી નાનકડી પર્ણકુટીને પાવન કરો. બેટા સજ્જનસિંહ, તને જોઈ મારી આંખ ઠરે છે.

અજયસિંહ—પરમ પૂજ્ય માતા સમાન ભાભીજી ! વીરોચિત સદ્ગતિને પામનાર ચિતોડના રાજપુતોમાંથી રાણાવંશની રક્ષામાટે જીવતા રહેવાની સજા પામનાર કુમાર અજયસિંહના પ્રણામ સ્વીકારો.

સજ્જનસિંહ—માતાજી ! તમારા ચરણકમલમાં આ સજ્જનસિંહ શિર નમાવે છે.

વસુમતી—અજયસિંહ, ! આપના વચનોથી વ્હેમ વધે છે. સ્પષ્ટ કહો, મહારાણા લક્ષ્મણસિંહ, કાકાજી ભીમસિંહ, પદ્મિની દેવી અને મારા હૈયાના હાર અને સૌભાગ્યના ભંડાર કુમાર અરિસિંહનું શું થયું ?

અજયસિંહ—દેવી વસુમતી ! શું કહું ? કહેતાં હૃદય કમ્પે છે, કાયા ધ્રુજે છે. ટુંકામાં

સ્રગ્ધરા વૃત્ત.

દુર્ગાધિષ્ઠાત્રી જેને રજપુત સુભટો, ભાવ સાથે ભજે છે,
મેવાડાધિપતિને, વીર રૂધિર ભુખી, સ્વપ્નમાં દર્શ દે છે:
"જો માગો દીર્ઘ મારો, ભરત ધરણીના ચિત્ત દુર્ગે નિવાસ,
તો હોમો યુદ્ધયજ્ઞે નૃપતિ કુલતણા બાર પુત્રોજ ખાસ."

વસુમતી—પછી શું થયું ?

અજયસિંહ—બીજું શું ? મહારાણાના અત્યાગ્રહથી ક્ષાત્ર ધર્મ અદા કરવાના અપૂર્વ માંગલિક પ્રસંગનો લાભ મને ન મલ્યો, નિરાશ થયો, રાણાવંશની રક્ષા માટે સજ્જનસિંહ સાથે કેલવાડા આવ્યો.

વસુમતી-બીજા અવશિષ્ટ ક્ષત્રિયો અને ક્ષત્રિયાણીઓની શી ગતિ થઇ?

અજયસિંહ—પૂજ્ય મહારાણા અને મારા અગિયારે બન્ધુઓએ રણયજ્ઞમાં હજારો દુશ્મનોને તીક્ષ્ણ તલવારનો તીખો સ્વાદ ચખાડ્યો, સમરાંગણની અધિષ્ઠાત્રી ભુખી ભવાનીને પ્રાણબલિનો ભોગ આપ્યો. બસ,

द्वाविमौ पुरुषौ लोके सूर्यमण्डलभेदिनौ ।
परिव्राड् योग युक्तश्च रणे चाभिमुखो हतः ॥

સઘળા ક્ષત્રિયો સામા ઘાએ લડયા, સૂર્ય મણ્ડલ ભેદી સ્વર્ગમાં ગયા. ક્ષત્રિય વીરાંગનાઓ શ્રીમતી પદ્મિની દેવી સાથે સતી થઇ, પુણ્ય પવિત્ર અગ્નિદેવને દેહની આહુતિ આપી, પતિ પ્રભુની સેવા કરવા ઇન્દ્ર લોકમાં ગઇ, પાપાત્મા અલ્લાઉદ્દીનને માટે નિર્જીવ રાખ મુકતી ગઇ.

વસુમતી—હા! શું આમ અચાનક મારા સૌભાગ્ય સૂર્યનો અસ્ત થયો, ટગમગતો આશા દીપક બુઝાઇ ગયો? (મૂર્છા ખાય છે.)

અજયસિંહ—સાવધાન થાઓ, ખેદ કરો નહીં, ઇશ્વરેચ્છા બલવાન્ છે, તેની આગળ પામર પ્રાણિઓ પરવાન્ છે.

સજ્જનસિંહ—માતા! ધીરજ ધરો, જાગૃત થાઓ.

અજયસિંહ—દેવી વસુમતી! આમ બાવરા બન્યે કાંઇ વળવાનું નથી, આપણું શ્રેય થવાનું નથી.

(સખીઓ પવન નાંખી વસુમતીને સચેત કરે છે.)

વસુમતી—હા! વીર અરિસિંહ, મને એકલી મુકી કયાં ચાલ્યા ગયા? મારી દુર્દશા કરી કયાં સંતાઇ ગયા? એટલોજ સંતોષ છે કે તમે એક સાચા શૂરા ક્ષત્રિય માફક ધર્મ યુદ્ધમાં પ્રાણ પરિત્યાગ કર્યો છે. તમે સ્વર્ગમાં મારી રાહ જોતા હશો. અજયસિંહજી! બેટા હમીર! તમે મને રજા આપો, વિલમ્બ ના કરો, મને જલદી સતી થવા દ્યો, મારા પ્યારા પ્રીતમ પાસે જવા દ્યો.

અજયસિંહ—દેવી! સાહસ ન કરો, ચિતોડનો પુનરૂદ્ધાર કરવાની મહાન્ ફરજ તમારે શીર છે, મેવાડની અમૂલ્ય મહીને મુક્ત કરનાર તમારો યશસ્વી કુમાર મહાવીર હમ્મીર છે.

હમ્મીર—માતાજી! જ્યારથી પૂજ્ય પિતાના અને પિતામહોના દુઃખદ સુણ્યા છે સમાચાર, ત્યારથી વૈરાગ્નિના ધૂમે ધુંધવાય છે આ

તમારો નાનકડો બાળ, દુષ્ટરિપુ ગજોને દણ્ડ દેવા સજ્જ છું કેસરિકુમાર. તેથી વીરમાતા! દયાધરો અને અમારો પરિત્યાગ ન કરો.

વસુમતી—વ્હાલા હમ્મીર! તારાં શૌર્યપૂર્ણ વચનોથી સતી થવાનો વિચાર શિથિલ થાય છે, મેવાડનો પુનરૂદ્ધાર કરવાના પવીત્ર કાર્યમાં મદદગાર થવાની ઇચ્છા દઢીભૂત થાય છે.

હમીર— પૂજ્ય કાકા અજયસિંહ, વડીલ બન્ધુ સજ્જનસિંહ, પ્રિય માતા વસુમતી! હું આપ સઘળા સમક્ષ સૂર્યદેવને સાક્ષી રાખી ભીષ્મ પ્રતિજ્ઞા લઉં છું કે મારા દેદીપ્યમાન દિવ્ય અસિની સહાયથી દુસ્મનના દળને પળમાં વિદારીશ, મેવાડ મહીને મુક્ત કરીશ. ચિતોડ દુર્ગ પાસે કેસરિયાં કરનાર બહાદુર ક્ષત્રિયો અને ચિતારોહણ કરનાર સતી ક્ષત્રિયાણીઓનું રૂધિર વૈરનો પોકાર કરે છે, ક્રોધની જ્વાલા નસેનસમાં સળગાવે છે. બસ વધુ કહેવાની જરૂર નથી. સાચા શૌર્ય આગળ કાર્ય સિદ્ધિ દૂર નથી. માતાજી! આપના ચરણમાં શીશ નમાવું છું, આશીર્વચન માગું છું.

વસુમતી— ધન્ય છે, વ્હાલા હમીર, ધન્ય છે તારા નિશ્ચયને. જોકે સૌભાગ્ય સૂર્યનો અસ્ત થતાં થઇ છું નિરાશ, તોપણ તારા વચનો પર આવે છે વિશ્વાસ. બસ, હવે, હું ઇશ્વર ધ્યાનમાં નિમગ્ન રહીશ, યોગાભ્યાસથી અપૂર્વ શક્તિ પ્રાપ્ત કરીશ, સર્વદા તારા વિજયનું ચિંતવન કરીશ.

અજયસિંહજી! હું મારો હમીર તમને સોંપું છું. સજ્જનસિંહ ને હમીરમાં અંતર ગણશો નહિ.

અજયસિંહ— પરમ પૂજ્ય દેવી વસુમતી! પ્રાણોત્સર્ગ કરતી વખત મહારાણા લક્ષ્મણસિંહે આપના બાળ હમીરને યાદ કરી તેની ભાવિ કીર્તિનું સૂચન કર્યું છે. અમારી સઘળી આશાઓનું બીજ હમીર છે, તેજ અમારા નયનનું નીર છે, હૈયાનું હીર છે. તેને હું પ્રાણ પેઠે જાળવીશ, રણધીર બનાવીશ.

વસુમતી—અજયસિંહજી! તમારાં વચનોથી પ્રસન્ન થઇ છું. સંસારની મોહ માયા છોડતી વખત હું તમને મેવાડ મુક્તિનું મોટું કાર્ય સોંપું છું, સાથે અન્તઃકરણના આશીર્વાદ આપું છું. પરમાત્મા સહાય કરો, રણમાં સદા વિજય લક્ષ્મીને વરો. (હમીરાદિ સઘળાને આશીર્વાદ આપતી)

ગાયન ૪ થું.

શાર્દૂલ વિક્રીડીતવૃત્ત

ગોત્રાધીશ્વર વિશ્વ ચક્ષુ સવિતા, રક્ષા તમારી કરો;
વૈદેહી પતિ રામ નામ સ્મરતાં, નિઃશેષ વિઘ્નો ટળો:
બાપા રાવલ પ્રેમ શૌર્ય રસનો, સ્વર્ગીય સિંચો ઝરો;
યુદ્ધે શંકર એકલિંગ સબળા, શત્રુ ગણો સંહરો. .

(ટેબ્લો.)

પ્રવેશ ૨ જો

સ્થળ—ચિતોડમાં સૌભાગ્યચંદનું ઘર.

કુટિલા—(સ્વગત) આટલા દહાડા સ્વરૂપચંદને આશામાં ને આશામાં ઝુલાવ્યો અને રમકડા પેઠે હાથમાં રમાડ્યો. મોહ પાશમાં બાંધી ફાવે તેટલું દ્રવ્ય તેની પાસેથી હરી લીધું, પણ હજુ સુધી તેને ગોદું ન દીધું. પણ હવે ખોટા દાવ પેચ ક્યાંસુધી ચાલશે? મૃણાલિનીનું લગ્ન નહિ કરીએ તો ફજેતી થશે. મયાશંકર ગોર કાલે આવી ધમકી આપી ગયા છે કે મૃણાલિનીનું લગ્ન તાબડતોબ કર્યો, નહીંતો સ્વરૂપચંદ શેઠ ન્યાતમાં ફરિયાદ નોંધાવશે અને જોયા જેવું થશે. ચાલ, ત્યારે, એમને સમજાવી મૃણાલિનીના લગ્નની ઉતાવળ કરાવું. (નેપથ્ય તરફ નજર કરી) સાંભળોછો કે, મૃણાલિનીના બાપા, સાંભળોછો કે?

સૌભાગ્યચંદ—(પ્રવેશ કરી) પ્રિયા કુટિલા! કેમ બોલાવ્યો?

કુટિલા—તમે તો કુમ્ભકર્ણની માફક ઉંઘ્યા કરો છો. મૃણાલિનીના લગ્ન માટે અગસ્ત્ય ઋષિના વાયદા વધુ વખત નહીં નભે. જ્યારથી સ્વરૂપચંદ શેઠની ધીરજ ખુટી ગઇ છે, ત્યારથી આપણી ફોસલાવવાની પદ્ધતિ પણ નિષ્ફલ થઇ છે. આપણી મૃણાલિની પણ હવે મોટી થઈ છે, તેથી વિલમ્બ પરહરો, લગ્નની તૈયારી ત્વરાથી કરો.

સૌભાગ્યચંદ—પ્રિયા! બુદ્ધિનો જરા ઉપયોગ કરશો તો નકામી ઉતાવળમાં લાભ નથી તે સમજી શકશો. એ તો કુંવારા ત્યાંસુધી સુંવાળા. જ્યાંસુધી લગ્ન થયું નથી, ત્યાંસુધી સ્વરૂપચંદ આપણા કબજામાં છે. વળી

હમણાં મૃણાલિનીનો વિદ્યાભ્યાસ ચાલે છે, તે વખતે તેને ગૃહસ્થાશ્રમની ધુંસરીમાં જોડવી મને અનુચિત લાગે છે.

કુટિલા— પણ સ્વરૂપચંદ શેઠ ન્યાત આગળ ફરિયાદ કરવાની ધમકી આપે છે, અસાધારણ ભયને મારા હૃદયમાં સ્થાપે છે. તેથી આપણે બેદરકાર રહીશું તો આપણી ગુપ્ત ચેષ્ટાઓ જ્ઞાતિમાં ખુલ્લી થશે, આપણી અપકીર્તિનું તોરણ ઘેરે ઘેર બંધાશે.

મૃણાલિની— (સ્વગત) આજે મારી બા આટલા જુસ્સાથી પિતાજીની સાથે શા માટે રકઝક કરે છે ? ચાલ, જરા ગુપચુપ સંતાઇને સાંભળું તો ખરી. (ખુણામાં સંતાઇ સાંભળે છે.)

કુટિલા—કેમ્ ચુપ થઇ ગયા ? કેમ્ જવાબ આપતા નથી ? હમણાં આપણે મૃણાલિનીને પરણાવીએ તો શી હરકત છે, ભોળા બિચારા સ્વરૂપચંદ શેઠને વધુ વખત ટીંગળાવવામાં શી બરકત છે ?

મૃણાલિની— (સ્વગત) વાહ, “ મૃણાલિનીને પરણાવીએ તો શી હરકત છે, સ્વરૂપચંદ શેઠને ટીંગળાવવામાં શી બરકત છે ? ” શું મારી માયાળુ માતા ઘરડા ધ્રુવડ જેવા સ્વરૂપચંદ સાથે મને પરણાવી દેવાની પેરવી કરે છે? મારા જીવનમાં હલાહલ ઝેર રેડવાનો પ્રયત્ન આદરે છે? ધડકતા હૃદય ! શાન્ત થા, ગભરાતા અન્તઃકરણ ! નિર્ભય થા. મુંઝાતા મન ! માનસ બલ ગુમાવીશ નહીં, અધીરૂં થઇશ નહીં. સહનશીલ શ્રવણો ! આથી પણ વધારે ભયાનક વૃત્તાન્ત સાંભળવા મજબુત થાઓ.

સૌભાગ્યચંદ—પ્રિયા ! તારૂં કહેવું અક્ષરશઃ સત્ય છે. પણ આટલા દહાડા કહાડી નાંખ્યા, તેમ થોડા દહાડા વાતને આગળ ઠેલીએ.

કુટિલા— હવે હદ થઇ છે, સ્વરૂપચંદની ધીરજ પણ પુરી થઇ છે. દશ વર્ષ ઉપર પચીશ હજાર રૂપીઆ ગળ્યા મધ જેવા નહતા લાગ્યા ? જમાઇની ભલમનસાઇનો આપણે પુરેપુરો લાભ લીધો છે, તેથી વિલમ્બ કર્યા વિના મૃણાલિનીને પરણાવી દેવી એજ માર્ગ સીધો છે.

મૃણાલિની— (સ્વગત) હા ! હરિ. આ અભાગી કાયાની કિંમત નિર્દય માબાપોએ દશ દશ વર્ષથી ઘડી લીધી છે, પોતાના સ્વાર્થ ખાતર હડહડતી અનીતિ કરેલી છે. ભોળી બાળા, તને પાળી પોષી મોટી કરનાર માબાપજ તને છુંદી નાંખવા ઇંતેજાર છે, તારા હાડ માંસના પૈસા ઉપ-

જાળવવા તૈયાર છે, આવી શોકજનક પરિસ્થિતિમાં તારો બેલી જગદાધાર ગોપાલ છે.

કુટિલા— કેમ્ આજે બીલકુલ મુંગા થઈ ગયા ? કાલેજ મયાશંકર ગોર મલ્યા હતા અને કહેતા હતા કે, " સ્વરૂપચંદ શેઠ અધીરા થયા છે, તેથી જલદી નિકાલ નહીં કરો તો ન્યાત આગળ ફરિયાદ કર્યા વિના નહીં રહે. " ન્યાત આગળ વાત ગઇ, તો આપણી ફજેતીનો ચંદરવો ચારે તરફ બંધાશે, કુલડીમાં ગોળ ભાગી કરેલું કન્યા વિક્રયનું કાળું કામ ઘેરેઘેર ચર્ચાશે.

સૌભાગ્યચંદ— ઠીક, ત્યારે તારી મરજી મુજબ મૃણાલિનીના લગ્નની જલદી વ્યવસ્થા કરીએ.

મૃણાલિની— (સ્વગત) કુટિલાના કટુ કર્કશ વચનોને પિતાજી શરણ થયા, આ મન્દભાગ્ય મૃણાલિનીના મનસુબા મનમાંજ સમાઇ રહ્યા. માતાની મુખમુદ્રા ક્રૂર કઠોર દેખાય છે, તેના દિલમાં દયાનો સંચાર થવો આકાશ કુસુમવત્ અશક્ય જણાય છે. પણ અણવિશ્વાસુ અંતઃકરણ ! પિતાજીનું વદનકમલ મૃદુતા કોમલતા ને વત્સલતાનાં ચિન્હ સ્પષ્ટ બતાવે છે. આનાકાની સાથે હા કહેતું તેમનું હૈયું કુટિલ કર્મ પ્રત્યેનો તિરસ્કાર સિદ્ધ કરે છે. ભયંકર અત્યાચારનો ભોગ થનારી ભોળી મૃણાલિની, શરમને દૂર કર, હિમ્મત ધર, તારા ઉપર ઝઝુમતી આફતને વિખેરી નાંખવા ઉઘાડી પડ. (પ્રત્યક્ષ) પિતાજી, પાળા પોષી મોટી કરેલી આ ગરીબ ગાય ઉપર જાતેજ પાણી મુકવાના નિશ્ચય ઉપર આવશો ? સ્વાર્થની ખાતર નાલાયક પતિ સાથે મારૂં લગ્ન કરી મારા જીવતરની ધુળધાણી તમે પોતેજ કરશો ? ચિતામાં ચરણવાળા જીર્ણ જરઠ સાથે આ ઊછરતી કુસુમ કળીને બાંધશો ? ના,ના, પિતાજી ! તમે મારી વ્હાર કરશો, માતાની અન્યાયી માગણીને નાકબુલ કરી આભારી દીકરીના શાશ્વત આશીર્વાદ મેળવશો.

કુટિલા -(ગુસ્સે થઇ) ઉદ્ધત છોકરી ! તું અહીં ક્યાંથી આવી ? તારા હિતૈષી વડીલોના સામું બોલવાની યુક્તિ તને કોણે સુઝાડી ? હાથે કરી તારા નસીબમાં પુળો મુકવાની કોણે બતાવી ચાવી ?

મૃણાલિની તમેજ મારી માતા, મારી જનેતા મારા નસીબમાં પુળો મુકો છો. તમારો ક્ષુદ્ર દ્રવ્ય લોભ તૃપ્ત કરવા દીન દીકરીનું બલિદાન આપવાનું ક્યાં ચુકો છો ? કન્યાને નાણાં સાટે વેચનાર માબા-

પને લાખો ધિક્કાર છે, છોકરીને પારણામાંજ ભૂપીતી કરનાર રાક્ષસી માવિતરના કરતાં પણ તેમનો વધારે ઘાતકી અનાચાર છે, તેવા નૃશંસ નરાધમો ફક્ત વ્યભિચારને વધારનાર છે.

કુટિલા— નાદાન છોકરી, લક્ષાધિપતિની લાડી થઈ મોજમજા માણીશ તો તું માણીશ. તારા સુખને માટે સારૂં સમૃદ્ધિવાળું ઘર જોઈ રાખ્યું તેને માટે કૃતજ્ઞતા દર્શાવવી તો કોરાણે રહી પણ ઉલટું તું તો નાના મ્હોડે વડીલ વિરૂદ્ધ જેમ આવે તેમ બકવા માંડી.

મૃણાલિની—પ્રેમની પ્યાસી પ્રમદા જડસમૃદ્ધિ સાથે પરણવાનું પસંદ કરશે? નિર્મલ પ્રીતિ રસમાં મગ્ન રહેનાર માંછલી લોભ લાલચના ગંધાતા ખાબોચિયામાં સડવાનું સ્વીકારશે? સાચા સ્નેહ મોતીનો ચારો ચરનાર રાજહંસી સોને મઢેલા કૃષ્ણ કાગડાનો સંગ કરશે? ના, ના, માતાજી! આ અસદુદ્યોગ છોડી દ્યો, ગાય જેવી ગરીબ આત્મજાની આંતરડી ત્રથુને માટે કકળાવી કિરતારનો કારમો કોપ ના વ્હોરી લ્યો.

કુટિલા—ચૂપકર, છોકરી. આ બાબતમાં તારી લવારી નકામી છે, માબાપની મરજીને ચુપચુપ સ્વાધીન થવું તેમાંજ તારી શોભા સમાણી છે. (સૌભાગ્યચંદ પ્રત્યે) તમે છોકરીને મ્હોડે ચઢાવી છે, તેથીજ આજે મારા સામું બોલવામાં તે ફાવી છે.

સૌભાગ્યચંદ—બેટા, મૃણાલિની, તું બાળક છે. જે ગોઠવણ તારાં માબાપોએ કરી હશે, તે તારા લાભ માટેજ હશે. તેથી નકામો ગભરાટ છોડી દે, તારા ભવિષ્યનું સુકાન તારાં પ્રેમી માબાપોને સોંપી દે.

મૃણાલિની—વાહ, મારાં માબાપોનો મારા ઉપર અપૂર્વ પ્રેમ! અજ્ઞાનના આવરણમાં મને આંધળી રાખી દુ:ખદરિયામાં હડસેલી મુકવાની બાજી રચનાર મદારીઓ! તમારા ઉપર વિશ્વાસ કેવી રીતે રાખું? પિતાજી, તમારૂં મુખારવિન્દ સાક્ષી પુરે છે કે તમારો મારા ઉપર સાચો સ્નેહ છે. ફક્ત લોભ ગ્રસ્ત જાલીમ જનનીના અત્યાગ્રહથીજ અનિચ્છાએ આ અઘોર પાતક કરવા પ્રેરાઓ છો. નામે સૌભાગ્યચંદ હોવા છતાં તમારી પોતાનીજ દુહિતાને બુઢ્ઢા બેલ સાથે બાંધી તેને અકાલ વૈધવ્ય આપવા તત્પર થાઓ છો.

(કુટિલા ભવાં ચઢાવે છે, સૌભાગ્યચંદ કાને હાથ દે છે.)

સૌભાગ્યચંદ—બેટા મૃણાલિની! તારી વચન સુધાથી આ જીવન્મૃત સ્વાર્થાન્ધ અધર્મી જનકમાં ધર્મ જીવનો પ્રવેશ થાય છે, પોતાને હાથેજ કરેલી કાળી કરૂણી તરફ ઘૃણા ઉત્પન્ન થાય છે, ગમેતે થાય તોપણ તારી ઇચ્છા વિરૂદ્ધ એકપણ ડગલું નહીં ભરવાનો નિશ્ચય પાકો થાય છે. કુટિલ કુટિલા ! હવે હું તારા હાથમાં રમકડા માફક રમીશ નહીં, મારી કોમળ કન્યાની ઇચ્છા વિરૂદ્ધ તેનું લગ્ન કરી, પાપનો ભારો બાંધીશ નહીં,

કુટિલા—તમે પણ આ બુદ્ધિહીન બાળકીની પેઠે અક્કલને ઘરાણે મુકી ? સ્વરૂપચંદ પાસેથી ગણી લીધેલાં પોળીઆં ક્યાંથી પાછાં આપશો ? ખોટા મમત્વમાં જાતે ખુવાર થશો, સાથે બીજાઓને પણ ખુવાર કરશો.

સૌભાગ્યચંદ— બસ કર, કુટિલા, હવે હું વધુ વખત તારી માયા જાળમાં ફસાઇશ નહીં. જ્યારથી કન્યા વિક્રયના દામ હાથમાં લઇ પાતકી થયા છીયે, ત્યારથી આપણે કયાં સુખે ઠામ ઠરીને બેઠા છીયે ? જે રસ્તે પાપી પૈસો આવ્યો, તેજ રસ્તે લુટાઇ ગયો છે, અને સાથે પાકી મહેનતે કમાયેલા ધનને પણ ઘસડી ગયો છે. હવે મારી આંખ ઉઘડી છે, બસ. આજ ધન્ય દિવસ અને ધન્ય ઘડી છે, જે વખતે મારી વહાલી દુહિતાને સ્વાર્થની ધગધગતી વન્હિ જ્વાલામાં હોમાઇ જતી અટકાવવાની રામબાણ ચાવી જડી છે.

કુટિલા--સ્વરૂપચંદની પાસેથી અવારનવાર પૈસા પડાવી મહામહેનતે ગુજરાન ચલાવો છો, નાહક હેરાન થવા વિપત્તિ વાદળી ક્યાં બોલાવો છો ?

સૌભાગ્યચંદ--ચુપ કર, પાપિણી ! હવે તારો એક પણ વધુ શબ્દ શાંભળીશ નહીં, નિર્દોષ મૃણાલિનીને અન્યાય કરીશ નહીં. મજુરી કરીશ, ભીખ માંગીશ, સ્વરૂપચંદના પૈસા પાછા ભરી દઇશ. બેટા મૃણાલિનિ ! નિશ્ચિંત રહે, તારા પિતાના અંતઃકરણમાં સદ્ધર્મનો આવિર્ભાવ થયો છે, તેના તરફનો ભય સદાને માટે દૂર ગયો છે.

મૃણાલિની--પરમપૂજ્ય પિતાજી, તમે મારા ઉપર અનહદ ઉપકાર કર્યો છે, નિરાશાના અંધકારમાં આશાદીપકનો પ્રકાશ પાડયો છે. પરમકૃપાળુ પરમાત્મા તમારો સન્નિશ્ચય પાર પાડો, વિમળ વત્સલતાનું જ્વલંત ચારિત્ર્ય સમસ્ત દુનીયાને દેખાડો.

(નેપથ્યમાં કોઇ બારણા ખખડાવે છે.)

સૌભાગ્યચંદ—કોણ છે ? બારણા ઉઘાડાં છે, અંદર આવો.

(મયાશંકર અને સ્વરૂપચંદ પ્રવેશ કરે છે.)

મયાશંકર—સૌભાગ્યચંદ, અત્યાર સુધી સ્વરૂપચંદ શેઠ નિરાંતે બેસી રહ્યા છે, અને તમે તેમને આશામાં ને આશામાં રમાડ્યા છે. પણ હવે વિલંબ ના કરો, મૃણાલિનીનાં લગ્ન ત્વરાથી કરો.

સૌભાગ્યચંદ— મારી વહાલી કન્યા મૃણાલિનીની સ્વરૂપચંદ સાથે લગ્ન કરવા મરજી નથી, તેની ઇચ્છા વિરૂદ્ધ નાજુક બાળ ઉપર બળાત્કાર કરવા મારી પણ મરજી નથી.

સ્વરૂપચંદ—વાહ, શેઠીયા, તમેતો ખૂબ કરી વિશ્વાસુને છેતરવાની અજબ યુક્તિ વાપરી. યાદ રાખો કે હું હવે વધુ વખત ભલમનસાઇમાં કુટાઇશ નહીં, પૈસાનું પાણી કરી પાગલની પંક્તિમાં મુકાઇશ નહીં. જરા વિચાર કરો, પોતાને હાથેજ પાયમાલીનું પગથીયું ના ચણો.

સૌભાગ્યચંદ—બસ, ચૂપ રહો. મેં પૂખ્ત વિચાર કરીનેજ કહેવાનું કહી દીધું છે. તમારી ખોટી ધમકીથી હું બીતો નથી, મારો દૃઢ નિશ્ચય ફેરવવાનું કોઇ કારણ જોતો નથી.

સ્વરૂપચંદ—શરમ છે, શરમ છે, વિવાહ કરી વાંકુ બોલનારને હજારો વાર શરમ છે. મયાશંકર, છાતી કહાડી વિશ્વાસઘાત કરનાર આ નાદારને હવે ન્યાતિમાં ઘસડ્યા સિવાય છુટકો નથી, જોઇ લ્યો, શેઠીયા, સ્વરૂપચંદનો સપાટો. ન્યાતિની સત્તા આગળ તું પામર પ્રાણી કચરાઇ જઇશ, બાપાના રૂપીયા પાછા આપતાં હેરાન હેરાન થઇશ.

સૌભાગ્યચંદ—જા, જા, હરામી હેવાન, દૂર થા. તારાથી બને તે કરી લે. સત્યધર્મ ઉપર અડગ નિષ્ઠા રાખનાર સર્વદા નિર્ભય છે, સદાચારને રસ્તે વહન કરનારનો છેવટ વિજય છે.

એકદમ મારૂં ઘર છોડી ચાલ્યો જા, નહીં તો અપમાન સાથે કાનપટ્ટી પકડી હાંકી કહાડીશ,

મયાશંકર—સૌભાગ્યચંદ, તમે ભૂલ કરો છો, અનીતિ આચરો છો.

સ્વરૂપચંદ—મારૂં અપમાન, લક્ષાધિપતિનું અપમાન, જોઇ લે

હવે હું તને મારી શક્તિ બતાવી આપું છું, તારી ઉદ્ધતાઈને જડમૂળથી કાપું છું.

સૌભાગ્યચંદ—ચૂપ કર, નાદાન, બેઇમાન, સેતાન.

ગાયન ૫ મું

જા નાદાન બે ઈમાન, બકે તું શું ભુલી ભાન,
થશે નહીં તો તારૂં ભારે અપમાન.

સ્વરૂપચંદ—

કકળાવે મારો પ્રાણ, મુકી ધરાણે તેં સાન,
જ્ઞાતિ દણ્ડ પામી થશે તું હેરાન.—જા નાદાન૦

સૌભાગ્યચંદ—

જનક તણો તનયા પ્રત્યે જે, વેદ ધર્મ શુભ સાર,
પતિ શોધીલે પ્રમદા પોતે, કરૂં ન વિઘ્ન લગાર.

સ્વરૂપચંદ—

કરી જ્ઞાતિમાં ફર્યાદ, નાંખી રાડ માગું દાદ,
ખોટા શાસ્ત્રના તું ભાખે છે સંવાદ,
ધિક્કાર છે ધિક્કાર, કૃતઘ્નિ તું ભૂમિભાર,
જુઠા એ વચનીને નાખો છે ધિક્કાર—જા નાદાન૦

પ્રવેશ ૩ જો.

સ્થળ—ચિત્તોડના સુબેદાર માલવ દેવની કચેરી.

ગાયન ૬ ઠું.

દરબારીઓ અને વારાંગનાઓ—

જય માલવ દેવ ગુણી નૃપતિ;
ગુણ ગ્રાહી પ્રજા તમને નમતી— જય૦
શશિ શુભકલા તમ સંહરતી,
ઘનરાજિ વિષે વિજળી હસતી;
નીલ પદ્મ સમીપ મરાલ તતિ
કરવાલ કઠોર કરે દીપતી— જય૦

નૃપ પુત્ર નિવાસ પવિત્ર મહી,
યવનાધિપથી અધિકાર ગ્રહી:
પદ વન્દન શંકરનું કરતી,
જન પાલન ક્ષેમ તમારી મતિ— જય૦

માલવદેવ—વ્હાલા પુત્રો હરિસિંહ, વનવીર, કારભારી કપૂરચંદ અને સમસ્ત સભાજનો! દિલ્લીના બાદશાહ અલ્લાઉદ્દીનના આપણે છીએ વફાદાર પક્ષકાર, તેથીજ આપણે થયા છીએ મેવાડ ભૂમિના સંપૂર્ણ સુબેદાર, ચિત્તોડના પ્રાચીન દુર્ગ ઉપર જામી ગયો છે આપણો પુરેપુરો અધિકાર.

હરિસિંહ—પિતાજી! સત્ય કહો છો; તથાપિ જ્યાં સુધી તેજસ્વી તરણિવંશનો એક પણ પુરૂષ વિદ્યમાન છે, ત્યાં સુધી નિશ્ચિંત બેસી રહેવું એ મૂર્ખતાનું મોટું નિશાન છે. જ્યાં સુધી બહાદુર અજયસિંહ પહાડી ગુફાઓમાં સ્વતંત્ર મૃગેન્દ્ર માફક છુટો ઘુમે છે, ત્યાં સુધી શું સુખે નિદ્રા લેવાશે, નિરંકુશ નિર્ભયતાને હૃદયમાં સ્થાન અપાશે?

કપૂરચંદ—મહારાજ! કુમાર હરિસિંહનાં વચન યથાર્થ છે. દુશ્મનને જડમૂળથી ઉખેડી નાંખવા એજ રાજનીતિનો પ્રથમ નિયમ છે, રિપુવૃક્ષના એકપણ ફણગાને ફાલવા દેવો, એમાં પારાવાર જોખમ છે.

માલવદેવ—છાતી કાઢી સામો આવે તેને યમપુરીમાં પહોંચાડવા આ સમશેર પાણીદાર છે, પણ જે બીકણ બની દિવસે પાહાડમાં સંતાઇ રહે અને રાત્રે ઓચિંતો હલ્લો કરે તેની શી દરકાર છે? બાપડો અજયસિંહ ભુખે તરસે રીબાઇકુટાઇ બહારવટીઆના બુરે મોતે મરનાર છે, કાયદેસર સ્થપાયેલી સત્તા સામે માથું ઉચકવાથી તેનું શું વળનાર છે?

હરિસિંહ—પિતાજી! તોપણ રિપુ અને રોગને વધવા દેવામાં ભારે ભુલ છે. ગમે તે ઉપાયે અજયસિંહનો નાશ કરવો જોઇએ, તેની તોફાની વર્તણુક માટે પ્રાણદણ્ડ દેવો જોઇએ.

કપૂરચંદ—મહારાજ! પર્વતના અગમ્ય પ્રદેશમાં મહાલનાર અજયસિંહ સામે દુર્ગેશ મુંજ સહેલાઇથી લડી શકશે, પોસેલિઓના કિલ્લા ઉપર વારંવાર કરેલા હલ્લા માટે ખીજવાયેલો છંછેડાયેલો મુંજ વિકરાળ વ્યાલની પેઠે અજયમૃગનો ઘાત કરશે, મુંજને ઉશ્કેરી ઉન્મત્ત બનાવવાથી રાણાવંશની પળમાં પાયમાલી થશે, મોટા પરિશ્રમ વડે આપણે પ્રાપ્ત કરેલી રાજ્યલક્ષ્મી સુસ્થિર અને નિષ્કણ્ટક થશે.

માલવદેવ—કળાકુશલ કપૂરચંદ કારભારી ! તમારી યોજના સર્વથા સર્વોત્તમ છે. મુંજને પક્ષમાં લેવા માટે ગોઠવી રાખેલો તમારો કેવો કાર્યક્રમ છે ?

કપૂરચંદ—મહારાજ ! દુર્ગેશ મુંજને ગુપ્ત દૂતદ્વારા આપણા દરબારમાં બોલાવ્યા છે. મને ખાત્રી છે કે આજરોજ તેમની પનોતી પધરામણી થવી જોઇએ.

પ્રતીહાર—(પ્રવેશ કરી) પોસેલિઓ દુર્ગના અધિપતિ મુંજ બલેચા પધાર્યા છે.

માલવદેવ—તેમને સન્માન સાથે અંદર લાવો.

(પ્રતીહાર મુંજ બલેચા સાથે પ્રવેશ કરે છે.)

માલવદેવ—પધારો, દુર્ગેશ મુંજ ! ચિત્તોડદુર્ગના દરબાર ભવનને તમારાં પવિત્ર પગલાંથી પાવન કરો.

(માલવદેવ મુંજ બલેચાને પોતાની પાસે એક ભવ્ય આસન ઉપર બેસાડે છે.)

મુંજ—મહારાજ માલવદેવ ! મારા જેવા ગરીબ પ્રાણિનો આવડો ભારે સત્કાર તમારી ખરી ખાનદાનીની ખુબ ખાત્રી આપે છે, તમારૂં કલ્યાણ કરનારી ગમે તેવી પ્રવૃત્તિમાં જોડાવાની ઉત્કટ ઇચ્છાને મારા હૃદયના ઉંડા ભાગમાં સ્થાપે છે.

માલવદેવ—દુર્ગેશ મુંજ ! તમારા કઠોર કરની પ્રચણ્ડ શક્તિ આગળ કઇ વસ્તુ અસાધ્ય છે ?

કપૂરચંદ—તમને સત્યનિષ્ઠાવાળા શૂર સુભટ સમજી મહારાજ માલવદેવ તમારી સાથે મૈત્રી કરવા ઇન્તેજાર છે, તમારા હૃદય સાથે પોતાનું હૃદય મેળવવા તૈયાર છે.

મુંજ—બેશક, પરાક્રમી માલવદેવ સાથે નિકટ સંબંધમાં જોડાવાનો આ અવસર મારા ભાગ્યની નીશાની છે, તેમના સાચા સ્નેહીનું પદ પામવામાં મારા ભાવી ઉદયની આશાઓ સમાણી છે, તેમની શુદ્ધ દીલે સેવા કરવામાંજ મારી મનોવૃત્તિ સર્વદા રોકાણી છે.

માલવદેવ—દુર્ગેશ મુંજ ! તમારા ઉદાર વિચારો સાંભળી મારો અન્તરાત્મા હર્ષથી ઉભરાઇ જાય છે, ચિત્તમાં ઉછળતી પ્રેમી લાગણીઓને જડ શબ્દો મારફત શું પુરી રીતે દર્શાવી શકાય છે ? (કપૂરચંદ કારભારીકનેથી સુગન્ધિમય પુષ્પહાર લઇ) મારી સાથે મિત્રતાની ગાંઠે જોડાયા તેની જીવંત નિશાની તરીકે આ પુષ્પમાલા હું તમારા કણ્ઠમાં અર્પણ કરૂં છું.

મુંજ—મહારાજ માલવદેવ! તમારા સૌજન્યે મને વશ કીધો છે, મારા હૃદયનો સંપૂર્ણ કાબુ મેળવી લીધો છે. આજથી હું તમારા વધારે બલવાન્ ભાગ્ય સાથે મારૂં ભાગ્ય જોડી દઉં છું, તમારી હરદમ શુશ્રૂષા કરવાની પ્રતિજ્ઞા લઉં છું.

કપૂરચંદ—(માલવદેવના કાનમાં) સમય અનુકૂલ છે; ફુલાવેલા આ મત્ત ગજેન્દ્રને અજય શૂલ ખેંચી કાઢવા પ્રેરણા કરો, ઝેરને ઝેરવડે સંહારી અજયની પીડા હમેશ માટે પરહરો.

માલવદેવ—દુર્ગેશ મુંજ! તમારૂં શૌર્ય, તેજ, બલ, વીર્ય અને પરાક્રમ જોઈ હું અત્યંત પ્રસન્ન થયો છું. મારા અખણ્ડ અધિકારમાં કાંટાની ગરજ સારતા એક મનુષ્યને ઉખેડી નાંખવાના મહાન્ કાર્યમાં તમારી સહાયતાની જરૂર છે.

મુંજ—મહારાજ માલવદેવ! બેલાશક કહો. તમારા મિત્રને હું મિત્ર ગણું છું, તમારા દુશ્મનને હું મારો કટ્ટો દુશ્મન સમજું છું. ભૂત, પ્રેત, પિશાચ, દેવ, દાનવ કે યક્ષકિન્નર ગાન્ધર્વ ગમે તે હો, તોપણ પોતાના મિત્ર માટે તેની સાથે યુદ્ધ કરવા આ મહારથી મુંજ તૈયાર છે, તો એક પામર મનુષ્યના મારા પ્રચણ્ડ ભુજબલ આગળ શાભાર છે? કહો તો તે હરામી હેવાનની ગરદન તીક્ષ્ણ તલવારના ઘાએ જુદી કરૂં, કહો તો તેના કપાલને ભયાનક ભાલાવડે ભેદી નાંખું, કહો તો તેની છાતીને શર પ્રહારથી છેદી નાંખું, અથવા ઇચ્છા હોય તો તેને જીવતો પકડી તમારી હજુરમાં ઊભો કરૂં.

માલવદેવ—દુર્ગેશ મુંજ! ધન્ય છે તમારા ઉત્સાહને, ઇશ્વર સફલ કરો તમારા મનોરથને. મારો જાલીમ રિપુ બીજો કોઇ નહીં પણ ચિતોડના ઘેરામાંથી નાસી છુટેલો અજય છે, રાણાવંશને નિર્મૂલ કરવા માટે તેનો સંહાર એજ આપણો વિજય છે.

મુંજ—મહારાજ માલદેવ! તમારા કરતાં અજય ઉપર મારો હજાર ગણો વધુ ખાર છે, પાંચ પચીસ ભીલડાં સાથે મારા દુર્ગ ઉપર હલ્લો કરનાર એ કટાયા રજપુતનો ભોગ લેવાનો મારા મનમાં લાંબા વખતનો વિચાર છે, તેને પુષ્ટિ આપનાર તમારા આજના ઉદ્ગાર છે, અલ્પ સમયમાં મારી ભુજા અજયને દેહાન્ત દણ્ડ દેનાર છે.

માલવદેવ—ધન્ય છે, દુર્ગેશ! ધન્ય છે. તમારી પ્રવૃત્તિમાં અનુકૂલતા થાય એવા હેતુથી ગુપ્તચરો મારફત મેં તપાસ કરાવી છે કે અજયસિંહ

કેલવાડા પાસે શીરોનાલા આગળ દરરોજ સંધ્યા સમયે આવે છે, તેજ સમયે તેના ઉપર શસ્ત્રપ્રહાર કરવો ઉચિત ભાસે છે.

મુંજ—મહારાજ! નિશ્ચિન્ત રહો. અનાચારી અજયને સ્વર્ગ આકાશ કે પાતાળમાંથી પણ શોધી કાઢવા સમર્થ છું. ખાત્રી પૂર્વક માનો કે થોડા વખતમાં મારે હાથે અજયનો ઘાત થશે, તમારા મનોરથ ફલીભૂત થશે.

માલવદેવ—દુર્ગરાજ! તમારા શુભ કાર્યમાં જલદી જોડાઓ, તમારો સર્વથા વિજય થાઓ, આપણી રાજ્યલક્ષ્મી નિષ્કણ્ટક થાઓ.

હરિસિંહ—પિતાજી! દુર્ગેશ મુંજ જેવા બહાદુર સરદાર સાથે વીરોચિત પરાક્રમમાં ભાગ લેવાની રજા આપો તો ઠીક.

માલવદેવ—બહુ સારૂ, યશસ્વી પુત્ર! તમને દુર્ગરાજ સાથે મોકલવામાં મારે કાંઇ વાંધો નથી, પણ તેમની ઇચ્છાનુસાર વર્તવામાં આપણી શોભા છે.

મુંજ—તમારા શૂરવીર સંતાનને મારી સાથે લેવામાં હું મોટું માન સમજું છું. તેમણે સાહસિક કાર્યમાં જોડાવાની ઇચ્છા દર્શાવી એ તેમના સાચા ક્ષત્રિયત્વનું ભૂષણ છે, તેમના ઉત્કટ શૌર્ય પ્રવાહને અનુકૂલ પંથે વહેવા દેવો એમાંજ આપણા ભાવિમંગળનું સૂચન છે.

માલવદેવ—પુત્ર હરિસિંહ, દુર્ગરાજ મુંજ! પ્રેમે પધારો, રિપુને વિદારો.

(વારાંગનાઓનો નાચ.) ટેબ્લો.

પ્રવેશ ૪ થો.

સ્થળ—ચિત્તોડમાં વણિકોનું મહાજન ગૃહ.

(મહાજનના શેઠ કારભારી કપૂરચંદ, તેમનો દીકરો જાલ, સ્વરૂપચંદ, ટેકચંદ, પાનાચંદ વિગેરે વાણિયાઓ, નાતગોર અને રાજપુરોહિત મયાશંકર પ્રવેશ કરે છે.)

કપૂરચંદ—વણિક્ મહાજનો! આજે આપણે શામાટે ભેગા થયા છીએ તે તમને પહેલાં જણાવવું જોઇએ. સ્વરૂપચંદ શેઠની અરજી મહાજન ઉપર આવી, તે ઉપરથી આ સભા બોલાવી છે.

ટેકચંદ--એતો ઠીક, પણ સ્વરૂપચંદ શેઠ ઉપર એવી તે કેવી આપદા આવી પડી કે આખા મહાજનને તસ્દી આપવાની જરૂર પડી.

પાનાચંદ—એક એક માણસની અરજી ઉપરથી મહાજન ભેગું થાય તો પંચાતીઆનાં છોકરાં ભુખે મરવાનો ઘાટ થાય. કેમ્ ટેકચંદ, બોલતા નથી ?

ટેકચંદ--પાનાચંદ ! તમે બરોબર ચોખ્ખું ને ચટ્ટ સંભળાવી દો છો, અને અમે જરા ગોળે વીંટીને કહીએ છીએ એટલોજ ફેર. ખાનગી તકરારોમાં નાત માથું મારે તો પંચાતનો પાર કયારે આવે ?

સ્વરૂપચંદ--અરે શેઠીઆ ! વાત સાંભળ્યા પહેલાં ગરમ શામાટે થાઓ છો ? આતો કાંઇ નથી નાની સુની વાત, થયો છે ભારે ઉત્પાત, અને આંખ આડા કાન કરશો તો નાતનું બંધારણ તુટી જશે, પાયમાલી થશે.

કપૂરચંદ--સ્વરૂપચંદ શેઠનું કહેવું ધ્યાનમાં લેવા જેવું છે. શેઠનો વિવાહ આજથી દશ વર્ષ ઉપર સૌભાગ્યચંદની દીકરી સાથે થયો છે, પણ હજુસુધી કન્યાનો બાપ લગ્ન કરતો નથી, તેથી નાતે વચ્ચે પડી લગ્ન કરાવી આપવું જોઇએ.

સ્વરૂપચંદ--ચાંલ્લો કર્યો તે વખતેજ રૂપીઆ પચીશ હજાર રોકડા ગણી આપ્યા છે. વિવાહ કર્યો તે ફોક થાય નહીં, અને કંકુમાં પાણિ પડ્યું તે ફેરવાય નહીં એવો આપણો નાત રીવાજ છે. તોપણ કન્યાનો બાપ ગાંઠતો નથી. તેથી નાત માબાપને શરણે આવ્યો છું, તારો વા ઉગારો.

પાનાચંદ--હવે સમજણ પડી. ગુન્હો ભારે છે. આવી રીતે નાતની રૂઢિનું અપમાન થતું રહે, તો પછી નાતને ગણે કોણ ?

ટેકચંદ--એતો ભાઇ, આજ સ્વરૂપચંદ શેઠનો વારો આવ્યો તો કાલ આપણો આવે. તેથી સૌભાગ્યચંદને નાત તરફથી ભારે સજા થવી જોઇએ.

પાનાચંદ—બોલાવો સૌભાગ્યચંદને. એના મનમાં શું સમજે છે ? વિવાહ કર્યા પછી સ્વરૂપચંદ સાથે પોતની કન્યા કેમ પરણાવતો નથી ?

કપૂરચંદ—મયાશંકર ! સૌભાગ્યચંદ શેઠને બોલાવી લાવો.

મયાશંકર--જી, સાહેબ ! (સ્વગત) આ નાત ભેગી થઈ એટલે ગોરના ટાંટીઆ અળખામણા. (જાય છે)

કપૂરચંદ—વણિક્ મહાજનો ! ગુન્હેગારને બોલાવ્યો તો ખરો, પણ જો તે ન માને તો આપણે કરવું શું ?

ટેકચંદ--બીજું શું ? નાત બહાર મુકવો.

પાનાચંદ—દીવો દેવતા બંધ કરવો.

સ્વરૂપચંદ—એટલું બધું તો કાંઈ નહીં કરવું પડે. નાતે આંખ દેખાડી એટલે સૌભાગ્યચંદ તરત ઢીલા થશે અને મારા નસીબનું પાંદડું ફરશે.

(મયાશંકર સૌભાગ્યચંદને લઇ પ્રવેશ કરે છે.)

કપૂરચંદ—સૌભાગ્યચંદ ! તમારા વિરૂદ્ધ સ્વરૂપચંદ શેઠે અરજ કરેલી છે. તેથી નાતે તમને બોલાવ્યા છે. તમારી કન્યાનો વિવાહ સ્વરૂપચંદ શેઠ સાથે કરેલો એ વાત ખરીને ?

સૌભાગ્યચંદ--હા, સાહેબ.

કપૂરચંદ—ત્યારે હજુ સુધી કયમ લગ્ન કરતા નથી ?

સૌભાગ્યચંદ—મારો લગારે વાંક નથી. જરી છોકરાં મોટાં થયાં એટલે તેમનું મન ના માને, એમાં મારો શો દોષ, નકામો મારા ઉપર ક્યાં કરો આટલો રોષ ?

કપૂરચંદ—પરણવાની બાબતમાં છોકરાંની મરજીનો સવાલ રહ્યોજ ક્યાં ? છોકરાં પરણાવવાનો માબાપને માથે ભાર, તેમાં માથું મારવાનો છોકરાંને શો અધિકાર ?

સૌભાગ્યચંદ—સ્વરૂપચંદ ઉમરે પહોંચ્યા એટલે મારી ડાહી ડમરી ભણેલી ગણેલી દીકરી પરણવાની ચોખ્ખી ના પાડે છે અને તેની ઇચ્છા વિરૂદ્ધ બળાત્કાર કરવાની મારી હિંમત ચાલતી નથી.

કપૂરચંદ--ત્યારે વિવાહ કરતી વખત આંખો ફુટી ગઇ હતી ?

સ્વરૂપચંદ--ખખડતા વાસુદેવ, નગદ નાણું ગણી લેતી વખત અક્કલને ઘરાણે મુકી હતી ?

ટેકચંદ--સૌભાગ્યચંદ ! કન્યાને આવડી મોટી થવા દેવામાં તમે ભુલ કરી છે.

પાનાચંદ--શેઠજી ! પૈસા ઘડી લેવા ૭ વર્ષની ઉમરે વિવાહ કર્યો અને પછી દશ વર્ષ ઊંઘમાં કહાડ્યાં. આઠ નવ વર્ષની વયે પરણાવી દીધી હોત તો વાંધો ઊઠાવવાનું કન્યાને સુઝત નહીં અને મુંગે મ્હોડે નાના મોટા ગમે તેની સાથે પરણી જાત.

મયાશંકર--સૌભાગ્યચંદ શેઠ ! કન્યાને આઠ નવ કે બહુતો દશ વર્ષ પહેલાં પરણાવી દેવી જોઇએ એ શાસ્ત્ર વચન છે.

अष्टवर्षा भवेद्गौरी नववर्षा च रोहिणी ।

दशवर्षा भवेत् कन्याऽत उर्ध्वं रजस्वला ॥

ભૂદેવોનું કહ્યું ન માનો અને ડાહ્યા થવા જાઓ, એટલે આપદા આવી પડે.

સૌભાગ્યચંદ--હવે બધા બોલી રહ્યા ? કન્યાની મરજી વિરૂદ્ધ આપણેતો એક ડગલું ભરવાના નથી. કન્યાની આંખમાં ઊભરાતાં આંસુ માયાળુ માબાપથી સહન થાય ? સંતાપ જ્વાળામાં નાજુક કુમળી કળી કરમાઈ જતી જોઇ શકાય ?

સ્વરૂપચંદ--કપૂરચંદ શેઠ ! આ શબ્દો તરફ હું તમારૂં ધ્યાન ખેંચું છું. મારી સાથે વિવાહ કરી, નગદ નાણું ગણી લઇ છેવટે વિશ્વાસ-ઘાત કરવાનો સૌભાગ્યચંદનો ઇરાદો સાબીત થતો નથી ? વિવાહ કરતી વખત મને ચાળીસ વર્ષ થયાં હતાં, તેની તેમને ખબર નહોતી ? હવે મોટા સિદ્ધનું પુંછડું થવા આવ્યા છે. બીજું કશું નહીં પણ નાત આગળ ડાહીડમરી વાતો કરી મારા પૈસાનું પાણિ કરવા અને મારૂં હડહડતું અપમાન કરવા માગે છે. પછી નાતની મરજી. આવી બાબતમાં નાત સખ્તાઇ નહી કરે તો જે ને તે પોતપોતાનું ધાર્યું કરશે, અને ઘેર ઘેર કજીઓ અને કંકાસ ઊભો થશે.

કપૂરચંદ--શેઠ ! તમે આકળા થાઓ નહીં. વણિક્ મહાજનો ! સાંભળો. આપણી નાતમાં કરેલો વિવાહ ફોક થાયજ નહી. વર અભણ, પાગલ, રોગી, અક્કલહીણ, ગમેતેવો નીકળે પણ વિવાહ તુટી શકેજ નહીં. તેથી સૌભાગ્યચંદ શેઠ નાતની નજરમાં ગુન્હેગાર સિદ્ધ થાય છે. વળી

તેમણે અધુરામાં પુરૂં પચીસ હજારની રકમ સ્વરૂપચંદ શેઠ કનેથી લીધી છે. તેથી આ બાબતમાં જમીન આસમાન એક થાય તોએ સૌભાગ્યચંદ શેઠથી વાંકું બોલી શકાય નહીં. સૌભાગ્યચંદ ! તમારા કરાર મુજબ તમારી કન્યાને સ્વરૂપચંદ શેઠ સાથે પરણાવવા કબુલ થાઓ, નહીતો નાત તમને ગુન્હેગાર ગણી સખ્ત શિક્ષા કરશે.

પાનાચંદ—શેઠીઆ ! તમારી બુદ્ધિ બહેર મારી ગઇ છે. નાદાન છોકરીની હઠને આધીન ન થાઓ અને નાતના ગુન્હામાં ન આવો. એતો નાતનાં કામ. નાત ગુસ્સે થઈ એટલે સમજી લેવું કે તમારી રેવડી થઈ જશે, રેવડી.

સૌભાગ્યચંદ—કન્યા સમજણી થઇ એટલે તેના ઉપર માબાપનો અધિકાર રહેતો નથી. કન્યાની મરજી હોય તો પરણે. હું વચ્ચે પડવા માગતો નથી.

કપૂરચંદ—જુઓ, ત્યારે નાત તમને નાત બહાર મુકે છે અને તમારો દીવો દેવતા બંધ કરે છે.

સ્વરૂપચંદ—શેઠજી ! એ ઠરાવ તો બરોબર, પણ મારા રૂપીઆનું પાણિ થયું તેનું કેમ ?

કપૂરચંદ—ઉતાવળા થાઓ નહીં. હું રાજ્યના કારભારી તરીકે ન્યાયાધીશની સત્તા ભોગવું છું. તેથી વ્યાજ સાથે રૂપીઆ પાંત્રીસ હજાર સ્વરૂપચંદ શેઠને પાછા ભરી ન દે ત્યાં સુધી સૌભાગ્યચંદને રાજ્ય કેદી તરીકે જાહેર કરૂ છું. (સિપાઇ પ્રત્યે) સૌભાગ્યચંદને બેડી નાંખો.

સૌભાગ્યચંદ—શેઠ ! આવો એકતરફી ન્યાય નિર્દોષને કચરી નાંખવાનો ભારે અન્યાય, શું તમારા હાથે થાય ? મેવાડ ઉપર યવનોએ આક્રમણ કર્યું તે વખતે અશાન્તિના મામલામાં મારાં ઘરબાર લુંટાઈ ગયાં, નાણાં પાછા ભરવાનાં મારી પાસે સાધન ન રહ્યાં.

સ્વરૂપચંદ—જાણે બાપનાજ રૂપીઆ થઇ ગયા. ગણી દે આ બાપાના રૂપીઆ, નહીતો જેલ જાત્રા કરવી પડશે.

મૃણાલિની—(પ્રવેશ કરી) જ્ઞાતિ મહાજનો ! મારા પિતા ઉપર જુલમ શામાટે કરો છો ? મારા પિતા નિર્દોષ છે. પરણવાની હું ના પાડું છું, એ મારો ગુન્હો છે. મારા ઉપર ગમેતેવી સજા કરો, પણ મારા નિર્દોષ પિતાને મુક્ત કરો.

કપૂરચંદ—આ, જોયું ? આ છોકરીનું ગુમાન. ભર સભામાં આવી ચપચપ બોલતાં શરમાય છે ? ભાઇ, આતો જમાનો પલટાઇ ગયો ! !

પાનાચંદ—જોયાં, આ છોકરીઓને છુટ આપવાનાં ફળ.

ટેકચંદ--આવડી નખ જેટલી ચિબાવલી છોકરી નાતનું અપમાન કરે તે કેમ્ સાંખી શકાય ?

સ્વરૂપચંદ--પરણવાની બાબતમાં છોકરીઓની મરજી પુછાશે, તો આવી રીતે નિરંકુશ બની વહી જશે.

કપૂરચંદ—મને લાગે છે કે સ્વચ્છંદી વિચાર ધરાવનારી આ છોકરીને તેની મરજી વિરૂદ્ધ જ્યાં તેનો વિવાહ થયો છે ત્યાં પરણાવી દેવી જોઇએ. મયાશંકર ! લગ્ન મુહૂર્ત ક્યારનું છે ?

મયાશંકર—આ ચાર દહાડા કેડે વસન્તપંચમી, વણપુછ્યું મુહૂર્ત.

કપૂરચંદ--તે દહાડે લગ્ન સામગ્રી તૈયાર રાખો અને ત્યાં સુધી આ છોકરીને તમારા કબજામાં બાંધી રાખો.

પાનાચંદ—શેઠ ! બહુ સારો ઇન્સાફ કર્યો. મિથ્યા સ્વાતન્ત્ર્યમાં ઝુલતી છોકરીઓને બહુ સારો દાખલો મલશે.

જાલ--પિતાજી ! અન્યાય થાય છે, નિર્દોષ બાળા ઉપર જુલમ થાય છે, ગરીબ ગાય ઉપર વજ્રા પ્રહાર થાય છે.

મૃણાલિની—ગૌરક્ષા માટે પાંજરાપોળો વસાવનારા મહાજનો ! મુંગા અવાચક પ્રાણિઓ ઉપર દયા કરનારા વણિગ્જનો ! આ એક ગરીબ ગાયને રેંસી નાંખવા ક્યાં તત્પર થાઓ છો ? આ અનાથ બાલિકાના જીવનમાં ઝેરનું બીજ રોપવા ક્યાં પ્રેરાઓ છો ?

જાલ—પિતાજી ! આ પ્રફુલ્લ કમલિનીને છુંદી નાંખવા મદોન્મત્ત ગજનું રૂપ ક્યાં ધારણ કરો છો ? આ અમૃત ધારા વર્ષાવતી ચંદ્રિકાને ઢાંકી દેવા ગાઢ ઘનાન્ધકાર ક્યાં થાઓ છો ? નિર્વ્યાજહરિણીનું રક્તપાન કરવા વિકરાળ વ્યાઘ્ર ક્યાં થાઓ છો ?

કપૂરચંદ—ચૂપ રહે ! ચિબાવલા છોકરા ! તું પણ તારા બાપના સામું બોલતાં શીખ્યો ? હજુતો ઉગે છે એટલામાં બાપનું અપમાન કરે છે ?

જાશ—પિતાજી ! નાહક ગુસ્સે ના થાઓ, અન્યાયનું કાળું કલંક માથે ના લ્યો.

કપૂરચંદ—ચૂપકર, હરામખોર ! એક અક્ષર વધુ બોલ્યો તો તારી વાત તું જાણ્યો ? વણિક મહાજનો ! આ ઠરાવ આખી નાતને કબુલ છેને ?

સઘળા મહાજનો—સાડાસત્તર આના ને ચાર પાઇ. ઠરાવ અમારે બધાને કબુલ મંજુર છે.

કપૂરચંદ—મયાશંકર ! કન્યાને તમારા કબજામાં રાખો. જ્ઞાતિ મહાજનો ! વસન્તપંચમીને દહાડે સ્વરૂપચંદ શેઠના લગ્નમાં વહેલા પધારજો. બોલો શ્રી દ્વારકાધીશકી જય !!

(વાણિયાઓ જયગોપાલ, જયશ્રીકૃષ્ણ કહેતા કહેતા વેરાઇ જાય છે.)

મૃણાલિની—હા ! પ્રભો, દીનબન્ધો, કૃપાસિન્ધો, અનાથના આધાર, કરૂણાના સાગર ! આ ગરીબ નિરાધાર બાળાની વ્હારે ચઢો, જ્ઞાતિ રાક્ષસીની અન્યાય જ્વાલામાં હોમાઇ જતી આ નિર્દોષ કન્યાની સહાય કરો.

મયાશંકર—આ બાલિકાના છાતી ફાટ રૂદનથી હૃદય વીંધાઇ જાય છે, ચિત્ત ચીરાઇ જાય છે. પણ શું કરૂં ? શેઠનો હુકમ માથે ચઢાવવોજ જોઇએ. બ્હેન ! શાન્ત થાઓ. વિશ્વમ્ભર વિભુ તમારી વિનતિ સાંભળશે, તમારી રક્ષા કરશે.

મૃણાલિની—કેદીને સાચવનાર રક્ષકની ક્રૂર કાયામાં કરૂણાનો સંચાર થાય છે, તે જોઇ મારા મનમાં આશાકુસુમનો પ્રાદુર્ભાવ થાય છે. અનાથના બેલી પરમકૃપાળુ પરમાત્મન્ !, આ અભાગી બાળાને કેવળ તારો આશ્રય છે.

ગાયન ૭ મું.

અનાથ જન બન્ધુ ચરણે તમારા,
કરગરતી દીનબાળા.—અનાથ૦

અજ્ઞાન જ્ઞાતિ જુલમી બની છે,
શરણ ચહું છું દયાળા.—અનાથ૦

રીબાતી અબળાનો ફક્ત તું છે,
બેલી સરજનહારા.—અનાથ૦

કચરી ખીલતી કુસુમ કળીને,
બાંધો ન પાપના ભારા.—અનાથ૦
વિશ્વંભર તુજ કરૂણા પાખી,
ઉગરવાના આળા.—અથાન૦

પ્રવેશ ૫ મો.

સ્થળ—શીરોનાલા પાસે કેલવેશ્વરનું દેવાલય.

હરિસિંહ—દુર્ગેશમુંજ ! આજ શીરોનાલા, આજ કેલવેશ્વરનું દેવાલય, આજ રૂચિર રમણીય વૃક્ષાલય, આજ રમ્ય સ્થળ, જ્યાં અજયસિંહ દરરોજ સંધ્યા સમયે પધારે છે.

મુંજ—કુમાર હરિસિંહ ! વિકટ વનની વિષમ શોભા ઘણી મનોહર છે, રાણા વંશી ક્ષત્રિય શિરોમણિ અજયસિંહનું આકર્ષણ કરે તેવી સુંદર છે, ભગવાન્ સહસ્ત્ર રશ્મિના દૂર અસ્તાચલ તરફ શાન્ત કરે છે, દુશ્મનનો દેખાવ થયે દંશ દેવા આ અસિભુજંગ તત્પર છે.

હરિસિંહ—દુર્ગેશમુંજ ! જ્યારથી તમારી કરડી નજર અજય પર થઈ છે, ત્યારથી તેના ટગમગતા જીવનની પણ ગણત્રી થઈ ગઈ છે. સાવધાન થઈ ઘા કરજો, એક ઘાએજ પાપીના પ્રાણ હરજો.

મુંજ—કુમાર ! મારી ચિન્તા કરશો નહીં. આ મુંજના વજ્રાપ્રહાર આગળ પર્વતના પણ ટુકડા થઈ જાય તો બાપડા અજયનો શો હિસાબ ? ચાલો, આપણે પાસેની ઝાડીમાં સંતાઈ રહીએ, અજયનો પરાજય કરવા તૈયાર થઈએ, વિજય પ્રાપ્ત કરી પૂર્ણ કામ કરીએ.

(હરિસિંહ અને મુંજ પાસેની ઝાડીમાં સંતાઇ જાય છે. અજયસિંહ પ્રવેશ કરે છે અને દેવાલયની પાસે ઊભા રહી સ્થિર ચિત્તે પ્રાર્થના કરે છે.)

અજયસિંહ—

ગાયન ૮ મું.

જય શંકર દેવા, પ્રભુ, જય શંકર દેવા;
ટાળો વિપદ્ અમારી (૨) ચરણ કમલ સેવા—જય૦

રઘુ રાઘવ બાપાને, સમરસિંહ જેવા–પ્રભુ–(૨)
શૂરે ગણેશપ્રભુની (૨), ભક્તિ મીઠા મેવા–જય૦

સ્વાર્થ પરાયણ પાપી, દુર્જન ખલ કામી–પ્રભુ–(૨)
દમન કરો છો તેનું (૨) જગદમ્બા સ્વામી–જય૦

વિભાકર અન્વયની, રક્ષા કરનારા–પ્રભુ–(૨)
લાજ પ્રતિષ્ઠા સોંપી (૨) શિવ કરમાં તારા–જય૦

ભગવાન્ ત્રિલોચન, ત્રિપુરારિ, સ્વયંભૂ, શંભો પાર્વતી પતે! મેવાડના રાણા વંશની પ્રતિષ્ઠા તમારે હાથ છે, તમારા આશ્રયેજ યવનાધિપતિના સુબેદાર સાથે ભીડવી બાથ છે, દુર્જનનું દમન કરનાર સજ્જનનું પાલન કરનાર તુંજ દીનાનાથ છે. દેવ દેવ શંકર! હવે હદ થઈ છે. અમીભરી દૃષ્ટિએ આ દીન દાસને નિહાળો, અમારાં કષ્ટ કાપો, સુખ સમૃદ્ધિ પુનઃ આપો.

મુંજ—(પ્રવેશ કરી) નિમકહરામ, નાદાન, લક્ષ્મણસિંહના ભીરૂ સન્તાન! ફીકર કરીશ નહીં, તારી ઇચ્છાનુસાર તારૂં કષ્ટ કાપું છું, સ્વર્ગની સુખ સમૃદ્ધિ આપું છું. વારંવાર પોસેલીઓ દુર્ગ ઉપર આક્રમણ કરી તેંજ આ સૂતા સિંહને જગાડયો છે, હાથે કરીનેજ તેં તારા વિનાશનો માર્ગ ઉઘાડયો છે.

અજયસિંહ—ગિરિની ગુહામાં ભટકતા ભીલ, ક્ષત્રીય સામે તારી સવારી નકામી છે, મેવાડના નરપતિ સામે અસભ્ય શબ્દોચ્ચાર કરનાર તું પાકો હરામી છે, યાદ રાખ કે તારો પળમાં પ્રલય કરનારા આ સાચે મેવાડનો સ્વામી છે. જીભ ટુંકી કરી થઈજા સાવધાન અને જોઈ લે આ-ક્ષાત્ર ભુજાનું બલમાન.

(અજયસિંહ અને દુર્ગેશમુંજનું યુદ્ધ થાય છે. મુંજ અજયસિંહના શિર ઉપર ઘા કરે છે. અજયસિંહ મુર્છાવશ થાય છે, તેને મૃત સમજી મુંજ વિદાય થાય છે.)

મુંજ—વજ્રાદેહી મુંજ સાથે અભિમાન કરનારના આવાજ હાલ આમ છે, રાણા વંશનો આ અવશિષ્ટદીપ ઓલવાઈ જાય છે, ખરેખર મારી કીર્તિ હવે સર્વત્ર ગવાય છે. ચાલ, હવે, હું કુમાર હરિસિંહ સાથે ચિતોડ તરફ પ્રયાણ કરૂં, મહારાજ માલવદેવના મનમાં સળગતી ચિન્તા જ્વાલાને ઓછી કરૂં. (જાય છે.)

(સજ્જનસિંહ, અજીમસિંહ અને હમીરસિંહ પ્રવેશ કરે છે.)

સજ્જનસિંહ—ભાઈ હમીર ! ચાલો, આપણે પિતાજીની સમીપ જઈએ, તેમના અમૂલ્ય વચનામૃતનું પાન કરીએ.

હમ્મીરસિંહ--ભાઈ, સજ્જન ! જોતો ખરો, કેલવેશ્વરના દેવાલય સમીપ આ ભવ્યાકૃતિ પુરૂષસિંહ બેભાન સ્થિતિમાં દૃષ્ટિગોચર થાય છે, તેમના રૂચિરકપાલતટમાંથી નીકળતો રૂધિરનો પ્રવાહ દેખાય છે.

સજ્જનસિંહ--હા ! તેજ, આપણા પિતાજી ઘાયલ અવસ્થામાં પડેલા છે. હા ! હરિ ! આ શો જુલમ, આ બાલકોના આધાર મહીપાલ અજયસિંહ પર આશો સિતમ.

હમ્મીર--(અજયસિંહના હૃદય અને છાતી તપાસી) ભાઇ, સજ્જન ! શાન્ત થાઓ. ફક્ત રક્તવહનને લીધે પિતાજી મુર્છિત થયા છે, એકલિંગ દેવની આપણા ઉપર દયા છે. હું નાળામાંથી જળ અને કમળપત્ર લાવું છુ, મુર્છા નિવારણના ઉપાય યોજું છે. સાવધાનપણે પિતાજીની રક્ષા કરો.

(હમ્મીર નાલા તરફ જાય છે.)

સજ્જનસિંહ--ભાઇ અજીમસિંહ ! આ શી દુર્દશા ? દુઃખદાવાનળના તીવ્ર તાપે આપણને આટલો વખત તપાવ્યા, તોપણ હજુએ વામવિધિના વિપરીત વિલાસો પુરા ન થયા.

અજીમસિંહ—મોટાભાઇ ! કઠોર કિરતારના કારમા કોપ આગળ આપણે પામર પ્રાણીઓ લાચાર છીએ, હવે આ જગત્ જંજાળમાં બીલકુલ નિરાધાર છીએ.

(હમીર જળ તથા કમળપત્ર લાવે છે. જળ વડે કપાળ ઉપરનો ઘા ધોઇ નાંખી કમળપત્ર વડે રૂધિર લુંછી નાંખે છે. કમળપત્ર હલાવી શીતલ સમીરનો અજયસિંહના મગજમાં સંચાર કરે છે. અજયસિંહની મુર્છા નિવૃત્ત થાય છે.)

અજયસિંહ—(એકદમ ઊભા થઈ) ક્યાં ગયો તે બીકણ, કાયર, ડાચકારો મુંજ ? ક્યાં સંતાઇ ગયો ? હજુ આ ક્ષત્રિયવીર તને સખ્ત નસિયત આપવા વિદ્યમાન છે, આવી જા સામે, મારે તારૂં ક્ષણમાં તોડવું અભિમાન છે. (અશક્તિને લીધે બેસી જાય છે.)

સજ્જનસિંહ--પિતાજી ! શાન્ત થાઓ. અત્રે મુંજ નથી. ફક્ત અમે તમારાં સન્તાન છીએ, તમારી સેવા કરવા સાવધાન છીએ.

અજયસિંહ—દગો કરી મારા ઉપર પ્રહાર કરનાર, મારૂં લોહી પીનારા મુંજનું મસ્તક છેદવા મારા બાહુ ચળવળી રહ્યા છે, પણ, હાય! રૂધિરવહનથી મારાં ગાત્ર શિથિલ થયાં છે. બેટા, સજ્જનસિંહ! અજીમસિંહ! પિતૃઋણ અદા કરવા તત્પર થાઓ, શીઘ્ર જાઓ, મારા કટ્ટા વૈરી મુંજનું શીર કાપી લાવો.

સજ્જનસિંહ—પિતાજી! અમે છીએ હજુ નાનકડાં બાળ, મુંજ જેવા ભીષણ ભડવીર સામે લડતાં અમારી અવશ્ય થવી છે હાર, ગજા ઉપરાંત કામ કરતાં કદાચ થાય અમારો કાળ, અને સાથે સૂર્યવંશનો પણ થાય સાયંકાળ. તેથી પિતાજી! હમણાં આવું ભારે કામ અમને ન સોંપો.

અજીમસિંહ--મુંજ સામે પ્રયાણ કરવાની મારા જેવા બાળકની શી ગુંજાશ, કેવળ નિષ્ફળ થઈ બનવાના નિરાશ.

અજયસિંહ—(ગુસ્સે થઇ) સજ્જનસિંહ, અજીમસિંહ! તમારાં કાયર વચનો સૂચવે છે કે તમારામાં બાપા વંશનું ઉષ્ણ રૂધિર વહેતું નથી, તમારી નિર્બલતા ભીરૂતાને મારૂં હૈયું સ્હેતું નથી. બેશક, તમે તમારી માતાની કુખ લજાવી છે, હીચકારાપણાની પરિસીમા બતાવી છે. શુદ્ધ અગ્નિની નાની ચિણગારી ગમે તે વસ્તુને બાળી શકે છે, વનરાજ મૃગેન્દ્રનો નાનો સન્તાન મત્તગજોના કુમ્ભ સ્થળ ભેદી શકે છે, ઝેરી સોમલનો નાનો રજકણ તત્કાળ પ્રાણ હરી શકે છે, તેમ શુદ્ધ ક્ષાત્ર વીર બાળ વયે પણ દુશ્મનના દિલને વિદારી શકે છે. બસ ટુંકામાં, તમારા જેવા કાપુરૂષો રવિવંશમાં કલંક સમાન છે, જીવતા છતાં મૃતસમાન છે.

હમ્મીર—પિતાજી! શાન્ત થાઓ. મોટાભાઇ પ્રત્યે ક્રોધ ના કરો, હૃદયની શાન્તિ ન પરહરો. આ હમ્મીર તમારી સેવામાં હજુર છે, મારા ભયાનક ભુજ ભુજંગની પ્રસરતી વિષ જ્વાલા અતિ ક્રૂર છે. પિતાપર ઘા કરનાર નિર્માલ્ય મુંજને આ તલવારનો સ્વાદ ચાખવા દો, આ બાલ હમ્મીરની ઊભરાતી આશાઓ તૃપ્ત થવા દો. પિતાજી! આજ્ઞા કરો. હું ખરા જીગરની પ્રતિજ્ઞા કરૂં છું કે એક ક્ષણમાં મુંજનું મસ્તક લાવીશ, તમારા હૃદયમાં સળગતી રોષ જ્વાલાને શાન્ત કરીશ. જો હું મુંજનો શિરચ્છેદ સ્વહસ્તે કરીશ, તોજ હું મારૂં મુખ તમને દેખાડીશ. આવીશ તો કામ કરીને આવીશ, નહીતો શ્યામવદન લઈ કદાપિ પાછો ફરીશ નહી.

અજયસિંહ—ધન્ય છે, વીર હમ્મીર! ધન્ય છે. મારા અન્તઃકરણની આશિષ લઇ સંચરો, મુંજને યમપુરી ભેજો કરો.

(હમ્મીર જાય છે. સજ્જનસિંહ અને અજીમસિંહ પિતાને ટેકો આપી બેસે છે, તેવામાં અજયસિંહના સરદારો પરસ્પર વાતચિત કરતા પ્રવેશ કરે છે.)

૧ લો સરદાર—મહારાજ અજયસિંહ કેલવેશ્વરનાં દર્શન કરવા ગયા ત્યાંથી પાછા ન ફર્યા.

૨ જો સરદાર—બેશક તેમને કાંઈ વિઘ્ન નડયું હશે, તેથી અવિલમ્બે મહારાજની મદદે ગયા વિના નહીં ચાલશે.

૩ જો સરદાર—જુઓ ! દૂર કેલવેશ્વરનું દેવાલય જણાય છે, આટલામાંજ મહારાજ વિચરતા હોય તેવું અનુમાન થાય છે.

૪ થો સરદાર—જુઓ ! દૂર બે બાળકો કોઈ ઘાયલ પુરૂષને ટેકાવી બેઠેલા જણાય છે.

૧ લો સરદાર—(પાસે જઇ) એજ આપણા મુકુટમણિ અજયસિંહ મહારાજ, હાય ! હાય ! કોઇ હરામખોરે હેરાન કર્યા છે આપણા શિરતાજ.

(સરદારો અજયસિંહ પાસે જઈ વિનયથી ઊભા રહે છે.)

સર્વે સરદારો—આપની આ સ્થિતિ નિહાળી અમને અત્યન્ત ગ્લાનિ ઉત્પન્ન થાય છે, આપને વ્યથા કરનાર દુરાત્મા તરફ રોષાગ્નિ ઉભરાય છે. આજ્ઞા કરો એ નાદાન નરાધમને આપની સમક્ષ જીવતો પકડી લાવીએ, તેના રમરમ જેટલા ટુકડા કરીએ.

અજયસિંહ—બહાદુર સરદારો ! બેફીકર રહો; મારા ઉપર દગલબાજીથી શસ્ત્ર પ્રહાર કરનાર માનવપશુ મુંજ પાછળ અતિ પરાક્રમી મહાવીર હમીર ગયો છે, મને આનન્દ થાય છે કે સાચા સૂર્યવંશી ક્ષત્રિય બાળનો વિજય થયો છે.

(હમીર મુંજનું શીર ભાલાના છેડા ઉપર લટકાવી પ્રવેશ કરે છે.)

હમીર—પૂજ્ય પિતાજી, વડીલ બન્ધુઓ, અને શાણા સરદારો ! નીચ, નફટ, હરામખોર મુંજનું મસ્તક તપાસી લ્યો, અન્તઃકરણમાં હમ્મેશને માટે નિર્ભયતાને સ્થાન દ્યો.

સઘળાઓ—ધન્ય છે, મહાવીર હમીર ! ધન્ય છે.

અજયસિંહ—(ઊભા થઇ) પરાક્રમી કેસરિ કુમાર ! ખરેખર તેં નિઃસીમ શૌર્યથી તારી તેજસ્વિ માતાનું દૂધ દીપાવ્યું છે, અમારા નિરાશ

હૈયાને પુરેપુરૂં હરખાવ્યું છે, મહારાણા લક્ષ્મણસિંહે કરેલું તારી ભાવિ કીર્તિનું કથન બેશક સત્ય ઠર્યું છે. ભીરૂ, કાયર, બાયલા સજ્જન, અજીમ! તમે મારાથી દૂર થાઓ, તમારા સ્પર્શથી મને ન અભડાઓ મેવાડના પવિત્ર રાજ્ય સિંહાસન માટે હું તમને ના લાયક ગણું છું આ મુંજ મસ્તકમાંથી નીકળતા રૂધિર વડે તિલક કરી મહાવીર હમીરનો બાપા રાવલની નિષ્કલંક ગાદિ ઉપર અભિષેક કરૂં છું. વિજય થાઓ, મેવાડ પતિ મહારાણા હમીરસિંહનો! વ્હાલા હમીર, તારા હાથે પૂજ્ય મેવાડ મહી મુક્ત થાઓ, સ્વતન્ત્ર થાઓ. શૂરવીર સરદારો, આ યોજના તમને અનુકૂલ છે?

સઘળા સરદારો–હા, મહારાજ, અમને સઘળાને કબુલ છે.

(આકાશમાંથી મહારાણા હમીરસિંહ ઉપર પુષ્પ વૃષ્ટિ થાય છે.)

અજયસિંહ—આજથી હમીરસિંહ મેવાડના મહારાણા થયા છે, મારા વૃદ્ધ વદનના વચને તેમના ઉપર પરમાત્માની દયા છે. નાના મોટા સૌ કામમાં મહારાણાને અનુસરજો, મેવાડ ભૂમિની ઝાંખી પડેલી પ્રતિષ્ઠાને પુનઃપ્રકાશિત કરજો.

સઘળા સરદારો—મહારાજ, આજથી ક્ષાત્ર કર્તવ્યમાંજ અમે મગ્ન રહીશુ, હમીર મહારાણાને અમારા શિરતાજ ગણીશું, તેમને માટે પ્રાણ પાથરીશું, સર્વદા તેમની આજ્ઞા ઊઠાવીશું.

અજયસિંહ—ધન્ય છે, શૂરા સરદારો, તમારી સ્વામિ ભક્તિને. ઇશ્વર તમારી ઇચ્છા ફલીભૂત કરો, તમને યશભાગી કરો. હવે મારે એક છેલ્લું કાર્ય કરવાનું છે. તે દુઃખદાયક છે પણ કર્યા વિના છુટકો નથી. મેવાડ મહી મુક્તિના મહાયજ્ઞમાં કાપુરૂષોની શી જરૂર છે? ક્ષાત્રધર્મથી વિમુખ થનાર તરફ અજયસિંહ અતિ ક્રૂર છે.

(સજ્જનસિંહ, અજીમસિંહ ભયથી કમ્પે છે.)

અજયસિંહ—સજ્જનસિંહ, અજીમસિંહ! તમે મારા કુળને કલંકિત કર્યું છે, મારા હૃદયને સંતાપથી ભર્યું છે. તેથી હું તમને આજ્ઞા કરૂં છું કે તમે એકદમ મેવાડ છોડી ચાલ્યા જાઓ, મેવાડની પૂજ્ય મહીને તમારા સ્પર્શથી વધુ ન અભડાઓ.

અજીમસિંહ—પિતાજી! થોડા સમય ઉપર બતાવેલા કાયરપણા માટે મને ભારે પશ્ચાત્તાપ થાય છે, કર્તવ્ય ભ્રષ્ટ થયા બાદ શ્યામ વદન લઇ શું જીવી શકાય છે? વિમલ વસ્ત્રપર પડેલો કાળો ડાઘ શું ધોઇ

શકાય છે ? તેથી પૂર્વ દ્વીપમાં જઈ વાસ કરનાર આપણા સૂર્યવંશી ભાઈઓએ પ્રચલિત કરેલી આત્મ સમર્પણ વિધિ આચરૂં છું, આ કટાર વડે મારૂં હૃદય ચીરૂં છું, અને તેમાંથી જોસબંધ નીકળતા રૂધિર વડે મહારાણા હમીરસિંહનો ગગનગામી ધર્માંશુની ગાદિ ઉપર પુનઃ અભિષેક કરૂં છું, મહારાણાના વિજયનું અહર્નિશ ચિંતવન કરવા ઇશ્વરના દરબારમાં સંચરૂં છું.

(અજીમસિંહ બેભાન થઈ જાય છે.)

સઘળાઓ—ધન્ય છે, અજીમસિંહ, ધન્ય છે તમારી અચલનિષ્ઠાને, પરમ કૃપાળુ પરમેશ શાન્તિ આપો તમારા આત્માને

સજ્જનસિંહ—પિતાજી ! આપની આજ્ઞાનુસાર મેવાડની હદ છોડી ચાલ્યો જાઉંછું, પણ આ જીગરના પરિતાપથી ઉકળતા અન્તઃકરણના અસાધારણ બોજા નીચે દબાઉંછું, કર્મ ભ્રષ્ટ થવાના ભારે પાતકમાંથી બચવાનો અનુગ્રહ ચાહું છું.

અજયસિંહ—સજ્જન ! તારી આ મંગલ માગણીથી મારૂં મન મગ્ન થાય છે. ભગવાન્ રામચંદ્રના નિવાસથી પૂજ્ય પંચવટી તરફ પ્રયાણ કર, દક્ષિણ દેશમાંજ સદા વાસ કર. મારૂં વચન છે કે તારા શુદ્ધ દિલની સાચી ભક્તિ નક્કી ફળશે, તારી દશમી પેઢીએ આર્ય ધર્મોદ્ધારક છત્રપતિ શીવાજી નરપતિ સાક્ષાત્ શંકરનો અવતાર જન્મશે, અસહ્ય જુલમના બોજા નીચે ચગદાતી કચરાતી ભારતી માતાની રક્ષા કરશે, ઉદય ધ્વજ દશે દિશામાં ફરકાવશે.

સજ્જનસિંહ—જેવી મહારાજની આજ્ઞા.

અજયસિંહ—સરદારો, નિહાળો, આકાશ માર્ગેથી કોઈ તેજસ્વી દિવ્યજ્યોતિ આપણા તરફ આવે છે.

(તેજોમય સ્વરૂપ ધારણ કરતી વસુમતી ગગન માર્ગે પ્રવેશ કરે છે અને હમીરસિંહને આશીર્વાદ આપે છે.)

વસુમતી—અજયસિંહ અને ક્ષાત્ર સરદારો ! આજના શુભ દિવસે તમે હમીરસિંહનો રાજ્યાભિષેક કર્યો છે, ખરેખર માથે લીધેલી મહાન્ મહેનતનો પ્રથમ પ્રયત્ન આદર્યો છે. તેથી આ માંગલિક અવસરે મારા અન્તઃકરણની આશિષ્ અર્પણ કરૂં છું, નિરન્તરાયે તમારી કામનાઓ પરિપૂર્ણ થાઓ એવી પ્રેરણા કરૂં છું. સદા મહારાણા હમીરસિંહનો વિજય થાઓ, દુશ્મનનો પરાજય થાઓ. (ટેબ્લો.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—ચિત્તોડમાં માલવદેવનું અન્તઃપુર

(માલવદેવ અને રોહિણી પ્રવેશ કરે છે.)

ગાયન ૯ મું.

રોહિણી—

પ્રાણુ આવો તલસાવો, રિબાવો શું આમ,
રહે હૈયે ન હામ, ચતુર ચપલાના સ્યામ.— પ્રાણુ૦
વિના સ્વામી રણુવાસ અતિ ખારોરે,
પ્રિય શાન્તિ સુઘડ ધામ (૨), જીવન વેલીના આરામ.–પ્રાણુ૦

માલવદેવ—

શુદ્ધ સુધાસ્વરૂપ, ખુદ રમ્ભા અવતાર,
પ્રેમદા પ્રીતિસાર, પ્રિયા તું ચખાડનાર,
વિના કાન્તા મધુરી જગત્ ખારૂંરે,
લલના હૃદય હાર (૨) પ્રણુય દાસનો સ્વીકાર.— પ્રાણુ૦

રોહિણી—પ્યારા પ્રાણુનાથ ! આપ એક પળ પણ અળગા થાઓ છો, કે ચેન પડતું નથી. પ્રીતમનું ધ્યાન ધરૂં છું, અહર્નિશ ચિંતવન કરૂં છું, વિરહાનલે બળી મરૂં છું. મેવાડ જેવા પ્રદેશની સુબેદારી મળી, દિલ્લીના બાદશાહની પુરી મહેરબાની થઇ, તોપણુ હવે એવું તે શું કરવાનું બાકી રહ્યું છે કે રાતદિવસ ઉદાસ ફરો છો ? સંસારના સુંદર પદાર્થોનો ઉપભોગ છોડી ઉદ્વેગ ને ઉપાધિ ઊભી કરો છો ?

માલવદેવ—રસીલી રમ્ભા ! મુકુટધારી રાજાને માથે કદાપિ આરામ નથી, શાંતિ અને સ્વસ્થતાનું નામ નથી. રાજ્યને અંગે હજારો ઉપાધિઓ સરજાએલી હોય છે, દરેક વિષયમાં સ્વતઃ ધ્યાન નહીં આપનાર ભૂપતિ ઉપર ભારે આફતો ઝઝુમતી હોય છે.

રોહિણી—નિશ્ચિતપણે રંગ રાગ ન માણી શકાય તો સમસ્ત રાજ્યની સમૃદ્ધિ નકામ છે, મારા આત્માને પ્રમોદની લહરીમાં ઝુલાવનાર મારા સુંદર શ્યામ છે, તે શિવાય ક્ષુદ્ર પાર્થિવ વસ્તુઓનું પ્રેમી પ્રમદાને શું કામ છે ?

માલવદેવ—નિષ્કામ પ્રીતિની પૂર્ણ પ્રતિમા, તારા ઉમદા વિચારો સાંભળી હૃદય તૃપ્ત થાય છે, અંતરમાં આનન્દ ઊભરાય છે, તારા જેવા સ્ત્રી રત્નના સમાગમનું માહાત્મ્ય બરોબર સમજાય છે.

દાસી—(પ્રવેશ કરી) મહારાજ ! કુમાર હરિસિંહ અંદર આવવાની આજ્ઞા ચહાય છે.

માલવદેવ—રાણી ! તમે પાસેના ખંડમાં જાઓ. દાસી ! કુમારને સત્વર અંદર લાવો.

(રાણી જાય છે અને દાસી સાથે કુમાર હરિસિંહ પ્રવેશ કરે છે.)

માલવદેવ—કુમાર ! તમારી મુખાકૃતિ મલિન દેખાય છે, અશુભ સમાચાર પ્રતીત થાય છે, મુંજની ગેરહાજરીથી ગમગીની ઉભરાય છે.

હરિસિંહ—પિતાજી ! પાસા અવળા પડયા, દુશ્મનને નિર્મૂળ કરતાં આપણેજ ફસાઈ ગયા, પાયમાલ થયા.

માલવદેવ—કુમાર ! જલદી નિવેદન કરો, અન્તઃકરણનો ભાર ઓછો કરો.

હરિસિંહ—પિતાજી ! આપના કહ્યા મુજબ સન્ધ્યા સમયે અમે ગીરનાલા તરફ ગયા, પરાક્રમી મુંજના સબળ ભાલાવડે અજયસિંહના કપાલના ચીરા થયા.

માલવદેવ—ધન્ય છે, મુંજના શૌર્યને ! ત્યારપછી શું થયું ?

હરિસિંહ—પિતાજી ! અમે અજયસિંહને બેભાન છોડી પાછા વળ્યા, પણ એકાદ કોસ ચાલ્યા નથી તેવામાં કાળને કમ્પાવે તેવો એક ક્ષાત્ર બાળ વાયુવેગે અમારી સામે ધસ્યો, અજયસિંહ પર કરેલા શસ્ત્ર પ્રહારનું સ્મરણ કરાવી મુંજપર તુટી પડયો, ક્ષણમાં તેની તેજસ્વી તલવારે મુંજનો શિરચ્છેદ કર્યો, તેના વૈરાગ્નિની વિકાળ જ્વાલામાંથી બચી જવા પલાયન કરી આપને આવી મળ્યો.

માલવદેવ—હા ! મુંજ દુર્ગેશ ! હા ! કઠોર કાય પર્વતેશ ! તમે મારી સેવામાં તમારો પ્રાણ પાથર્યો છે, દેહોત્સર્ગ કર્યો છે. મુંજના સ્વર્ગવાસથી હું થયો છું નિરાશ, મારા જમણા ભુજના પતનથી ખરેખર થયો છું ઉદાસ. બસ, હવે, હું જોઈ લઉં છું, તે કોણ છે ક્ષાત્ર બાળ, જેણે ધગધગતા જ્વાલામુખી પહાડપર મારી છે ફાળ, આ સમશેરના

સપાટે તેનો હું આણીશ કાળ, મેવાડના સુબેદાર સામે તે છોકરૂં ક્યાં સુધી ટકનાર !

દાસી—(પ્રવેશ કરી) મહારાજ ! કપૂરચંદ કારભારી ઘણા ઉપયોગી કામ માટે આપની મુલાકાત ચહાય છે.

માલવદેવ—કારભારીને જલદી અંદર લાવો.

(દાસી કપૂરચંદ કારભારી સાથે પ્રવેશ કરે છે.)

કપૂરચંદ—ગુપ્તચરો મારફત ઘણા માઠા સમાચાર સાંભળ્યા છે.

માલવદેવ—કારભારી ! જે હોય તે જલદી કહી દ્યો.

કપૂરચંદ—મહારાજ ! સાંભળવામાં આવ્યું છે કે દુર્ગેશ મુંજનો શિરચ્છેદ કરનાર બીજો કોઈ નહીં પણ મહારાણા લક્ષ્મણસિંહના પાટવી પુત્ર અરિસિંહનો છે કુમાર, આપણા સમર્થ યોદ્ધાને પરાસ્ત કરનાર એજ છે હમીરસિંહ પુરો પાણિદાર.

માલવદેવ—બેશક, અરિસિંહની કેલવાડાવાળી રાણીને હતો બાળ, સંતોષ થાય છે કે આજે તેની ઠીક મલી ભાળ, બાપડો મારા રોષની જ્વલંત જ્યોતિમાં ફુદાની માફક છે તરફડનાર.

કપૂરચંદ—મહારાજ ! મુંજનું મસ્તક ભાલાપર લટકાવી હમીર અજયસિંહ પાસે ગયો, અજયસિંહે પ્રસન્ન થઈ મસ્તકમાંથી ટપકતા રૂધિર વડે હમીરનો મેવાડની ગાદિ ઉપર અભિષેક કર્યો, મુહૂર્તના શીકારમાંજ મહારાણા હમીરસિંહે પોસેલીઓ દુર્ગ જીતી લઇ બલેચાઓનો બધો મુલક સર કર્યો.

માલવદેવ—આતે નાનો બાળ, કે ઉત્પન્ન થયો મારો કરાલકાળ ?

કપૂરચંદ—મને લાગે છે કે આ ભયંકર જાલીમ રિપુનો બળથી નહીં પણ કળથી ઘાત કરવો જોઇએ.

માલવદેવ—બેશક, તમારી સલાહ સારી છે, મારી મોટાઈ તમારા દાવપેચને આભારી છે.

કપૂરચંદ—મહારાજ ! બ્હેન વિધવા વીરમતીનું નારિયેળ હમિરસિંહ તરફ મોકલાવીએ, લાલચમાં લલચાવી દુસ્મનને ચિતોડમાં બોલાવીએ, જો બની શકે તો તે અરસાનો લાભ લઈ તેનો નાશ કરીએ, તેમ ન ફાવીએ તો વિધવા સાથે પરણાવી બાપા રાવલની ગાદિનું હડહડતું અપમાન કરીએ.

માલવદેવ—કલાકુશલ કપૂરચંદ કારભારી ! તમારી યોજના સર્વથા સર્વોત્તમ છે, તમે અને કુમાર હરિસિંહ વીરમતીના વેવિશાળનું નાળિયેળ લઈ હમીર પાસે જાઓ એવો મારો હુકમ છે.

હરિસિંહ અને કપૂરચંદ—મહારાજની આજ્ઞા માથે ચઢાવીએ છીએ, તાબડતોબ કાર્યમાં પ્રવૃત્ત થઇએ છીએ. (સઘળા જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—જંગલ.

(હમીરસિંહ અને સરદારો પ્રવેશ કરે છે.)

હમીરસિંહ—શાણા સરદારો ! બાપારાવલની ગાદિ ઉપર પગ મુકનારના માથે કેટલી મોટી જવાબદારીઓ સરજાએલી છે, તેના પુરા જ્ઞાન સાથે મેં મેવાડનો અધિકાર સ્વીકાર્યો છે, રૂધિરના તિલક સાથે રૂધિર વડેજ મેવાડ મુક્તિ સાધવાનો સંકલ્પ ધાર્યો છે. જેને સંસાર સુખની જરીકે નથી અભિલાષ, જેને જંગલમાં મંગલ ભાસે છે ખાસ, જેને ન બાંધી શકે મોહમાયાનો પાશ, તેવા કર્મ યોગીઓજ આ અંધકારમાં પાડી શકશે ઉજાસ. જ્યાં સુધી પ્રવિત્ર મેવાડ ભૂમિમાં દુશ્મનનો છે દોર દમામ, ત્યાં સુધી આદર્યો છે મેં આ રણયજ્ઞ નિષ્કામ, આ ભુજ બલેજ વિજય લક્ષ્મી વરવાની પુરી છે હામ, આ સત્ય સાધનામાં સહાય કરનાર છે દેવદેવ શંકર ગૌરીશ્યામ. તેટલા માટે સમસ્ત સરદારો ! આજથી આપણે આપણા જોર ઉપરજ ધુમવાનું છે, મેવાડના છુટકારા માટે મહાન્ કાર્ય આરમ્ભવાનું છે, સૂર્ય વંશના પ્રભાશાલી મહાપુરૂષો શ્રી રામચંદ્ર, બાપારાવલ અને સમરસિંહ જેવાને પંથે ચાલવાનું છે, આપણે સ્વધર્મ રક્ષા માટે આપણું તન, મન, ધન અર્પણ કરવાનું છે. આપણે પ્રાણ પણ પ્યારો ગણુતા નથી તો પછી આપણે કોનાથી બીવાનું છે ?

સર્વે સરદારો—શૂરશિરોમણિ મહારાણા ! તમે તેજસ્વી તરણિ વંશના અલંકાર છો, મેવાડનો પુનરૂદ્ધાર કરનાર છો. તમારી આજ્ઞા ઉઠાવવાનો અમને ઉમંગ છે, ક્ષાત્રાનલથી પ્રદીપ્ત થયેલી કર્તવ્યનિષ્ઠા અમારી સંગ છે.

હમીરસિંહ—સરદારો ! તમારાં વચનોથી વિમલ વીર્યની વૃદ્ધિ થાય છે, દુષ્કર કાર્યમાં ઝંપલાવવાની આશા બંધાય છે, ખાત્રી રાખો કે

થોડા સમયમાંજ આપણા હાથે દુશ્મનનો પરાજય થામ છે. આપણા ઉપર પરમ કૃપાળુ પરમાત્માની પુરેપુરી મહેરબાની છે, મુહૂર્તના શીકારમાંજ મુંજ બલેચાના પોસેલિયો દુર્ગની કમાણી છે, વનરાજ પેઠે મહાલતા આપણા સૈનિકો આગળ અરિની હીંમત હરાણી છે, રિપુની ફોજ આપણાથી ભય પામી કોટવાળા કિલ્લાઓમાં ભરાણી છે, તેના નસીબમાં સરજાએલી સંપૂર્ણ ધુળધાણી છે.

(કુમાર હરિસિંહ અને કારભારી કપૂરચંદ પ્રવેશ કરે છે.)

કપૂરચંદ—હમીરસિંહ! ચિતોડના સુબેદાર મહારાજ માલવદેવે પોતાના કુમાર હરિસિંહને આપની પાસે મોકલ્યા છે. તમારી મિત્રતા મેલવવા આ કિમતી બક્ષીસો અને પોષાક મહારાજ તરફથી અર્પણ કરીએ છીએ અને સાથે મહારાજની કન્યા બહેન વીરમતીની સગાઇનું આ નારિયેળ આપના હસ્ત કમલમાં મુકીએ છીએ. મહારાજ માલવદેવની આ માગણી સ્વીકારશો અને અમને આભારી કરશો.

હમીરસિંહ—કુમાર હરિસિંહ! તમારા તરફની ઉમદા ભેટો અને આ નારિયેળ ઘણા માન પૂર્વક સ્વીકારૂં છું.

કપૂરચંદ—હમીરસિંહ મહારાણા! તમારી સુજનતાથી અમે ઘણા-રાજી થયા છીએ.

હરિસિંહ—તમારા જેવા બહાદુર પુરૂષનો અમારે સંબંધ થશે એ મોટા આનન્દની વાત છે, તેને લીધે અમારૂં હ્રદય રળિયાત છે.

હમીરસિંહ—હરકોઇ મનુષ્યને તેની શુભેચ્છામાં નિરાશ ન કરવો એજ મારી રીત છે, તમારી સાથે વિવાહની વજ્રગાંઠથી જોડાતાં અમારી ઉન્નતિ ખચીત છે. તમારી ઇચ્છાનુસાર લગ્નવિધિ માટે અમે આવીશું, તમારા મનના મનોરથ ફલીભૂત કરીશું.

કપૂરચંદ—મહારાણા હમીરસિંહ! આગામી વસન્ત પન્ચમીને દિવસે બહેન વીરમતીનું લગ્ન નિર્ધાર્યું છે. તે શુભ પ્રસંગે ચિતોડ ગઢ પાવન કરશો, અમને યશ ભાગી કરશો.

હમીરસિંહ—બહુ સારૂં, આપની મરજી મુજબ વર્તીશ.

કપૂરચંદ અને હરિસિંહ—લ્યો ત્યારે; મહારાણા હમીરસિંહ! રજા લઇએ? બહેનના લગ્નની તૈયારી કરીએ છીએ.

(કપુરચંદ અને હરિસિંહ જાય છે.)

૧ લો સરદાર—મહારાણા ! આ નારિયેળ સ્વીકારવામાં આપે ભૂલ કરી છે, દુશ્મનના હાથમાં રમકડા માફક રમવાની રીત આદરી છે.

૨ જો સરદાર—બેશક, મહારાણા ! હજુ આપ બાળ છો, જગત્‌ની પ્રપંચ જાળથી બીન વાકેફગાર છો. આમાં માલવદેવ કાંઇ જુદોજ દાવ ખેલવા માગે છે, તેથી નારિયેળ સ્વીકારી લેવામાં આપની ભારે ચૂક લાગે છે.

૩ જો સરદાર—આપણા કટ્ટા વૈરિનો સુબેદાર આવી રીતે લગ્નનું કહેણુ મોકલે તેમાં દગલબાજી હોવી જોઇએ, આપણે ભોળા થઈ જાણી જોઈ ભયસ્થાનમાં ફસાવું ન જોઇએ.

૪ થો સરદાર—મહારાણા ! નારિયેળ મોકલવામાં માલવદેવની શી મતલબ છે તે કળી શકાતી નથી. પણ આ વિષયમાં તેનું મન મલિન જણાય છે, વિશ્વાસુ બનવામાં આપણા ઉપર આફતનું વાદળ ઘેરાય છે.

હમીરસિંહ—સરદારો ! તમારા ડાહ્યા ડમરા વિચારો મને ના પસંદ છે, નિર્ભયપણે ભયસ્થાનમાં સ્વતઃ જવું એજ ખરા રાજપુતોનો છંદ છે. શું બાપારાવલનો વંશજ ભયથી બીશે ? શું સમરસિંહનો સન્તાન કાયર બનશે ? શું અગ્નિ ઉષ્ણતા છોડી દેશે, શીતલ બનશે ? શું ગગન વિહારિ દિનમણી પ્રકાશને બદલે અંધકાર પાથરશે ? સરદારો ! પરમાત્માએજ આ પ્રેરણા કરી છે, આવી માંગલિક યોજના ઉપસ્થિત કરી છે. લગ્ન પ્રસંગને બહાને પ્રાચીન ચિતોડનાં દર્શન થશે, મારા યશસ્વી પૂર્વજોના નિવાસે પવિત્ર થયેલા ચિતોડમાં પ્રવેશ કરવાનું બનશે. તમે કહો છો કે દુશ્મનના ગઢમાં એકલા જવામાં ભય છે, તો હું છાતી ઠોકી કહું છું કે રાજપુતને વહાલો ભય છે અને કડવો નિર્ભય છે. વિજય પરાજયની ખરા ક્ષત્રિયને પરવા હોયજ નહીં. એક દિવસ સમરક્ષેત્રમાં ઘાયલ થઇ રક્તનો અલંકાર ધારણ કરે તો બીજે દિવસ માથે મુકુટ પહેરી સિંહાસન તરફ સંચરે.

સરદારો—જ્યારે મહારાણાની આટલી મોટી ધીરજ છે, ત્યારે અમારી સઘળાની પણ નીડર બની અનુસરવાની સમજ છે, મેવાડની જાદિ માટે સર્વસ્વ અર્પણ કરવાની ફરજ છે.

હમીરસિંહ—સરદારો ! તમારા ઉદ્‌ગારોથી મારા મનમાં અત્યંત હર્ષ ઉભરાય છે, ઉત્સાહની અભિવૃદ્ધિ થાય છે. જો માલવદેવનું મન મલિન હશે, તો તેનો દગો તેનુંજ ભક્ષ્ય કરશે. સચ્ચિદાનંદ પરમ પ્રભુ

સાચાની સાહાય કરશે, કપટીના કાવાદાવા નિર્મૂલ કરશે. બોલો, સરદારો! શ્રી રામચંદ્રનો જય! શ્રી બાપારાવલનો જય! શ્રી સમરસિંહનો જય! તેમના નામ સ્મરણથીજ આપણો સદા છે વિજય! પ્રપંચ પ્રેમી પામર પ્રાણિઓનો પ્રતિદિન પરાજય!

(સઘળા જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—ચિતોડમાં દરબારગઢની બહારનું મેદાન.

(માલવદેવ, કપૂરચંદ કારભારી, હરિસિંહ તથા સૈનિકો પ્રવેશ કરે છે.)

માલવદેવ—કપૂરચંદ કારભારી! તમારી સલાહ મુજબ ચુનંદા સૈનિકોની આ ટુકડી ચુંટી કહાડી છે, હમીરસિંહનું સ્વાગત કરવા તેને અત્રે દરબાર ગઢના મેદાનમાં બેસાડી છે. બહાદુર હરિસિંહ! આ શૂર સુભટોની સરદારી તમને સોંપાય છે, તમારા પરાક્રમની પાકી અજમાયશ થાય છે.

હરિસિંહ—પિતાજી! નિશ્ચિન્ત રહો. આજ દિને હમીર મૃગ આ કેસરીના હાથે પરાભવ પામનાર છે, આજ રોજ રાણા વંશનો અસ્ત થનાર છે, આ તીક્ષ્ણ તલવારના ઘાએ હમીરના હાડમાંસના ચુરા થનાર છે, આપણી સ્થાયી હકુમતમાં કાંટા સમાન હીચકારા હમીરના શીર ભમતો કાળ છે.

માલવદેવ—ધન્ય છે, બહાદુર હરિસિંહ! અમારી સઘળી આશાઓનો તમારા શૌર્યપર આધાર છે, તમારા વિજયથી દુશ્મનની જડ ઉખડી જનાર છે. નક્કી કરેલી વ્યવસ્થા મુજબ હમીરને સપડાવશો, પ્રેમે પરણવા પધારનારનું કઠોર કૃપાણ ધારા સાથે લગ્ન કરશો.

હરિસિંહ—પિતાજી! મારા કર્તવ્યમાં હું હુંશિયાર છું, યુદ્ધ લીલાનો પુરો જાણકાર છું.

કપૂરચંદ—(હરિસિંહને સ્વગત) જો મામલો બગડે તો તમારી જાતને જોખમમાં નાંખશો નહીં. કારણ કે "જીવતો નર ભદ્રા પામશે" એ સિદ્ધાંત નિર્વિવાદ છે, વિનાકારણ દેહનું બલિદાન આપનારને પુરી ખાદ છે, એક દાવ ન ફાવ્યો તો બીજી યુક્તિઓની ક્યાં વિસાદ છે?

હરિસિંહ—કપૂરચંદ કારભારી ! એ બાબતમાં મારી ફીકર કરશો નહીં, નકામા શોક વશ થશો નહીં.

માલવદેવ—અમે ત્યારે થોડે દૂર ગુપ્ત ઊભા રહીએ છીએ. તમારા તેજસ્વી બલ પરાક્રમને શાન્તિ પૂર્વક નિહાળીએ છીએ.

(માલવદેવ ને કપૂરચંદ કારભારી જાય છે.)

હરિસિંહ—મેવાડના સ્થાયી સુબેદારના સુભટો ! આજ રોજ આપણે શીર મોટી જવાબદારી છે; તમે ઘણા પ્રસંગોએ અતુલ વિક્રમ દર્શાવી તમારી આબરૂ વધારી છે. તેટલા માટેજ આ અસાધારણ કાર્યમાં તમારી યોજના થઈ છે, તેમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની તમારે હાથ જોગવાઈ છે. શાણા સજ્જનોને વધુ કહેવાની જરૂર નથી જોતો, લંબાણ વિવેચન કરી વૃથા વખત નથી ખોતો.

સૈનિકો—કુમાર ! અમે છીએ તમારા આજ્ઞાંકિત તાબેદાર, તમારા વચનને ન કદાપિ ઉથાપનાર, રક્ત તરસી આ ભવાનીને રિપુ રૂધિરથી રંગનાર.

(સામેથી મહારાણા હમીરસિંહ અને તેમના સરદારો પ્રવેશ કરે છે.)

હમીરસિંહ—શૂરા સરદારો ! તમારી અગમચેતી મુજબ દગાનો ભાસ થાય છે, અન્તઃકરણમાં શાન્ત થયેલો ક્રોધાનલ પુનઃ પ્રદીપ્ત થાય છે. ચિતોડમાં લગ્નની ધામધુમ બીલકુલ જણાતી નથી, તોરણાદિ માંગલિક ચિન્હોની પરંપરા દેખાતી નથી. પણ મને ખાત્રી છે કે દગાને કોઈની સગાઈ નથી, કપટની કોઈ પણ કાળે ફતેહ જણાઈ નથી. આપણે મુઠીભર હોવા છતાં શિયાળના નિવાસમાં સંચરેલા વિકાળ વનરાજ સિંહ સન્તાન છીએ, પ્રપંચ જાળને ભસ્મ કરનાર નિદાઘભાણુ છીએ.

હરિસિંહ—હમીરસિંહ ! ક્ષત્રિયને છાજે તેવું સન્માન કરવા કુમાર હરિસિંહ તમારી સન્મુખ હાજર છે.

હમીરસિંહ—કુમાર હરિસિંહ ! લગ્નને બહાને કપટલીલા આચરનારને લાખો ધિક્કાર છે, તમારા જેવા હીચકારા હરામીઓ માટે સર્વદા સજ્જ આ તલવાર છે.

હરિસિંહ—આ સ્થળે તમે અમારા દુર્ગમાં ફસાયેલા કેદી છો. પ્રાણ વહાલો હોય તો હથિયાર છોડો, નહીંતો સ્વર્ગને રસ્તે સિધાવી પરમેશમાં પ્રીતિ જોડો.

હમીરસિંહ—સાચો ક્ષત્રિય બાળ ગમે તે સંકટમાં હથિયાર છોડશે નહીં, પરાધીનતા સ્વીકારશે નહીં, ખુશીથી સામે મોરચે ક્ષાત્ર મરણને ભેટશે, પરાક્રમીના પ્રીતિ પાશમાં ફસાયેલી સુરાંગનાઓના વિરહાનલને સ્નેહ જલથી બુઝાવવા સ્વર્ગમાં સંચરશે.

હરિસિંહ—તો થઇ જાઓ હુંશિયાર, તમારૂં સ્વાગત કરવા અમે છીએ તૈયાર.

(હમીરસિંહ અને સરદારો હરિસિંહના સૈનિકો સાથે પુર જોસથી લડે છે અને તેમાંના ઘણાખરાને કાપી નાંખે છે.)

હરિસિંહ—(સ્વગત) આ અવસર અનુકૂળ નથી, તેથી વેળાસર અગિયારા ગણવામાં ભુલ નથી.

(હરિસિંહ નાસી જાય છે.)

(માલવદેવ, વનવીર અને કપૂરચંદ કારભારી પ્રવેશ કરે છે.)

માલવદેવ—હમીરસિંહ ! શાન્ત થાઓ. આતો ફક્ત તમારા વીર્યની કસોટી થઇ છે, તમારા ક્ષાત્ર તેજની કિમત અમારા મનમાં હજારગણી વધી ગઇ છે. રાજકુમારી વીરમતીના ભાવિ ભરથાર વીર શિરોના શ્રૃંગાર છે, રણાગ્નિમાં શોધાયેલા સાચા સુવર્ણના અલંકાર છે. હવે આ ક્ષત્રિયોચિત રમત ગમત પુરી થાય છે, પ્રેમે નિહાળો તમારા ગૌરવને છાજતો ભવ્ય લગ્ન મંડપ તમારી સન્મુખ રજુ થાય છે.

(દરબારગઢનાં દ્વાર ઊઘડે છે અને લગ્ન મંડપ દેખાય છે. માલવદેવનાં પત્ની રાણી રોહિણી અને ગાનારીઓ સાથે વધૂ વીરમતી પ્રવેશ કરે છે.)

ગાયન ૧૦ મું.

રોહિણી અને ગાનારીઓ—

દિનમણિ વંશ વિમલ સોહાશેરે,
સજની સુવર્ણમય ભાનુ ભાસેરે,
બેહેન વીરમતી પરણે ઉલ્લાસેરે,
રાણા કેસરિ હમીરબાળ—દિનમણિ૦

સજની આનન્દ ઉર ન માયરે,
સજની હૃદય અતિ હરખાયરે,
મનમોદ કળી ન શકાય—દિનમણિ૦

સજની મંડપની આ શી શોભારે,
સજની દીપ પ્રદીપની પ્રભારે,
જ્યોતિ જોઇ નયન અંજાય—દિનમણિ૦

સજની વિધિ કલંક ભુંસાશેરે,
ગુણી વધૂવર સંગમ થાશેરે,
હમીરવૃક્ષને વેલી વીંટાશે—દિનમણિ૦

દૂધ સાકરમાં ભળી જાશેરે,
સ્નેહે સરિતા સમુદ્ર જોડાશેરે,
ચંદ્ર કુમુદ સુસંયોગ થાશે—દિનમણિ૦

સુર સુરાંગના નભ આવીરે,
કુસુમ વૃષ્ટિ સ્વહસ્તે વર્ષાવીરે,
જય જાયાપતીનો બોલાવી—દિનમણિ૦

યક્ષ કિન્નરનો નાચ થાયરે,
યુગ્મ ગાન્ધર્વનાં ગીત ગાયરે,
મંગલ શબ્દ મીઠા સંભળાય—દિનમણિ૦

સરોજાસન વિધાતા જાતેરે,
સત્યલોકથી આવી આ રાતેરે,
મંત્રોચ્ચાર કરે ભલી ભાતે—દિનમણિ૦

હરિ આયુષ્ય દીર્ઘ કરેરે,
સુખસંપત સ્વસ્થતા ભરેરે,
બાળાઓ મુખ આશિષ્ ઉચરે—દિનમણિ૦

(માલવદેવ અને રોહિણી વીરમતી હમીરનો હસ્ત મેલાપ કરે છે.)

ટેબ્લો.

અંક ૧ લો સમાપ્ત.

અંક બીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—ચિતોડમાં માલવદેવનું અન્તઃપુર.

(રાણી રોહિણી પોતાની દાસીઓ સાથે પ્રવેશ કરે છે.)

ગાયન ૧૧ મું.

સખીઓ—

જય દેવી રોહિણી રાણી, માલવેન્દુપત્ની સુશાણી;
રતિ કાંતિ દેખી લજાણી, સુરાંગના મનમાં મુંઝાણી— જય૦

હૃદયેશ ધ્યાન ધારી, વૃત્તિ એકાગ્ર રાખી,
પતિ શુશ્રુષા સુધાનો, મધુ મિષ્ટ સ્વાદ ચાખી;
અહર્નિશ પાન પ્રેમે, કરે તોયે ના ધરાણી— જય૦

શરદિન્દુ શાન્ત મુખી, અમી ભરી દૃષ્ટિ તારી,
પ્રીતિ પામી ચિત્ત સ્વામી, ખરેખર ભાગ્યશાળી;
સતી શુભ્ર કીર્તિ ગીતા, દશે દિશમાં ગવાણી— જય૦

રોહિણી—શાણી સખીઓ, તમારી અતિશયોક્તિ ભરેલી સ્તુતિ મારા જેવી લઘુલલના માટે અનુચિત છે.

૧ લી સખી—મહારાણી રોહિણી દેવીનો વિજય ગાવો એજ અમારો ખરો સંતોષ છે. બેન વીરમતીના લગ્ન પ્રસંગે અમારો અન્તરાત્મા હર્ષના આવેશમાં આવી વધુ પડતાં વર્ણન કરે તેમાં શો દોષ છે?

૨ જી સખી—અમને તો મહારાણીની મુખમુદ્રામાં સુધાનો ભંડાર અને શીતલતાનો અંબાર દેખાય છે. શિશિરાંશુ તારાનાથ પેઠે સૌમ્ય સુભગ આકૃતિવાળા માલવેન્દુ મહારાજ માટે મહીતલમાં ઉતરેલાં સાક્ષાત્ રોહિણીનું સ્વરૂપ તમારામાં દૃષ્ટિગોચર થાય છે.

રોહિણી—હું વારે ઘડીએ કહું છું કે સાતમા આસ્માન સુધી પહોંચાડી દેવાની તમારી પદ્ધતિ મને પસંદ નથી, મિથ્યા સ્તુતિના આડંબરો સાંભળી રાજી થવાનો મને છંદ નથી. વારૂ, સખીઓ, તમે મારા કહ્યા મુજબ બ્હેન વીરમતીનો મહેલ શણગાર્યોને?

૧ લી સખી—મહારાણી, એમાં કાંઇ કહેવું પડે તેમ નથી. અગણિત સુખાસનો, તેજસ્વી દીપો, સુગંધિ પુષ્પો અને સર્વે રૂચિર પદાર્થોનો સંચય કરી બ્હેનના મહેલને વસુધાપરનું સ્વર્ગ બનાવ્યું છે.

૨ જી સખી—દેવી, ઝગઝગ બળતા અસંખ્ય પ્રદીપોના પ્રકાશે બ્હેનનું આવાસસ્થાન સંજીવનૌષધિ વાળા જ્યોતિષ્મય પર્વતની શોભા ધરાવે છે.

રોહિણી—તમારા શ્રમથી હું પ્રસન્ન થઈ છું. બ્હેન ઉપરના નિષ્કામ પ્રેમ માટે તમને ધન્યવાદ આપું છું.

૧ લી સખી -બ્હેન માટે જે કાંઇ કરવું પડે તે શ્રમ ગણાય નહિ. પોતાની ફરજ બજાવવામાં ફળની આશા રખાય નહિ.

રોહિણી—સખીઓ, ખરેખર આજે મને અપૂર્વ આનંદનો અનુભવ થાય છે, જેના બાલ વૈધવ્યથી હું આટલો સમય હેરાન હતી તે વ્હાલી દુહિતા આજે અચાનક સૌભાગ્યવતી થઇ. બેશક, મારે માટે વાદળ વિનાના ગગનમાંથી સુધાવૃષ્ટિ થઇ, હૃદયને શેકતી પ્રચંડ ચિન્તા સદાને માટે દૂર થઇ. પરમાત્માને પાર્થના કરૂં છું કે મારી વ્હાલી પુત્રી વીરમતીનુ સૌભાગ્ય ચિરકાળ રહો.

સખીઓ મહારાણી રોહિણી દેવીની અમોઘ આશિષ વીરમતીના વિમલ જીવનને સ્નેહના અમી રસથી ભરો.

રોહિણી—વારૂ, સખીઓ, હજુ મહારાજ પધાર્યા નહીં તેનું શું કારણ?

૧ લી સખી—રાજકાજમાંથી પરવાર્યા હોય ત્યારે ને?

૨ જી સખી—નીતિ નિપુણ નરોને તો બધા દિવસ સરખા. એકે દિવસ નિરાંતનું નામ હોયજ નહીં.

રોહિણી—કુટિલનયના કારમા કરામતીઆઓને ન મળે પ્રેમનું જ્ઞાન, કે નમળે વિયોગ વન્હિમાં વિમાસણ કરતી વનિતાનું ભાન! કોણ જાણે શાએ દાવ પેચ રમતા હશે કે લગ્ન જેવા માંગલિક પ્રસંગે પણ શાંતિથી બેસવાની ન મળે નવરાશ, એવા સ્વાર્થ સાધુ કારીગરો પાસે સ્વચ્છ સ્નેહની શી આશ?

૧ લી સખી--ગભરાઓ નહિ, જુઓ દૂરથી મહારાજ પધારે છે.

૨ જી સખી—પણ આજે શા કારણથી અતિશય ઉતાવળે પગલે સંચરે છે, રક્ત લોચનો વડે આપણી સઘળી શાંતિ હરે છે?

રોહિણી—સખીઓ, આજે મહારાજનું મન ઉગ્ર ભાસે છે. મંગળમાં અમંગળ થશે કે શું? ઈશ્વર, તારી લીલા અપાર છે, તેમાં રમકડાં માફક આમ તેમ નીચે ઊંચે અથડાવા માટે અમારો આ અવતાર છે.

સખીઓ—મહારાણી, અમે હવે રજા લઇશું.

(માલવદેવ પ્રવેશ કરે છે.)

માલવદેવ—રાણી, તમારા પ્રતિવ્રતા ધર્મની કસોટીનો પ્રસંગ આવ્યો છે. તમારી સહાય વિના ઇષ્ટ વસ્તુ સાધ્ય થશે નહિ, આપણા રાજ્ય માથેનું ભારે ભયાનક નડતર દૂર થશે નહીં. જ્યાં સુધી આ કડણ આડખીલી ખેંચાઈ નથી, ત્યાં સુધી મેવાડ ઉપર આપણી પુરેપુરી સત્તા સ્થપાઇ નથી. શાણી રાણી, મારી આજ્ઞાનુસાર તમારા હાથે પ્રયત્ન થાય તો સંકટ સદાને માટે દૂર થાય.

રોહિણી—પ્રાણનાથ, આજના લગ્ન મહોત્સવની નિર્વિઘ્ને પરિસમાપ્તિ થવાથી અમને પરમાનન્દનો અનુભવ થાય છે, તે વખતે આપ તરફથી રમ્ય મિષ્ટ વાણીને બદલે કઠોર કર્કશ શબ્દો સંભળાય છે, તેથી મારૂં હૃદય અતિશય મુંઝાય છે, ન જાણું શા કારણથી મારા પ્રિયતમે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, એવું કેવું રાજ નૈતિક નિષ્ઠુર કર્મ આદર્યું છે?

માલવદેવ—રાણી, તમે રાજલીલાનો પુરો પાર પામી શકો નહીં. તેથી વધુ વિચાર કર્યા વિના મારી ઇચ્છાનુસાર વર્તવા કબુલ થાઓ, મારા ઇષ્ટ મનોરથમાં મદદગાર થાઓ.

રોહિણી—પ્રાણનાથ, હું આપની આજ્ઞાંકિત કિંકરી છું, પણ જ્યારે વ્હાલી વીરમતીના લગ્ન જેવા શુભ પ્રસંગે ગૂઢ સંભાષણ કરી મારા વહેમની વૃદ્ધિ કરો છો, ત્યારે મને અનિચ્છાએ છાતી ઠોકી કહેવાની જરૂર પડે છે કે તમારી આજ્ઞા નીતિ ધર્મ વિરૂદ્ધ હશે તો તેનો અમલ કરવાનું મારાથી નહિ બનશે!

માલવદેવ—રાણી, આ શું બોલો છો? ધર્માધર્મનો ખાલી વિચાર કર્યા વિના પતિનો હુકમ ઉઠાવવો એમાંજ નારીનું ભૂષણ છે, પતિના મુખમાંથી નીકળેલી વાણીને તાબડતોબ તાબે થવું એજ સતી સ્ત્રીની સાચી સમજણ છે.

રોહિણી—વ્હાલા પ્રાણનાથ, હું તમારા ઉપર ગમે તેટલો પ્રેમ રાખું છું, તમારા ઉપર ગમે તેટલો ભક્તિભાવ ધરાવું છું, તે છતાં તમારી ન્યાય વિરૂદ્ધ આજ્ઞા કદાપિ માન્ય કરી શકીશ નહિ, પાપાચરણમાં કદાપિ પ્રવૃત્તિ કરીશ નહિ.

માલવદેવ—મારા મનની ફીકરને ઓછી કરવી તો કોરાણે રહી

પણ તું આ સમયે આવા નિરર્થક ઉદ્ગારો વડે મને બહુ હેરાન કરે છે. હજુ પણ સમજી શકતી નથી કે જે હમીરને વિધવા વિરમતીનું દાન કર્યું છે તે મેવાડની ગાદિનો અવશિષ્ટ સન્તાન છે, તેનું અસ્તિત્વ મારે માથે ભમતી આફતનું આબાદ નિશાન છે. હમણાંતો વિધવા સાથે બાપા રાવલના વંશજને પરણાવી સચોટ અપમાન કર્યું છે, એટલુંજ નહિ પણ વીરમતીના પંજામાં વીર હમીરને સપડાવી તેની શક્તિનું પુરેપુરૂં હરણ કર્યું છે. તેથી રાણી, હવે તમારા કામની શરૂઆત થાય છે. પુત્રીને સમજાવી તેને હાથે હમીર તરફનો ભય નિર્મૂલ કરો, મેવાડની નિષ્કંટક ગાદિનું મહિષી પદ ધારણ કરો.

રોહિણી--પ્રાણનાથ, આજે તમારૂં મગજ આટલું બધું શા માટે ગરકેરાઇ ગયું છે ? વ્હાલા જમાઇનું અનિષ્ટ કરવાથી, વ્હાલી દુહિતાના હિતમાં પુળો મુકવાથી, ન્યાયધર્મનો પરિત્યાગ કરવાથી, અધર્મ ચાણ્ડાલના પાશમાં ફસાવાથી, સમગ્ર મહીમંડલ, અરે ! વિશ્વમંડલનું સામ્રાજ્ય મળતું હોય તોપણ તે મારે શિવ નિર્માલ્ય છે, ત્યારે ફક્ત આ મેવાડની તુચ્છ સુબેદારી અને બીજા રૂપમાં યવનોની તાબેદારી માટે અનીતિ કરવી તે મારા માટે આકાશ કુસુમવત્ અશક્ય છે. સ્વાર્થના સેતાનને આધીન થઇ એટલું પણ વિચારી શકતા નથી કે હમીરનું અનિષ્ટ કરવું તે વીરમતીનું સૌભાગ્ય નષ્ટ કરવા બરોબર છે, પોતાના હાથે પોતાના પગ ઉપર કહાવાડો મારવા બરોબર છે.

માલવદેવ—અરે ! મૂર્ખ વનિતા, વીરમતીના સૌભાગ્યની મિથ્યા વાત ક્યાં કરે છે ? વિધવા પુનર્લગ્ન શાસ્ત્રનિષિદ્ધ છે તેથી વીરમતીનું લગ્ન શાસ્ત્રાધારે અસિદ્ધ છે. વીરમતીના વૈધવ્યના સમાચાર રઘુવંશી શૂર હમીરના કાને પડશે કે તુરત તે માની ક્ષત્રિય વીર તેનો તિરસ્કાર પૂર્વક પરિત્યાગ કરશે. તેથી પ્રત્યાદિષ્ટ પ્રમદા તરિકે આખી જીંદગી ગુજારવાને બદલે પ્રત્યાદેશના કારણનો સ્વહસ્તે સંહાર કરવો તે વીરમતી માટે શ્રેષ્ઠ માર્ગ છે.

રોહિણી—બેભાન થઇ આ શું બોલો છો ? રઘુકુળ તિલક શ્રી રામચંદ્રે સ્વહસ્તે સતી તારા અને સતી મંદોદરીનાં પુનર્લગ્ન કરાવી વિધવા પુનર્લગ્ન શાસ્ત્ર સિદ્ધ કીધું છે, તે વિષયમાં સંશયને લગારે સ્થાન ક્યાં રહેવા દીધું છે ? શ્રી રામચંદ્રના વિમલ વંશમાં જન્મ પામ્યાનો દાવો કરનાર હમીર વીરમતીનો સ્વીકાર કરશે અને વીરમતી હમીરની સાચા દીલે સેવા કરશે તો સતીશિરોમણી ગણાશે, વીર લલનાઓનો સાચો અલં-

કાર મનાશે.

માલવદેવ—એમ થશે તો તારી અને તારા બાળકોની સંપૂર્ણ અધોગતિ થશે. ચિતોડ દુર્ગમાં વસતા સિસોદિયા ક્ષત્રિયો રાણાવંશના સાચા ભક્ત છે, વ્હેલા મોડા બળવો કરી રાણાવંશની પુનઃ સ્થાપના કરવા સશક્ત છે. તેમ છતાં તારા પુત્રો માટે હમીરની ગુલામગીરી શિવાય બીજું શું સાધન રહેશે ?

રોહિણી—યવનોની તાબેદારી કરતાં દિવાકરાન્વયી ક્ષત્રિય શિરોમણિ હમીરની ગુલામગીરી હજારો દરજ્જે ઉત્તમ છે. વળી હમીર આપણો પૂજ્ય જમાઇ છે, તેની સાથે આપણે સાચી સગાઇ છે. તેની મૈત્રા ઉઠાવવામાંજ આપણી શોભા સમાઇ છે.

માલવદેવ—શું હમીર આપણો જમાઇ છે? ના, ના, રાણી, ને તો મારા શરીરના અંગે અંગમાં ચોપડેલી જ્વલંત રાઇ છે, તેના તરફ વૈરની જ્વાલા મારા અંતઃકરણમાં ઉભરાઇ છે, હમીરને નષ્ટ કરવાના ઉપાયો યોજવામાં મારી મનોવૃત્તિ રોકાઇ છે.

રોહિણી—નિકટના સંબંધી પ્રત્યે વૈરનું વિષ ના વધારો, સ્નેહના સુવર્ણમય રજ્જુવડે હમીર મૃગેન્દ્રને બાંધી સકલ ક્ષત્રિય આલમનું શુભ ભાવિ ભાળો, અંદર અંદરના કુસંપ તિમિરને વિદારો, ક્ષત્રિયોના ક્ષીણ થયેલા ઓજસ્‌માં સંપ સુધારસ સિંચી આર્યોની પ્રતિષ્ઠા સંભાળો.

માલવદેવ—રાણી, સ્વાર્થને સળગાવી પરમાર્થ પરાયણ થવું તે અત્યન્ત મૂઢતાનું લક્ષણ છે, હમીરને પોતાનો કરી લેવાનું તારૂં દોઢ ડહાપણ છે, પ્રમદાની બુદ્ધિ પાનીએ એ કહેવતનું આબેહુબ સૂચન છે.

રોહિણી—પ્રાણનાથ, શાંત થાઓ, મલિન વિચારના આવેશમાં તણાઇ ના જાઓ. હમીર સાથે વૈર વધારી સ્વહસ્તેજ પાયમાલીનું પગથીયું ચણો છો, દુશ્મનાવટના દાવાનળમાં જળને બદલે ઘી હોમી શાંતિની આશાને જડમૂળથી હણો છો.

માલવદેવ—બસ કર, બહુ થયું. તારા દોઢડાહ્યા ભાષણનું મારે કામ નથી, તારી શુષ્ક સહાયની મારે દરકાર નથી. હવે હું જાતેજ વીરમતી પાસે જઇશ, સાચી સ્થિતિનું ભાન કરાવી તેના હાથેજ હમીરનું સાલ દૂર કરીશ.

રોહિણી—હું તમને પગે પડી પ્રાર્થના કરૂં છું કે આ અસદુદ્યોગ

છોડી દ્યો, હવા સાથે બાચકા ભરવાનું મુકી દ્યો. અધર્માચરણથી તમારે માથે ભારે આફત આવી પડશે, સાથે તમારી અને તમારા આખા કુટું-બની દુર્દશા થશે.

માલવદેવ--તારા અંતઃકરણની ખરી લાગણીઓ સાંભળવાથી મને મારૂં સુકાન ચલાવવામાં ભૂલ થશે નહિ, તારાથી મારી યુક્તિ પ્રયુક્તિ-ઓમાં માથું મારવાનું બની શકશે નહિ. વિલંબ કર્યા વિના કામ શરૂ કર્યાથી વિઘ્ન નડશે. નહિ, બસ રાણી, હવે હું તમારી રજા લઉં છું.

રોહિણી--મહારાજ, હું ફરી ફરી કહું છું કે અધર્મે ક્ષય થશે, આપનું અધઃપતન થશે. મિથ્યા મમત્વ કરો નહિ. પ્રલયકારી પાપ પિશાચનો સંગ કરો નહિ.

માલવદેવ--મુંગી મર, તારી જીભ ટુંકી કર. તારાં ટાહ્યલાં સાંભ-ળવાનો મને અવકાશ નથી, અક્કલ શૂન્ય ભામાના ભ્રાન્તિમય ઉદ્ગારો સાંભળવામાં કાર્યસિદ્ધિની આશ નથી. (માલવદેવ ગુસ્સે થઇ રોહિણીને મારવા જાય છે.)

રોહિણી--પ્રાણનાથ, મને ન કરો નિરાશ, છોડી દ્યો અનીતિનો પાશ.

ગાયન ૧૨ મું.

અધર્મે કદી ન સુખની આશ, કરો દૂર મમત્વ મદિરા પાશ- અધર્મે.

નિજ લાભ સાચવવા માટે, પરનું સત્યાનાશ
કરે બળે તે પામર જેવું (૨), દાવાનળમાં ઘાસ- અધર્મે.

દશ કણ્ઠ ગર્વી મહારાજા, ત્રણે ભુવનનો ખાસ
સતી જાનકી દુભવતાં તે (૨), થયો કાગનો ગ્રાસ- અધર્મે.

અભિમાની દુષ્ટ સુયોધન, વિનિંદ્ય વૃત્તિદાસ
કરતાં પાણ્ડવ પ્રત્યે ઇર્ષ્યા (૨), કૌરવ કુળનો નાશ- અધર્મે.

હિતવાણી ઉરમાં ધારીને, કરો ન કંથ નિરાશ
અસત્પંથનો આશ્રય લેતાં (૨), શાંતિનો ન આભાસ- અધર્મે.

(જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—ચિતોડમાં મયાશંકરનું ઘર.

(શોકાતુર મૃણાલિની પ્રવેશ કરે છે.)

મૃણાલિની—હા ! હા ! અભાગી મૃણાલિની, તું જુલમી જ્ઞાતિ નિશાચરીનું ભક્ષ્ય થઇ છે. તારા શીરપર આફતની અવધિ થઇ છે. જેમ જેમ સમય જાય છે, તેમ તેમ મૂર્તિમંત ભીતિ ઉપસ્થિત થાય છે. ચાર દિવસ આજ પુરા થયા છે, મારા મનના મનોરથ હવે મનમાંને મનમાં સમાઈ ગયા છે. વસંત પંચમીનો શુભ દિવસ સઘળા જનોને માટે માંગલિક છે. પણ આ કમનસીબ લલના માટે તેજ દિવસે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. “એકને અમૃત તેજ બીજાને ઝેર” એવું લોક વાક્ય બેશક સત્ય ઠર્યું છે. મયાશંકર ગોરના કારાગૃહમાં નિવાસ કરતી મૃણાલિની, તું નિર્દોષ છતાં તારે માથે અસહ્ય જુલમની પરિસીમા થઈ છે, અજ્ઞાનાન્ધકારમાં સડતા જ્ઞાતિજનોની તારા ઉપર કરડામાં કરડી નજર થઇ છે. દરેકે દરેક ક્ષણ અતિ શ્યામ વિપત્તિ વાદળને તારી સમીપ લાવે છે, તારા હૃદયમાં સ્ફુરતા મનોરથ તારકોને એકદમ ઢાંકી દેવાની શક્તિ ધરાવે છે. આ નિરાધાર સ્થિતિમાં મારો નથી કોઇ આધાર, સાચો બેલી છે ફક્ત ત્રિભુવન પતિ વિશ્વાધાર. મન્દભાગ્ય મૃણાલિની, જ્ઞાતિ રાક્ષસીના પંજામાં સપડાઈ નીરસજીવન વ્યતીત કરવાને બદલે પરમાત્માને ચરણે આત્મસમર્પણ તેજ તારે માટે શ્રેષ્ઠ ઉપાય છે; કુમળા અંતઃકરણ, તું શામાટે ગભરાય છે ? કેવળ ગોપાળના પાદપદ્મમાં લીન થવા હીંમત ધર, અવનીતળના મિથ્યા માયિક ફંદમાંથી બચવા થઇ જા તત્પર.

(રૂમાલ ગળામાં લપેટી અને ધુંટણીએ પડી.)

ગાયન ૧૩ મું.

વેળા વસમીરે વેળા વસમીરે વેળા વસમી
વદે વિનતી વામા પોકારીરે વેળા વસમી—
સંસાર સઘળો શૂન્ય દીસે છે (૨)
બની પુરી દુઃખિયારીરે વેળા વસમી—
વિપત્તિ દરિયે ડુબી અભાગી (૨)
ધીરજ સઘળી હું હારીરે વેળા વસમી—
થાયે દુશ્મન નિજજન જોતા (૨)
લે કોણ મુજને ઉગારીરે વેળા વસમી—

નથી સગું કો મારૂં મહીમાં (૨)
શીવાય તું ત્રિપુરારિરે વેળા વસમી—
મિથ્યા મમતા માયા તજીને (૨)
શ્રદ્ધા પ્રભુપર ધારીરે વેળા વસમી—
આત્મા સમર્પું ઇશ્વર ચરણે (૨)
ભવની પીડા વિસારીરે વેળા વસમી—
વિશ્વાધીશ આ દાસી ચરણની (૨)
લેજો સ્નેહે સ્વીકારીરે વેળા વસમી—

(મૃણાલિની રૂમાલ ખેંચી આત્મઘાત કરવા જાય છે, તેવામાં મયાશંકર ગોરના ઘરનું બારણું તુટી પડવાનો અવાજ થાય છે અને અચાનક જાલ પ્રવેશ કરે છે અને મૃણાલિનીના હાથમાંથી રૂમાલ ઝુંટાવી લે છે.)

જાલ—અવનીતલની અપ્સરા, શામાટે મુંઝાઇ અમૂલ્ય જીવનને છેદવા પ્રેરાય છે, સમસ્ત સંસારને અસાર કરવાની યોજના શામાટે તારા કોમલ હાથે રચાય છે ?

મૃણાલિની—આ અભાગી કન્યાનું રક્ષણ કરવા અચાનક આવેલા દેવાંશી નર, મને શાન્તિથી મરવાદે, દુઃખ દાવાનળના ચારે બાજુએ ઊભરાતા ભયાનક ભડકાથી છુટી થવાદે.

જાલ—વિશુદ્ધ ચારિત્ર્યના તેજોમય પ્રકાશથી મહીમંડળને દીપાવતી ચંદ્રમુખી ચતુરા, શાન્ત થા, આવું સાહસ કરવાની તારે જરૂર નથી, સુખસુધાની સ્વચ્છ સરિતા તારાથી દૂર નથી.

મૃણાલિની—વીરનર, આ મન્દભાગ્ય કન્યાને આખા વિશ્વમાં જેનો આધાર હતો, જેની સહાયનો પુરો વિશ્વાસ હતો તે પ્રેમી પિતા પોતાની પ્રિય પુત્રી પ્રત્યે પુરો પ્રણય બતાવી પરાધીન થયા, ક્રૂર જ્ઞાતિ જનોના કઠોર દિલમાં લગારે નથી દયા. તેથી તમે વિઘ્ન ન કરો. થોડો સમય જશે તો સત્તાના મદમાં છકી ગયેલા શેઠીઆઓ અત્રે ભેગા થશે, મારી મરજી વિરૂદ્ધ એ બુઢ્ઢા બેલ સાથે મને બાંધી મારા જીવનની ધુળધાણી કરશે. આવા આશ્ચર્ય જનક સંયોગમાં મારે માટે જીવિત દાન શીવાય બીજો એકે ઉપાય નથી.

જાલ—મુગ્ધ બાલા, ગભરાટ છોડી દે, તારૂં રક્ષણ કરવા કમર કસી તત્પર થયેલો આ યુવાન્ તારી હજુર વિદ્યમાન છે, ગમે તેવા સંકટમાંથી પણ તને બચાવવા શક્તિમાન્ છે. જ્યાં સુધી મારા શરીરમાં સ્ફુરતો પ્રાણ

આબાદ છે, ત્યાં સુધી તારો એક પણ વાળ વાંકો કરવાની કોની તાકાદ છે?

મૃણાલિની—પરોપકારી પરમ પુરૂષ, પડતા પ્રાણીને પકડવા જતાં તમે જાતે કદાચ પડી જશો, ડુબનાને તારતાં કદાચ જાતે ડુબશો, નરમ નસીબવાળી આ બાલિકાની વ્હારે ધાતાં કદાચ તમે સંકટમાં સપડાઇ જશો. કપૂરચંદ કારભારી ખરેખર મારો કારમો કાળ છે, તે કપટી કૃતાન્ત મારૂં નક્કી રૂધિર પીનાર છે, તેના પંજામાંથી આ ગરીબ ગાયને કોણ ઉગારી શકનાર છે?

જાલ—રસિક રમણી, નકામા ભયને આધીન થઇ આવા કાયર ઉદ્‌ગારો શામાટે કાઢો છો? સ્વસ્થ બની ઉદ્‌વેગ તજી દ્યો, તમારા બચાવ માટે નક્કી કરેલી મારી વ્યવસ્થા પાર પડવા દ્યો, ક્રુર કપૂરચંદના કાવાદાવાને કાપી સત્યસૂર્યનો પ્રકાશ પાડવા મેં અડગ નિશ્ચય કર્યો છે, મારો પિતા હોવા છતાં તેણે રાક્ષસી કૃત્યો આદર્યાં ત્યારથી મેં તેનો ત્યાગ કર્યો છે. મેવાડની ગાદીના ખરા હકદાર બાપા રાવળના સાચા બાળ હમીરને હેરાન કરવા એક બાજુએ કપટ જાળ પાથરે છે અને બીજી બાજુએ તારા જેવી નાજુક નારીઓના નિર્દોષ જીવનમાં હલાહલ ઝેર રેડવાનાં કનિષ્ઠ કામ કરે છે. કપૂરચંદ, જુઠ્ઠા કપૂરચંદ, તું યાદ રાખ કે હવે તારી અનૃતમય વ્યવહાર લીલા લાંબો સમય ટકી શકશે નહિ, જુઠાનો જય આ દુનિયામાં કદાપિ થશે નહિ.

મૃણાલિની—સેતાન શેઠના સદ્‌ગુણી સંતાન, બેશક તમે શેવાળમાં ઉદ્‌ભવેલા સુંદર સરોજ છો, કાંટામાં ઉત્પન્ન થયેલા મનોહર ગુલાબ છો. હવે મને યાદ આવે છે કે એકતરફી ન્યાય કરનાર કપૂરચંદ સામે જ્ઞાતિ સભામાં એક અપરિચિત યુવાને સખ્ત પોકાર ઉઠાવ્યો હતો, નિરાધાર બાલિકા ઉપર થતા અસહ્ય જુલમ વિરૂદ્ધ અતિશય અનાદર દર્શાવ્યો હતો. મને લાગે છે કે તેજ યુવાન પુનઃ આ અણીના સમયે મારી પાસે આવી આશ્વાસન દે છે, મારી મૃત પ્રાય દેહલતામાં જીવન રસનો પ્રવાહ પ્રેરે છે.

જાલ—હા, હું છું તેજ નિંદ્ય નરાધમનો સંતાન, પણ તેની પેઠે નથી ભુલી ગયો ધર્મનું ભાન. ધર્મ વિરૂદ્ધ આચરણ કરનાર ગમે તે હો, પણ તેનો પક્ષ મારાથી કદાપિ થઇ શકશે નહિ, સત્ય અને ન્યાયના સરલ માર્ગને છોડી આ જાલ અધર્મને રસ્તે કદાપિ ચડશે નહિ, અન્યાયી સત્તાધારીઓના જુલમમાંથી ગરીબ જનોનું રક્ષણ કરતાં કદાપિ પાછી પાની કરશે નહિ.

મૃણાલિની—પરમાર્થી પુરૂષસિંહ, મારા જેવી અભાગી બાળાની રક્ષા

કરવા તમે જે નિશ્ચય કર્યો છે તે ખરેખર સ્તુતિ પાત્ર છે. પણ મારી ખાતર તમે તમારા પોતાના કુટુંબમાં કલેશનું કારણ થઈ પડશો, કઠણ હૃદયના કપૂરચંદના કોપમાં ફસાઇ પડશો, વળી પિતૃદ્રોહના પાતકમાં પ્રવૃતિ કરવાની દુઃખદાયક ફરજ તમારે શીર આવી પડશે, તેવી શોચનીય સ્થિતિમાં તમારા જેવા નરરત્નને મુકવાનું મારાથી નહિ બનશે.

જાલ—ભોળી ભામા, મહાભારતનો સિદ્ધાન્ત છે કે

गुरोरप्यवं लिप्तस्य कार्याकार्यमजानत :
उत्पथमतिपन्नस्य न्याय्यं भवति शासनम् ॥

અભિમાની વડીલો કર્તવ્ય ભ્રષ્ટ થઇ આડે માર્ગે ચાલે તો તેઓનું પણ શાસન કરવામાં ધર્મ છે, તેમના કૃત્યો તરફ આંખ આડા કાન કરી મુંગે મ્હોડે બેસી રહેવામાં અધર્મ છે. મારા પિતા કપૂરચંદ, અરે તેવા નરપશુને પિતાશબ્દથી સંબોધવામાં મારી ભુલ થાય છે, કપટાચાર્ય કપૂરચંદ હવે સદ્ધર્મની સીમા છોડી ઉન્મત્ત થયા છે, તેથી તેમના તરફ માનની દૃષ્ટિએ મારાથી જોઇ શકાશે નહિ. હડહડતી અનીતિ સામે મારાથી નેત્ર મીચી શકાશે નહિ.

મૃણાલિની—શૂર શિરોમણિ સજ્જન, તમે અસાધારણ સ્નેહ બતાવી મારી જીભ બંધ કરી છે, આ અનાથ બાલિકાની જીવનદોરી હસ્તગત કરી છે.

જાલ—લાવણ્યમયી લલના, કષ્ટમાં ફસાએલી નિર્દોષ બાળા પ્રત્યે મારો ધર્મ બજાવવા ઉપરાંત બીજું કાંઈ વધારે મેં કર્યું નથી. વિચક્ષણ વનિતા, હવે વિલંબ ન કરો. રાજ્ય દરબારમાં આજે રાજબાળા વીરમતીનો લગ્ન સમારંભ છે. તે પુરો થતાં કપૂરચંદ નવરા થશે, અને સ્વરૂપચંદના વરઘોડાની તૈયારી કરશે. તેટલા માટે ઉપરથી દયાનો ડોળ કરનારા પણ અંદર રાક્ષસી નિર્ઘૃણતા આચરનારા વણિક જનોની અત્રે પધરામણી થાય તે પહેલાં તમને નિર્ભય સ્થળે પહોંચાડવા મારો પાકો નિશ્ચય છે, તદનુસાર વર્તવામાં તમારો અન્તે વિજય છે.

મૃણાલિની—પરાક્રમી પુરૂષ, હું તમારી ઇચ્છાનુસાર વર્તીશ પણ તે એક સરતે.

જાલ—મહી મંડલની મનોહારિ મોહિની, જલદી નિવેદન કરો. તમારી આજ્ઞા મારે સર્વથા કબુલ છે.

મૃણાલિની—પ્રેમી પંથી, તમારી નિઃસ્વાર્થ સ્નેહ સુધા તરફ આકર્ષાયેલું આ મારૂં હૃદય બુલબુલ છે, પોતાના રક્ષણ માટે આટલો ભારે પરિશ્રમ વેઠનાર કને પ્રણય રસના સિંચનની અભિલાષા રાખે તેમાં તેની શી ભુલ છે ?

જાલ— રમણીય રામા, તમારી ઇચ્છા હશે તો હું તમારો પ્રેમ પામી ભાગ્યશાળી થઇશ, પણ હમણાં ઝઝુમતા વાદળને વિખેરી નાંખવાની પ્રથમ જરૂર છે. ભયની જડને નિર્મૂળ કર્યા બાદ તમારી સેવા ઉઠાવવા આ દાસ તમારી સન્મુખ હજુર છે.

મૃણાલિની—પણ સંકટમાં સદંતર ઘેરાયેલી આ ભોળી ભામિનીના ભયભીત ચિત્તને વિશુદ્ધ વિશ્વાસની પુરી જરૂર છે, તમારા જેવા પરમાર્થી પુરૂષના પ્રણયની ચોક્કસ ખાત્રી ન મળે તો મારા શુષ્ક જીવનને લંબાવવાની શી જરૂર છે ?

જાલ—અપરિમિત પ્રેમની પૂર્ણ પ્રતિમા, તમારા મીઠા વચનોથી વિના મૂલ્યે ખરીદાયેલો દાસ છું. તેથી ત્વરા કરો મારી સાથે સંચરો, બન્ધન મુક્ત થઇ સ્વતંત્રતાના સ્વચ્છ વાતાવરણ તરફ પ્રયાણ કરો.

મૃણાલિની— નિષ્કામ કર્મયોગી નરરત્ન, તમે ખરેખર નિરાશાના ગાઢ અન્ધકારમાં આશાનો તેજોમય પ્રકાશ પાડયો છે, નિઃસિમ કર્તવ્યનિષ્ઠાનો જવલંત દષ્ટાંત સમગ્ર વિશ્વને દેખાડયો છે. હવે હું ફક્ત તમારી સેવામાંજ સાર્થકતા સમજીશ, તમારા પ્રેમ રસની ભોક્તા થઇ મિથ્યા સંસારને સ્વર્ગ બનાવી શકીશ. તમેજ હવે મારા હૃદયના હાર હો, મારી કાયલતાના સાચા અલંકાર છો.

ગાયન ૧૪ મું

રસિયા રતિ રસે ભરિયા
દેવાશી દયામૃત દરિયારે— રસિયા

કરમાતી આ કળી ખીલશે
સુગંધ સુમનને ધરશે
વસિયા હૃદયે પાતળિયારે— રસિયા

પ્રભુ પ્રાણની મૂર્તિ હસતી
મમ નેત્ર સમીપ છે સ્ફુરતી
નમતી તંને સુંદરી આરે— રસિયા

જાલ— કમલાક્ષી કામણ કીધું
ચપલા ચિત્ત ચોરી લીધું
ભુલી શુદ્ધિ પરવશ પડીઆરે— રસિયા

મૃણાલિની— મન સરોજ દેરાગ સારૂં
પ્રિયતમને અંતર ધારૂં
શરમાઓ શું શામળીઆરે— રસિયા

(જાલ અને મૃણાલિની જાય છે.)

નેપથ્યમાં

હા ! આ શો ગજબ ! કેવો ભયંકર પ્રસંગ !

(ગભરાયેલા મયાશંકર પ્રવેશ કરે છે.)

મયાશંકર—આજ રાજદરબારમાં કુંવરી વીરમતીના લગ્ન નિમિત્ત દક્ષિણા તો સારી મળી, પણ ઘર આવતાં બારણાં તુટેલાં જોઇ ઊભરાતા હર્ષમાં ભીષણ ભયની ભાવના પ્રસરી. આજરોજ સ્વરૂપચંદ કનેથી એવો સારો તડાકો પડવાનો છે કે આવાં નુકશાનની દરકાર ભાસતી નથી. ફક્ત પુરેલું પંખી ઠેકાણે હોવું જોઇએ.

(મયાશંકર ઘરમાં શોધ કરે છે પણ મૃણાલિનીનો પત્તો નહિ મલતાં ગભરાય છે એવામાં કુટિલા પ્રવેશ કરે છે.)

કુટિલા—ગોર મહારાજ, કેમ ગભરાયેલા દેખાઓ છો ? માંગલિક ટાણે શામાટે બેહોશ બની જાઓ છો ?

મયાશંકર—કુટિલા, કાંઇ કપટ લીલા થઇ, આજ ઘરમાં પુરી રાખેલી મૃણાલિની કયાં ઉડી ગઇ તેનો પત્તો જણાતો નથી. હવેતો મારૂં આવી બન્યું, મારૂં નસીબ પુરેપુરૂં ફુટયું.

કુટિલા—સાથે મારા સંકલ્પોનું મૂળ પણ છેદાઇ ગયું, લોભી બ્રાહ્મણને આશરે રહેતાં મારી ભલી દીકરીનું હરણ થયું. હવે તો સ્વરૂપચંદનો વરઘોડો આવી પહેંચવાની પણ નથી જરાકે વાર, તે વખતે, ગોર મહારાજ, તમારી ને સાથે મારી પણ પાકી ફજેતી થનાર.

મયાશંકર—કુટિલા, આ ચાર દહાડાથી ઘર છોડીને બહાર ફરકયો નથી, પણ રાજયના પુરેહિત ઠર્યા એટલે કુંવરી બાના વિવાહ વખતે ગયા વિના ચાલે ?

કુટિલા—હવે બીજી રકઝક છોડી બચવાનો ઇલાજ કરો. મારી અક્કલ કામ કરતી નથી, મારી શાનશુધ ઠેકાણે રહી શકતી નથી.

મયાશંકર—એક સહેલો ઉપાય છે. પણ તે પ્રમાણે તમે કબુલ થાઓ તો.

કુટિલા—જો આ સ્થિતિમાં આપણે પકડાઇ ગયા તો જાણી જોઇ મૃણાલિનીને નસાડી દેવાનો આરોપ આપણે માથેજ આવી પડશે. એક તરફી કપૂરચંદ આગળ તમારા અને મારા હાથમાં લોખંડની બેડીઓ પડશે. તેથી ગમે તેવો ઉપાય તમે બતાવશો તે પ્રમાણે વર્ત્યા વિના છુટકો ક્યાં છે ?

મયાશંકર—લગ્ન સામગ્રી બધી તૈયાર છે, એટલે તે બાબત બીજી મહેનત કરવી પડે તેમ નથી. ફક્ત હસ્તમેળાપ માટે કોઇ સ્રીના સ્વાંગવાળી વ્યક્તિ જોઇએ. માટે મૃણાલિનીને બદલે તમે લગ્ન વિધિમાં બેસી જવા કબુલ થાઓ તો તુરતને માટે આફતનું વાદળ વિખરાઇ જાય. પછી ભરમ ભાગશે ત્યારે બધું જોઇ લેવાશે.

કુટિલા—આવી અનુચિત રીત અખત્યાર કરતાં મને ઘણી શરમ આવે છે.

મયાશંકર—અરે તેમાં છે શું ? લાગ આવ્યે એક બે દિવસમાં સ્વરૂપચંદને ત્યાંથી સટકી જજો, પછી મૃણાલિનીની ઉઘરાણી કરજો, અને ન્યાય ખાતર દરબારમાં ઘસડવાની ધમકી આગળ ધરજો.

કુટિલા—યુક્તિ ઠીક છે, સ્વસંરક્ષણ માટે ગમે તેવી યોજનાઓ કરવામાં આપણે કોની બીક છે ?

મયાશંકર—જાઓ, ત્યારે, તમે અંદર જઇ પાનેતર પહેરી તૈયાર થાઓ. થોડા સમયમાં વરઘોડો આવી પહોંચશે.

(શેઠ સ્વરૂપચંદનો વરઘોડો ભપકાદાર સાજન વર્ગ અને સ્રી મંડળ સાથે નેપથ્યમાંથી બહાર આવે છે.)

ગાયન ૧૫ મું.

સઘળા—

વરઘોડો વાલમ વરનો આજે
વાજીંત્ર રૂડાં મીઠાં વાજેરે— વરઘોડો.

શાહુકાર સારા મલ્યા સાજનમાં
નોબત ઉપર ડંકા ગાજેરે— વરઘોડો.

શેઠ સ્વરૂપચંદ બની ઠંગી ચાલ્યા
લાખેણી લાડી લેવા કાજેરે—વરઘોડો.

કપૂરચંદ—(સ્વરૂપચંદને કોરાણે ખેંચી જઈ) જુઓ, શેઠજી, તમારી મરજી મુજબ તમારો બેડો પાર પડયો છે. તેથી કબુલ કરેલી રકમ રજુ કરો, ત્યારબાદ ચોરીમાં પગ ધરો.

સ્વરૂપચંદ—શેઠ, એટલોએ મારો વિશ્વાસ નથી. કાલ સવારમાંજ મોકલાવી દઇશ.

કપૂરચંદ—આવી બાબતમાં વાયદા કામ ન લાગે. અમારે તો આજે રોકડા અને કાલે ઉધારનો ચોખ્ખો હિસાબ છે.

સ્વરૂપચંદ—ઠીક ત્યારે તમને અણુવિશ્વાસ આવતો હોય તો આ મારી સચા સોનાની હીરાજડિત્ર વીંટી તમારા પાસે રાખો. પછી તો ફિકર નથીને ?

કપૂરચંદ—બહુ સારૂં, હવે નિશ્ચિન્ત રહો. તાબડતોબ લગ્ન વિધિની શરૂઆત થશે. (મોટે સાદે) મયાશંકર, શામાટે આટલી બધી વાર, જલદી કરો કન્યાને તૈયાર અને સ્વરૂપચંદ શેઠનું કામ ત્વરાએ પાડો પાર.

(મયાશંકર મૃણાલિનીના વેશમાં કુટીલાને લાવી સ્વરૂપચંદ સાથે હસ્તમેળાપ કરે છે.)

મયાશંકર—શુભ મુહૂર્ત શુભ લગ્નં વર કન્યા સુખી ભવતુ સાવધાન. શેઠજી, અમને સારી દક્ષિણા મળવી જોઇએ.

(સ્વરૂપચંદ મયાશંકરને દક્ષિણા આપે છે અને ખુશી કરે છે. સાજન વર્ગને અને સ્ત્રી મંડળને ભેટ બક્ષિસ આપવામાં આવે છે અને લગ્ન વિધિ ખલાસ થયે સઘળા વેરાઇ જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—લગ્નના મહોત્સવ નિમિત્તે શણગારેલો દેદીપ્યમાન વીરમતીનો મહેલ.

(ગરબો ગાતી વીરમતીની સાહેલીઓ અને વીરમતી પ્રવેશ કરે છે.)

ગાયન ૧૬ મું. (ગરબો.)

સાહેલીઓ—

સહુ સજની આવાર, સજી સોલે શૃંગાર,
રમ્યોપવનમાં ચાલીએ,
યોગ્ય જોડી જોડાય, કામ કૃતાર્થ થાય,
લગ્ન પ્રસંગે મ્હાલીએ— સહુ૦

સાખી—મન્મથ મિત્ર વસન્તનો, આજે ઉદય થાય
વિરહીજન હૃદયે બળે, સંયોગી મલકાય
વૃક્ષરાજિ સુગંધિ પુષ્પ ધારતી (૨)
ભોગી ભમતા ભ્રમર ચારે પાસ,
મહા મહા મોહક મધુ માસ છે;
મત્ત કોકિલ ચાખી આમ્ર મ્હોરને (૨)
કર્ણ ભેદી કલનાદ સંભળાય
ધન્ય ભામા પતિ જેની પાસ છે— સહુ૦

સાખી—ભાનુવંશ શિરોમણિ, હમીરસિંહ ગણાય
પરાક્રમી પિયુ પામીને, વીરમતી હરખાય
કાન્ત પાદામ્બુજે સમર્પી ચિત્તને (૨)
બ્હેન શાણી સતી સુભાગ્યવાન્,
વસુન્ધરાને સ્વર્ગ બનાવશે;
હાવભાવે રમણને રિઝાવતી (૨)
વાણી સુધા મધુરી સિંચનાર,
પ્રીત પોથીનો પાર પુરો પામશે— સહુ૦

(ફક્ત વીરમતીની ચાર સખીઓ અને વીરમતી શીવાય અન્ય સાહેલીઓ વેરાઇ જાય છે.)

૧ લી સખી—જુઓ, બ્હેનો, આજને આજ આપણી કુંવરીબાની રીતભાતમાં કેવડો મોટો ફેરફાર, આતે કેવો ભારે ચમત્કાર!

૨ જી સખી—નહીં આપણી સાથે રોજ માફક બોલવું, ચાલવું કે ગાવું. આતો ફક્ત કાંઇ વિચારલીન થઈ ગયાં હોય તેવો આડંબર.

૩ જી સખી—એતો હવે બાલ્યાવસ્થામાંથી નીકળી યુવતિ થયાં અને વળી પ્રેમપાઠ પઢાવનારના સાક્ષાત્ પરિચયમાં આવ્યાં એટલે હવે આપણો ભાવ ક્યાંથી પુછે?

૪ થી સખી—બ્હેન, ધન્ય છે તમને કે લાંબા સમયની સખીઓને અચાનક વિસરી જાઓ છો?

વીરમતી—મારા મનમાં કોણ જાણે શું એ થાય છે અને તમને નાહક હસવાનું સુઝે છે.

૧ લી સખી—અમેતો સહેજ વાત કરીએ છીએ એટલામાં આટલાં શામાટે છેડાઇ જાઓ છો?

૨ જી સખી—આમ ડગલે ડગલે રીસાવાની ટેવ પડી જશે તો તમારી સાથે જેનું પાનું પડ્યું છે તેઓની શી વલે થશે?

વીરમતી—આજ મને શાંતિ સુખકર જણાય છે, તમારી માર્મીક વાણીથી ધીરજ દૂર થાય છે. માટે કૃપા કરી મને સતાવો નહીં, વિરહની વિષમવ્યથા વધારી મને નિરર્થક દુભાવો નહીં.

૩ જી સખી—વાહ! વાહ! શાણી સખી, તમારી અલૌકિક વિરહવ્યથા. હમણાંજ હૃદયહારના હસ્તકમલનો સ્પર્શ કર્યાંને એક ઘડી પણ થઇ નથી તેટલામાં શા સારૂ આટલી બધી વિયોગાસહિષ્ણુતા બતાવો છો?

૪ થી સખી—સખીઓ, જુઓતો ખરી, લલિત લાવણ્યના ભંડાર પ્રાણાધાર પ્રીતમના સ્પર્શમાં એવી તે કેવી લોહચુંબક શક્તિ છે કે આપણી બ્હેન જેવી મુગ્ધાઓ આકર્ષાઇ બેભાન થઇ જાય છે?

વીરમતી—જાણ્યું તમારૂં પાણ્ડિત્ય. બળતાને બાળવામાંજ તમારૂં

ડહાપણુ કામ કરે છે, દાઝયા ઉપર ડામ દેવામાંજ તમારી બુદ્ધિ તેજ બને છે, ઘા ઉપર લુણુ લગાડવામાંજ તમારા ચિત્તને ટાઢક વળે છે ?

૧ લી સખી—વાહ ! વાહ ! દાઝવાની અને બળવાની મિથ્યા વાતો ક્યાં કરો છો ?

૨ જી સખી—એમાં તમે શું સમજો ? એતો પ્રીતિની જ્વલંત જ્યોતિથી દાઝયાં છે.

૩ જી સખી—એતો નાજુક નગીનાના નેત્ર કટાક્ષે ઘાયલ થયાં છે.

૪ થી સખી—એ તો તમે રતિરસના મહાસાગરમાં સ્નાન કરશો એટલે તમારી વ્યથા નિરંતર દૂર થશે, અવર્ણનીય પ્રેમપ્રમોદનો પાકો અનુભવ થશે.

વીરમતી—તમને કેટલી વાર કહું ? નફટની માફક ના ના કહ્યા છતાં તમને સાન આવતી નથી. હજુએ નહીં માનો તો હું તમારી કનેથી ચાલી જઈશ, એકાન્તમાં બેસી ચિત્તચકોરનું ધ્યાન ધરીશ.

૧ લી સખી—ઠીક, બ્હેન, હવેતો સખીઓનો સહવાસ ક્યાંથી ગમે ? જરા જરામાં અમારી સાથે ચીડાઇ જાઓ એ તમને શોભે નહીં.

૨ જી સખી—બ્હેનો, હવે થઈ રહ્યું. આપણાં માન ઉતર્યાં. બ્હેનના અંતઃકરણમાં આપણે માટે જે સ્થાન નિયત હતું તે ખાલી થયું. અને તે સ્થાનનું આધિપત્ય બીજાને હસ્તક ગયું.

૩ જી સખી—બ્હેન, હમણાં તમારા દીલદેવળના દેવ પધારશે ત્યારે તો વગર કહ્યે અમારે અળગા થવું પડશે. પણ તે પહેલાંજ અમને છોડી દેવાની ઉતાવળ ક્યાં કરો છો ?

૪ થી સખી—બ્હેન, પહેલી વખતની પધરામણી વખતે પ્રભુ પૂજાની સામગ્રી તૈયાર કરવા સખીઓની જરૂર પડશે, બહુ કરશો તો અમે ચાલ્યા જઇશું પછી તમારે પસ્તાવું પડશે.

વીરમતી—મને ના કરો હેરાન, હું રસિક રવિકુલ રત્નનું ધરી રહી છું ધ્યાન, તેમાં અન્તરાયરૂપ થઇ ના બનો નાદાન, ચંદ્રના અભાવે ચકોરીને સ્વસ્થતાનું ના હોઇ શકે ભાન.

ગાયન ૧૭ મું.

સખી હજુ પતિ પધાર્યા ન આશું
વરસાવે નયનો આંસુ— સખી.

સખીઓ—

આંસુ નહીં પ્રમોદ આંસુ
મન રમી રહ્યું રસિયાશું
પરણી નરપતિ ધર્માંશુ
કુલ શિરોમણિ ગભરાશું ?— સખી.

બની નવ યૌવન મદમાતી
પ્રીત જુની વિસરી જાતી
સખી જનને શુષ્ક જણાતી
પિયુ પ્રેમ રસે ભીંજાતી

વીરમતી—વિરહાનલથી હું સિજાતી
સખી મન મશ્કરી મનાતી

સખીઓ—મીઠી પ્રણયની પીડા ગણાતી
મધુરી મનમાં મલકાતી
લાગી લગન લટકાળાશું
વાહ, શાણી, હવે શરમાશું ?-- સખી.

વીરમતી—બટક બોલી બ્હેનપણીઓના બકવાદે તો હું પુરી બેભાન બની. જાઓ, હવે, મારૂં નામ ન લેશો, મને નિરાંતે આરામ પામવા દેશો, શાન્ત સ્થળે જવા દેશો.

૧ લી સખી--બ્હેન, જાઓ છો ક્યાં ? જુઓ, પેલા જાલભાઇ તમને ધન્યવાદ આપવા આવે છે. અમારૂં બોલવું તમને ના પસંદ છે તો ફીકર નહી પણ જાલભાઇ સાથે પણ અતડાપણું દેખાડો એ કાંઇ સારૂં કહેવાય નહીં. બ્હેનો, ચાલો આપણે હમીર મહારાજ માટે પુષ્પહાર ગુંથીએ.

(જાય છે.)

(મૃણાલિની સાથે જાલ પ્રવેશ કરે છે.)

વીરમતી—જાલભાઇ, આ સમયે પધારવાની આપે તસ્દી લીધી, બેશક મને આભારના બોજા નીચે દબાવી દીધી.

જાલ—બ્હેન, આ પ્રસંગે આપને ધન્યવાદ આપવા પ્રેરાઉછું, ક્ષત્રિયોના અલંકાર હમીર મહારાજ સાથે આપનું ઉત્કૃષ્ટ જીવન વ્યતીત થાઓ એવી સાચા દીલની ઇચ્છા દર્શાવું છું.

વીરમતી--ભાઇ, તમારી ઉત્તમ અભિલાષા માટે હું તમારો ઉપકાર માનું છું.

જાલ—બ્હેન, તમારી ઉદારતા અને સુજનતાથી અમે ખરેખરા ભાગ્યશાળી છીએ. તમારી સહાયની સંપૂર્ણ ખાત્રી હોવાથી હું આપને થોડો શ્રમ આપવા ચ્હાઉં છું.

વીરમતી--ભાઈ, બેલાશક કહો. તમારૂં ગમે તેવું કાર્ય કરવા વીરમતી તૈયાર છે, ભાઇ પ્રત્યેની ફરજ અદા કરવા આ લલના સર્વદા ઇંતેજાર છે.

જાલ--મારી સાથે જે બાળા આવી છે તે નિરાધાર છે, આફતના અસહ્ય આક્રમણથી પુરેપુરી લાચાર છે. દ્રવ્યલોભી માતાના લોભનું બલિદાન થઇ છે, ઇશ્વર કૃપાએ ધર્મના સ્વરૂપનું રહસ્ય સમજનાર પિતાના પ્રયાસે બચી ગઇ છે પણ નિર્દય જ્ઞાતિજનોના પંજામાં સપડાઇ ગઇ છે, જ્ઞાતિ શેઠના રાક્ષસી હુકમને લીધે તેના પવિત્ર પિતાના હાથમાં લોહશૃંખલા જડઇ છે. બિચારીને તેની મરજી વિરૂદ્ધ વૃદ્ધ પતિ સાથે આજરોજ પરણાવી દેવા જ્ઞાતિના મહાજને નિર્દય ઠરાવ કીધો છે, તેમાંથી બચાવી તમારી શીતલ છાયા નીચે આ અભાગી બાળાને મુકવાનો શ્રેષ્ઠ માર્ગ મેં ગ્રહણ કીધો છે. બ્હેન, તમારી નૈસર્ગિક દયાલુતાને અનુસરી આ નારીને આપની સેવામાં સ્વીકારશો. આ બાળા તેના સારા નસીબે ઉચ્ચ પ્રકારનું શિક્ષણ મેળવી શકી છે, તેના પરિચય અને સમાગમથી આપને અત્યંત લાભ થાય એ નક્કી છે.

મૃણાલિની—સંસાર સાગરમાં ભાગવાની અણી ઉપર આવેલી મારી શરીર નૌકા આ પરોપકારી વીરપુરૂષના આશ્વાસને બચી શકી છે, તેમના પરિશ્રમથીજ આપના દર્શનનો લાભ આ મન્દભાગ્ય મૃણાલિની મેળવી શકી છે, તમારા જેવી વિશુદ્ધ વનિતાના સહવાસથીજ મારૂં ભાવિ ભવિષ્યમાં સુખરૂપ નીવડે એ નક્કી છે.

વીરમતી—બ્હેન મૃણાલિની, આજે મને ઘણો હર્ષ થાય છે કે તમારા જેવી ઉમદા બાળાનો સંબંધ થયો. તમે કશી ચિન્તા કરશો નહીં, મારી જુદાઇ ગણુશો નહીં. આજથી તમને મારી સગી બ્હેન બરોબર

માનીશ, સુખદુઃખની સાચી સહચરી તરીકે તમારી સાથે વર્તીશ. જાલભાઇ, મૃણાલિની માટે જરીકે ફીકર કરશો નહીં. મારા આશ્રય નીચે રહેનારનું કોની તાકાદ છે કે નામ લઈ શકે ? જ્ઞાતિનું મહાજન કે જ્ઞાતિનો શેઠ જમીન આસ્માન એક કરશે તોપણ તેમનાથી મારી બ્હેન મૃણાલિનીનો વાળ વાંકો કદી નહીં થશે.

જાલ—તમે મારી પ્રાર્થના સ્વીકારી મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. તેનો બદલો વાળવાનું મારાથી કેવી રીતે બની શકશે એ કળી શકાતું નથી.

વીરમતી—ભાઇ, માણસને માણસની જરૂર પડે છે. તેથી એક બીજાને મદદ કરવી એ મનુષ્યનું સાચું કર્ત્તવ્ય છે. મેં મારા ભાઇ પ્રત્યેના સાચા ધર્મ ઉપરાંત વધુ કાંઇ કર્યું નથી.

જાલ—બ્હેન, તમારી અનુપમ સાદાઈ અમને લાચાર બનાવી દેછે.

વીરમતી—ભાઈ, તમેપણ મારી ઇચ્છા પ્રમાણે વર્તવા કબુલ થશો ?

જાલ—બ્હેન, પુછવાની જરૂરજ નથી. મારો દેહ તમારા અન્નથી બંધાયેલો છે. તમારે માટે મારી સમગ્ર શક્તિનો વ્યય કરીશ, એ બાબત તમે જરીકે શંકા કરશો નહીં.

વીરમતી—અત્રેથી વિદાય થતી વખત હું મારા પિતા પાસે તમારી માગણી કરીશ. જે મહાપુરૂષ સાથે મારો આત્મા લગ્નની ગાંઠથી જોડાયો છે તેમના અંતરમાં ઉડતી ઉચ્ચ અભિલાષાઓને ફલીભૂત કરવા તમારી અવશ્ય જરૂર પડશે, તે વખતે તમારી વિશ્વાસુ સલાહથી અમારો સર્વથા વિજય થશે.

જાલ—બેલાશક મારી માગણી કરજો, આભારી સેવકને શાશ્વત શુશ્રૂષાનો લાભ આપી કૃતાર્થ કરજો. બ્હેન, હવે હું તમારી રજા લઉંછું, મૃણાલિની તમારા આશ્રયે સોંપી જઉંછું.

(જાય છે.)

મૃણાલિની—બ્હેન, જુઓ દૂરથી કોઇ રોષની મૂર્તિ લાલચોળ આંખો કરી ઉતાવળે પગલે આ તરફ આવે છે.

વીરમતી—બ્હેન, એતો મારા પિતાજી; આ સમયે શામાટે આવતા હશે ? બેશક તેમની ચાલ બતાવી આપે છે કે તેઓ ક્રોધથી ક્રૂર બન્યા છે, ઉન્મત્ત થયા છે.

મૃણાલિની—બ્હેન, જ્યાં જ્યાં નિર્ભાગી જાય ત્યાં ત્યાં તેની પાછળ આપત્તિ જાય. બેશક મારા કમભાગ્ય પગલાં આપને ત્યાં થયાં, તેટલામાં આપના પિતા ગુસ્સે થઇ આ બાજુ વળ્યા, મને લાગે છે કે મારીજ કમનસીબીની કટુતાનાં શરૂઆતમાંજ દર્શન થયાં.

વીરમતી—બ્હેન, તમે જરાકે ઓછું લાવશો નહીં, એતો પિતાજીનો સ્વભાવ છે કે હમેશાં ચઢેલા ચ્હેરે ફર્યા કરે છે. રાજ્ય ખટપટના હજારો તરંગો વદન ઉપર વિકસતા રહે અને તેના અસંખ્ય વિકારોથી તેમની આકૃતિ કઠોર દીસે. આમાં મને કાંઇ નવીન ભાસ થતો નથી.

મૃણાલિની—બ્હેન, મારા પ્રત્યેની પક્ષપાત વૃત્તિથી તમે આમ કહોછો.

વીરમતી—બ્હેન, મને જગદીશ્વરનો પાકો વિશ્વાસ છે, તેથી ગમે તે પ્રસંગમાં મગ્ન રહેવાનો અભ્યાસ છે.

(માલવદેવ પ્રવેશ કરે છે.)

વીરમતી—પિતાજી, આટલી રાતે આપ ક્યાંથી ? આપનો દેખાવ અત્યંત ઉશ્કેરાએલો દૃષ્ટિગોચર થાય છે, અન્તઃકરણમાં ચિન્તા જ્વાલાનો પ્રાદુર્ભાવ થાય છે.

માલવદેવ—બ્હેન વીરમતી, અત્યારસુધી ગુપ્ત રાખેલી બીના જણાવવા હું તારી પાસે આવ્યો છું.

વીરમતી—પિતાજી, ખુશીથી કહો, આપની વાણી સાંભળી મને ઘણો આનંદ થશે.

માલવદેવ—હું જે કહેવા માગું છું તેથી તને ખેદ થશે, પણ આ સમયે તે બાબત તારી આગળ રજુ કરવીજ પડશે. હૃદય કઠિન કરી સાંભળવાને તૈયાર થા, અત્યારસુધી નહી જણાવેલી તારી ખરી સ્થિતિથી વાકેફગાર થા.

વીરમતી—પિતાજી, આપ જે કાંઇ નિવેદન કરશો તે સઘળું સાંભળી હું નારાજ થઇશ નહીં, ગમે તેવી કષ્ટદાયી ઘટના હશે તોપણ તેનાથી હું ગભરાઇશ નહીં.

માલવદેવ—વીરમતી, જો ત્યારે હું તને તારા ખરા સ્વરૂપનું ભાન કરાવું છું અને દિલગીરી સાથે જણાવું છું કે તું વિધવા છે.

વીરમતી—શું હું વિધવા ?

માલવદેવ—હા, તું વિધવા છે, મારા દુશ્મનને દાબી દેવાની દવા છે. જ્યારે તું હતી નાની બાળ, ત્યારે ભટ્ટિવંશી ક્ષત્રિય સાથે થયો હતો તારો હસ્તમેળાપ, તારા તે પતિનો વિવાહ બાદ થોડા સમયમાં થયો હતો કાળ.

વીરમતી—મારી કેવળ અજ્ઞાનાવસ્થામાં થયેલા વિવાહનું મને બીલકુલ સ્મરણ નથી, તેના લગ્નને મહત્ત્વ આપવાનું કોઇ સબલ કારણ નથી.

માલવદેવ—બેટા, તું હજુ નાદાન છે, લૌકિક વ્યવહારથી તદ્દન અજાણ છે. હિંદુસમાજમાં ગમે તેટલી નાની વયે પરણેલી બાળા પતિના અભાવે વિધવા ગણાય છે, આખી જીંદગી માટે અપશુકન રૂપ મનાય છે, તેનો પુનરૂદ્વાહ શાસ્ત્રવિરૂદ્ધ હોઇ કલંક સમાન લેખાય છે. સભ્ય શિષ્ટજનો વિધવાના પુનર્લગ્નને અત્યંત નિન્દાસ્પદ કૃતિ ગણે છે, તેથી તારા ભાવિ તરફ નજર કરતાં મારૂં હૃદય અધીરૂં બને છે.

વીરમતી—જ્યારે તમે વિધવા પુનર્લગ્નને શાસ્ત્ર નિષિદ્ધ કર્મ ગણતા હતા ત્યારે નાહક વિવાહની ધુંસરીમાં મને શા સારૂં યોજી?

માલવદેવ—ફક્ત મારા કટ્ટા દુશ્મન હમીરસિંહ, બાપા રાવલના વંશજ હોવાનો ગર્વ ધરાવનાર હમીરસિંહ, બ્હારવટીઆ પેઠે લીલી વાડી જેવા મારા રાજ્યને ઉજડ વેરાન બનાવનાર હમીરસિંહનું અપમાન કરવા, રાણા વંશને કલંક લગાડવા, દિવાકરાન્વયને દૂષિત કરવા મેં તેને વિધવા સાથે પરણાવી દીધો છે.

વીરમતી—તમારો સ્વાર્થ સાધવા દીકરીની સ્થિતિનો તમે ક્યાં જરાકે ખ્યાલ કીધો છે? શેત્રંજની બાજીમાં નિર્જીવ પ્યાદા માફક પોતાનીજ દુહિતાનો રાજ્ય ખટપટમાં ઉપયોગ કરી તમારે પોતાને માથેજ અપજશ વ્હોરી લીધો છે.

માલવદેવ—એ બધું તો ઠીક, પણ જો તારા ઉપર પુરો પ્યાર રાખી મેં તને મોટી કરી છે, તેનો બદલો વાળવાનો તારે માટે સારો અવસર છે, પિતાની ઇચ્છાનુસાર વર્તે તો પછી તારે આ દુનિયામાં કોની ફીકર છે? હજુ સુધી તારા વૈધવ્યની વાત ગુપ્ત રાખી છે પણ હમીરસિંહને તે બાબત ખબર પડી તો તે માની વીર તારો તિરસ્કાર કરશે, હમેશને માટે તારો ત્યાગ કરશે. તેથી ડાહી દીકરી, તારાં સઘળાં દુઃખ દૂર કરવા આપુંછું આ કટાર, તેના વડે તું ત્વરાથી કર હમીરનો કાળ, મિથ્યા

મોહમાં લલચાવી મારા જાલીમ રિપુનો કર શીકાર, મારા બળતા હૃદયાને હમેશની શાંતિ આપી મેળવી લે મારો પુરો પ્યાર.

વીરમતી—પિતાજી, ઉન્મત્ત બની આ શું બોલો છો ? કોના તરફ કટાર ઉગામવાનું મને ફરમાન કરો છો ? ઘોડિયામાં ઝુલતી અણુસમજુ બાળકી હમીર સાથે પરણી નથી પણ જેણે હમીરનું પાણીગ્રહણ કર્યું છે તે સારી રીતે કરી શકે છે સારાસારનો વિચાર, તે પોતાના પ્રિયતમને સર્વદા ગણશે સાચા પ્રાણાધાર, ભલેને તે લગ્નનો થાય તિરસ્કાર, ભલેને વ્યવહાર કોટિમાં તેનો સ્વામી ન કરી શકે સ્વીકાર, પણ યાદ રાખો કે તે ભામા પોતાના સાચા ભરથાર પ્રત્યે હમેશ રહેશે વફાદાર, તે કામિની નિજનાથને ઉપાસ્ય દેવ તરીકે ખરા જીગરથી પૂજનાર.

માલવદેવ—પરિણામ ફક્ત એટલુંજ કે હમીર તૃણને બાળી ભસ્મ કરવા પ્રકટેલા મારા કોપ દાવાનલમાં તું ભોળી ભામિની ફુદાની માફક તરફડનાર, અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ જેવી ત્રિશંકુ તુલ્ય ગતિમાં ઝોલાં ખાનાર.

વીરમતી—પિતાજી, તમને વડીલ સમજી હું માઝામાં રહું છું. તેટલા માટે માન જાળવી વધુ પડતું ના બોલો, તમારા નીચ ઉદ્ગારો મારી સમક્ષ ના બોલો. બસ ટુંકામાં એટલું જણાવીશ કે હવે હું મહારાણા હમીરસિંહની અર્ધાંગનાની પદવી ધરાવું છું, મને જે સ્થિતિમાં તેઓ રાખશે તેમાં રાજીખુશીથી રહેવાના અડગ નિશ્ચયપર આવું છું.

માલવદેવ—ત્યારે જોઇ લે કે તને પણ માલવદેવ રિપુ કોટિમાં ગણશે. સૂર્યવંશને નાબુદ કરવા આરંભેલા યુદ્ધયજ્ઞમાં નિજ તનયાનું પણ બલિદાન કરશે.

વીરમતી—તમારી ધમકીની મને જરાએ બીક નથી. હમીર સાથે સુખદુઃખની ભાગી થવાની મારા મનમાં ઉમેદ છે, પ્રાણનાથ સાથે સારૂં યા નરસું ભાવિ ભોગવતાં શું મને ખેદ છે ? ના, ના, કદી નહીં.

માલવદેવ—ઠીક, ત્યારે હું જઈશ, અમૂલ્ય અવસરનો નકામી માથાકુટમાં શામાટે ભોગ આપીશ ?

વીરમતી—જાઓ, પિતાજી, ખુશીથી પધારો, વધુ વખત થોભી નિંદ્ય નીચતા ના પ્રસારો.

(માલવદેવ જાય છે.)

વીરમતી—બ્હેન મૃણાલિની, જોઈ મારા પિતાજીની અધમતા.

મૃણાલિની—બ્હેન, ચિંતા કરશો નહીં, ઈશ્વર સહુ સારાં વાનાં કરશે, હમીરસિંહ તમારી ભક્તિથી આકર્ષાઇ ધર્મપત્ની તરીકે તમારો સ્વીકાર કરશે.

વીરમતી—બ્હેન, ગમે તે થાય, તોપણ ક્ષત્રિયોના અલંકાર સૂર્યવંશી કુમાર પ્રત્યે વીરમતીનો પૂજ્યભાવ કદીએ ઓછો નહીં થાય. ખેર, મને વિધવા તરીકે સહધર્મચારિણીના પદ માટે અયોગ્ય ગણશે તોપણ મને ખાત્રી છે કે મારા નિર્મલ મનથી તેમની સાચી સેવા કરવાનો અધિકાર સોંપશે, તેમના વિશુદ્ધ ચરણ કમલની એક ક્ષુદ્ર દાસી તરીકે મારો અંગીકાર કરશે. બ્હેન મૃણાલિની, સખીઓએ મહારાણા માટે પુષ્પહાર ગુંથી રાખ્યા હશે તે લઈ આવો.

(મૃણાલિની પુષ્પહાર લઇ આવે છે.)

વીરમતી—કુમળાં કુસુમની નાજુકમાલા, વિધવાના હસ્ત સ્પર્શે દૂષિત થયેલી હોવા છતાં પરમાત્મા સ્વયં તારો સ્વીકાર કરે છે તેથી જો હું વિમલ અંતઃકરણથી હમીર મહારાજને ઈશ્વર સમાન ગણતી હઇશ, તો તું નિશ્ચયપૂર્વક તે નરપતિના કણ્ઠ સ્થલમાં વિરાજીશ.

મૃણાલિની—બ્હેન, તું પણ હમીર મહારાજના હૃદય પ્રદેશની અનન્ય ભોક્તા થઇશ. બ્હેન, હું જાઉંછું; જુઓ, સૂર્યવંશી ક્ષત્રિય શિરોમણિ મહારાણા હમીરસિંહ આ તરફ પધારે છે. (જાય છે.)

(મહારાણા હમીરસિંહ પ્રવેશ કરે છે.)

(વીરમતી હમીરસિંહને પુષ્પમાલા પહેરાવી દૂર ખસી જાય છે.)

હમીરસિંહ—વ્હાલી વીરમતી, આમ દૂર જવાનું શું પ્રયોજન? અનુપમ લાવણ્યથી અંજાએલાને ટીંગળાવવાનું શું કારણ?

વીરમતી—મહારાણા, ફક્ત દૂરથી આપની પૂજા કરવાનો અધિકાર પ્રાપ્ત કરી શકું એટલુંજ મારે માટે બસ છે. હું આપના સાક્ષાત્ સ્પર્શ માટે યોગ્ય નથી, આપનો સહવાસ મેળવવા જેટલું મારૂં ભાગ્ય નથી.

હમીરસિંહ—ચતુર ચપલા, આવાં માર્મિક વચનોથી મને શા સારૂ ગભરાવો છો, અમૃતનો પ્યાલો આઘો ખસેડી તરસ્યા તરૂણને શા સારૂ તલસાવો છો?

વીરમતી—મહારાણા, હજુસુધી તમે સાચી બીનાથી અજાણ છો તેથીજ આવાં ઉમદાં વચનોવડે મારો સત્કાર કરો છો પણ આપને ખરી હકીકત જણાય, તે પછી આપની મનોવૃત્તિ કેવી થાય તેની અટકળ

મારાથી કથમ્ કરી શકાય ? તેટલા માટેજ મારી યોગ્યતાનુસાર આપને દૂરથી પૂજા કરનાર કિંકરીનું પદ પામું તેમાંજ મારૂં અહોભાગ્ય સમજુંછું.

હમીરસિંહ—સુન્દર સુરાંગના, આશું બોલો છો ? તમારી તેજોમય કાન્તિમાં લોભાયેલો મધુકર છું, તમે મારા હૃદયની અધિષ્ઠાત્રી દેવી છો અને હું તમારો કિંકર છું.

વીરમતી—મહારાણા, તમે આ રૂચિર રમણીય ફલ જોઇ લોભાઓ છો પણ તે ઇન્દ્રવરણું છે, ઉપરથી મનોહર હોવા છતાં અંદરખાને ઝેરનું ઝરણું છે.

હમીરસિંહ—રસીલી રમ્ભા, તમારાં વચનોનું રહસ્ય મારાથી સમજી શકાતું નથી તેથી આપના મનમાં જે હોય તે બાબત સ્પષ્ટ શબ્દોમાં નિવેદન કરો.

વીરમતી—મહારાણા, હું આપને પરાક્રમી રવિવંશના સાચા શૃંગાર માનું છું અને તેટલા માટે તમારા સમગ્રકુલને અને તમને દેવ સમાન પૂજ્ય ગણુંછું. પણ મારા પિતાની નીચતાએ મારા જીવનમાં વિષ રેડી દીધું છે, તે વિષને દૂર કરવાનું એકે દ્વાર ક્યાં રહેવા દીધું છે ?

હમીરસિંહ—વીરબાલા, જલદી કહો તે જીવ લેણ ઝેરની કર્તાને સમશેરના સપાટે છેદી નાંખું, આપના જીવનને અમૃતના સ્વચ્છ ઝરા બનાવું.

વીરમતી—મહારાણા.

નથી તે ઝેર પાર્થિવ, જે સમશેરથી છેદાએ
નથી તે ઝેર વિમિશ્ર રસાયણથી છુટું થાએ
નથી તે દેહનો વ્યાધિ, અગદ પીતાં મટી જાએ
ખરો તે ચિત્તનો આધિ, શક્તિ બલ જ્યાં વ્યર્થ બનએ.

હમીરસિંહ—રસીલી રમણી રમ્ભા, અધીરૂં ચિત્ત મુજ થાએ,
તમારી ગુપ્ત વાણીનો, ન મર્મ મુજથી સમજાએ.

વીરમતી—મહારાણા, હું તમને સાચે સાચું જણાવી દઉંછું કે હું વિધવા છું.

હમીરસિંહ—શું તું વિધવા છે ? બેશક માલદેવે મને વિધવા સાથે પરણાવી હડહડતું અપમાન કર્યું છે. મેવાડની વિશુદ્ધ નિષ્કલંક ગાદિમાં દૂષણ લગાડવાનું ભયંકર સાહસ કર્યું છે. (સમશેર ખેંચી) સાચા સુહૃદ સમશેર, તુંજ આ સમયે મારો સહાય છે, હાલને હાલ તે પાપી માલદેવના પ્રાણ શરીરથી જુદા થાય છે.

વીરમતી—મહારાણા, સબુર. આટલા ઊશ્કેરાઓ નહીં. આ દીન દાસીની પ્રાર્થના પુરી સાંભળો. નીચ પિતાએ મને બચપણમાં પરણાવી અકાલ વૈધવ્ય ભાગી બનાવી છે. હું સાચે સાચું જણાવું છું કે નથી મને તે વિવાહ વિધિનું જ્ઞાન, કે નથી મને તે સમયના પતિનું લગારે ઓળખાણ. મારી સાચી સમજણથી સાચા પ્રેમથી અને સાચા સ્નેહથી હું તમને પરણી છું, તેથી તમનેજ મારા હૃદયહાર ગણવા અધિકારિણી છું.

હમીરસિંહ—મને ખાત્રી છે કે તારો મારા પ્રત્યે શુદ્ધ સ્નેહ છે, પણ વિધવાના સંસર્ગથી દૂષિત કરી શકાય એવો શું મારો સાધારણ દેહ છે? હું રઘુકુલ તિલક રામચંદ્રના યશસ્વી સિંહાસન ઉપર બેસવાનું અભિમાન ધરાવું છું, મારૂં જીવન અને ચારિત્ર્ય આદર્શમય બનાવવાની ઉત્કટ ઇચ્છા ધરાવું છું. તેથી જાણી બુજી વિધવાનો સહવાસ મારાથી કયમ્ થઇ શકે, બાપા રાવલના વંશમાં કલંક સમાન કૃત કયમ્ થઇ શકે?

વીરમતી—મહારાણા, મને વધુ લોભ નથી. જો તમે મને વિધવા તરીકે અસ્પર્શ્ય ગણતા હોતો આપની દાસી તરીકે સ્વીકારો, આપની સેવાનો લાભ આપી આ અભાગી બાળાની ઉમેદ પુરી કરો.

(મહારાણા હમીરસિંહ ઉત્તર આપી શકતા નથી.)

વીરમતી—મહારાણા, આપને તન મન ને ધનથી ચહાનાર ભોળી ભામિનીનો ન કરો તિરસ્કાર, મારા પ્રયાસે આપની સઘળી આશાઓ પડશે પાર, મારી સહાયથી પરાધીન મેવાડનો દૂર થશે અન્ધકાર, ચિતોડ દુર્ગપર સૂર્યવંશનો પુનઃ સ્થપાશે સ્વતંત્ર અધિકાર.

હમીરસિંહ—નિર્વ્યાજનારી, મને તારી નિર્મલ ભક્તિની પુરી ખાત્રી છે પણ બાપારાવલના વંશજ તરીકે મારૂં ચિત્ત દોલાયમાન થાય છે, ધર્માધર્મ વિવેક કરવા અસમર્થ થાય છે.

વીરમતી—મહારાણા, જો તમે મારો નહીં કરો અંગીકાર, તો ફક્ત મારો આટલોજ છે આધાર, જુઓ મારી કમરમાંથી કાઢુંછું આ ચળકતી કટાર, તેને સ્થાન આપુંછું મારા હૃદય મોઝાર, અત્યારેજ સ્વર્ગ તરફ કરૂંછું સંચાર, મહીતલમાં અસ્પર્શ્ય ગણાતી આ પામરનાર, દેવલોકમાં તપશ્ચર્યા કરી અંતે આપનો પામશે સત્કાર.

(વીરમતી પોતાના શરીરમાં કટાર મારવા જાય છે, તેવામાં
વસુમતી પ્રવેશ કરી તેનો હાથ પકડી લે છે.)

વસુમતી—વત્સે વીરમતી, સાહસ કરવાની જરૂર નથી. વત્સ હમીર, મારી આજ્ઞાનુસાર પતિપરાયણ વીરમતીનો સહ ધર્મચારિણી તરીકે સ્વીકાર કર. તારી ધર્મભીરૂતા દૂર કરવા મેં સુરાંગનાઓને સૂચના કરી છે; તે મુજબ તેમણે વેદ ભગવાનનો મંત્ર મ્હેલના દ્વાર ઉપર લખી દીધો છે. તે મંત્ર તરફ દૃષ્ટિ કર, મિથ્યાં સંશયને મનમાંથી દૂર કર. વત્સે વીરમતી, વત્સ હમીર, હું તમને દિવ્ય સ્વર સાંભળવાની શક્તિ આપુંછું. સાંભળો, મધુર સ્વરે દેવ-કન્યાઓ તેજ મન્ત્રનું ગાન કરે છે.

*उदीर्ष्वनार्यभिजीवलोकं
गतासुमेतमुपशेषएहि ।
हस्तग्राभस्यदिधिषोस्तवेदं
पत्युर्जनित्वमभिसंबभूथ ॥

(ऋग्वेद मण्डल १० सूक्त १८ मंत्र ८)

"આ જીવલોક ભણી ભામિનિ ઊઠ ભાળી
શા સારૂ બેઠી મૃતનાથ સમીપ નારી,
હસ્ત ગ્રહે દિધિષુ જેતવ ભાગ્યશાળી
જાયાત્વ તે પતિનું લે પ્રણયે સ્વીકારી."

---

*(**नारि**) હે નારિ! (**जीवलोकम्**) સંસાર (**अभि**) તરફ લક્ષ્ય રાખીને (**उदीर्ष्व**) ઉભી થા. (**एतम्**) આ (**गतासुम्**) મૃતપતિ (**उप**) પાસે (**शेषे**) સુતી છે, (**एहि**) ત્યાંથી આવ. (**तव**) તારા (**हस्तग्राभस्य**) પાણિનું ગ્રહણ કરવાની ઇચ્છા રાખનાર (**दिधिषोः**) ગર્ભાધાન માટે સમર્થ (**पत्युः**) પતિનું (**इदम्**) આ (**जनित्वम्**) જાયાપણું, પત્નીપણું, (**अभिसंबभूय**) સ્વીકાર.

વસુમતી—વત્સ હમીર, હવે તારી ખાત્રી થઇ કે વેદ ભગવાન્ સ્વયં વિધવા પુનરૂદ્વાહનું વિધાન કરે છે. જુઓ, હું તમારો હસ્તમેલાપ અને સાથે સાથે હૃદય મેલાપ સ્વહસ્તે કરૂં છું અને આશિષ આપું છું કે તમારા સંયુક્ત પ્રયાસે મેવાડ મહીની અલ્પ સમયમાં મુક્તિ થાઓ.

હમીરસિંહ
વિરમતી }—જેવી માતાજીની આજ્ઞા.

(ટેબ્લો)

આ મંત્રમાં નિજપતિના મરણથી નિરાશ થયેલી સ્ત્રીને વેદ ભગવાન્ યોગ્ય પતિ સાથે પુનર્લગ્ન કરવાની આજ્ઞા કરે છે. આવાજ આશયનાં ઘણાં પ્રમાણો મનુસ્મૃતિ પારાશરસ્મૃતિ આદિ ધર્મ ગ્રંથોમાં ઉપલબ્ધ છે. વિધવા પુનર્લગ્નનું વિધાન કરનારા પ્રમાણ ભૂત શ્લોકો એટલા પ્રસિદ્ધ છે કે તેને અત્રે ટાંકવાની આવશ્યકતા જણાતી નથી પણ મનુસ્મૃતિનો નીચેનો શ્લોક એટલો સ્પષ્ટ છે કે તે વાંચક સમક્ષ રજુ કરીએ છીએ.

सा चेदक्षतयोनिः स्याद्
गतप्रत्यागतापि वा ।
पौनर्भवेन भर्त्रा सा
पुनः संस्कारमर्हति ॥

આ શ્લોકમાં અક્ષતયોનિ બાળવિધવાના પુનર્લગ્નનું સ્પષ્ટ વિધાન છે. બાળવિધવા કુમારી માફક ફરીથી લગ્ન સંસ્કાર કરવા યોગ્ય છે. તેવીજ રીતે પરાશર સ્મૃતિનો શ્લોક

नष्टे मृते प्रव्रजिते
क्लीबे च पतिते पतौ ।
पञ्चस्वापत्सु नारीणां
पतिरन्यो विधीयते ॥

ચોખે ચોખી ભાષામાં જણાવે છે કે પતિનું મરણ થયે વિધવા અન્ય પતિ સાથે પુનર્લગ્ન કરી શકે છે. બેશક, લગ્ન કરવું કે ન કરવું એ સ્ત્રી પુરૂષની પોતાની મરજીને આધીન છે, તેથી જે વિધવા ઇશ્વર ભજનમાંજ પોતાનું જીવન ગાળવા ઇચ્છતી હોય તેની ઇચ્છા વિરૂદ્ધ પુનર્લગ્ન કરાવવાની

પ્રવેશ ૪ થો.

સ્થળ--શેઠ સ્વરૂપચંદનું મકાન.

(વિચાર કરતા સ્વરૂપચંદ પ્રવેશ કરે છે.)

સ્વરૂપચંદ—શું મારા ભાગ્યની બલીહારી છે? પાણિ માફક પૈસા વાપર્યો પણ છેવટે તે ઉગી નીકળ્યો છે. વાહ! વાહ! પૈસાની શક્તિ અજબ છે. અણધાર્યાં કામ, અણચિન્તવ્યા મનોરથ, સર્વ શક્તિમાન્ પૈસા પરમેશ્વરની સાહાય્યથી સિદ્ધ થાય છે. બેશક, દામ કરે કામ અને મારા જેવો ઉમરે પહોંચેલો અક્કલનો કાથળો પણ મૃણાલિની જેવી ભણીગણી મગરૂર નારીનો થઇ શકે શ્યામ. આ જગત્માં લક્ષ્મીદેવીજ ફક્ત સાચી પ્રત્યક્ષ શક્તિ છે, તેના ઉપરજ નાના મોટા ગરીબ તવંગર કે રાય રંક સઘળાની પુરી ભક્તિ છે. કોથળી છુટી મુકી એટલે કપૂરચંદ જેવા કારભારી, મયાશંકર જેવા પુજારી બધા આપણા થાય તાબેદાર, અને આપણી ઇચ્છાનુસાર ધારેલું કામ પળમાં પડે પાર.

ગાયન ૧૮ મું.

દામ કરે કામ, સો સો દામને સલામ
વિના દામ જીંદગી છે ન કામ— દામ૦
છે નાણાંની જે ખાણ, તે તો ઘરડો જુવાન,
ગણો ગાંડો ગુણવાન, કદરૂપો રૂપવાન;
બણુચક કે મૂર્ખ તોયે, પામે બહુ સન્માન,
નમન કરીને ખુશામતીઆ, ગાયે તેનાં ગાન;
જોગી સંસારી તમામ, લક્ષ્મીદેવીના ગુલામ— દામ૦
નથી ટકા જેની પાસ, થાએ સર્વદા નિરાશ,
વિચક્ષણતાનો નિવાસ, તોએ લેખો ગુરદાસ;

આવશ્યકતા નથી. પણ જે વિધવાઓ વિવાહિત જીવન ગાળવાનું પસંદ કરે તેમની વિરૂદ્ધ રૂઢિ મારફત જુલમ થવો ન જોઇએ.

આ વિષયમાં વીરમતી બાળવિધવા છે. તેથી ધર્મ શાસ્ત્રને અનુસરી પુનર્લગ્ન કરવાનો વીરમતીને સંપૂર્ણ રીતે હક્ક છે. આપણે જોયું તે મુજબ વીરમતી પોતાના પતિની નિષ્કામ સેવા કરી પોતાનું અને પોતાના પતિનું જીવન ઉત્કૃષ્ટ બનાવશે અને વીર લલનાઓમાં ઉચ્ચ પદવી પ્રાપ્ત કરશે.

વસુવિના નરપશુ જેવો, જગમાં દીસે ખાસ,
હરદમ હડધુત થાતાં નક્કી, બલ બુદ્ધિનો નાશ;
બીજા દેવોનું શું કામ, પ્રેમે પૈસાને પ્રણામ— દામ૦

સાંભળો, ભાઇ સાહેબ, પૈસાદારને પૈસાની ફીકરમાં પુરી નિદ્રા આવે નહિ, અને મારા જેવા તવંગરની ઉમ્મરમાં જેમ વધારો થતો જાય તેમ નિદ્રા દેવીની અકૃપા થતી જાય. તેથી રાતનો ઉજાગરો હોવા છતાં અને લગ્નની ધામધુમમાં થાકી ગયા છતાં આપણે સવારમાં વ્હેલા ઉઠી નાહી ધોઇ પરવાર્યા છીએ. આજ કાલનાં ભણેલાં બૈરાં જરા બે-ફીકર બની જાય છે અને સૂર્યોદય થવા છતાં પથારીમાં પડી રહેવા લલ-ચાય છે. હોય ! તેની આપણા જેવા ધનાઢયને શી દરકાર ? મારા મનની માલીક મૃણાલિની દસ વાગ્યા સુધી નિદ્રા વશ રહે તોપણ તેની મરજીને સ્વાધીન થવામાંજ મારા પડશે પોબાર, અને સ્હેલાઇથી પામી શકાશે લલનાનો પુરો પ્યાર. સ્વરૂપચંદ શેઠીઆ, હવે વેંધાવેડા નહીં ચાલે, તમારે ભપકામાં રહેવું પડશે. મહા માયા મૃણાલિની વીજળી જેવો ચમકારો કરી મારી આગળ આવીને ઉભી રહે તે પહેલાં ગાલપર ગુલાબી પાઉ-ડર લગાવું, મુંછો કાળી બનાવું, અને સુંદર ફાંકડો જુવાન થઇ જાઉં. છોકરા, ટૉઇલેટનો સામાન લાવ.

(છોકરો ટૉઇલેટનો સામાન લાવી આપે છે, અને આરસો લઇ મુખ સુશોભિત કરવામાં સ્વરૂપચંદ શેઠ રોકાય છે. તેવામાં નેપથ્યમાંથી કોઇ બારણાં ખખડાવે છે.)

સ્વરૂપચંદ—છોકરા, બારણાં ઉઘાડી જે કોઈ આવ્યું હોય તેને અંદર લાવ.

(છોકરો નેપથ્યમાં જાય છે અને સોદાગરનો વેષ ધારણ કરેલા મયાશંકર સાથે પ્રવેશ કરે છે.)

મયાશંકર—શેઠજી, આપનાં લગ્ન થયાં એ સાંભળી બહુ રાજી થયા છીએ.

સ્વરૂપચંદ—મારે ઘણું કામ છે. જલદી કહી નાંખો.

મયાશંકર—ખાનદાન કુટુંબનાં બૈરાંઓ માટે જાતજાતનું જવા-હિર વેચવા શહેરે શહેર ફરૂં છું. ચાર દિવસ થયાં હું ચિતોડ આવ્યો છું.

તેવાંમાં તમારાં વિવાહની વાત સાંભળી એટલે તમારા તરફથી સારી ખરીદ થશે એવી આશાએ આવ્યો છું.

સ્વરૂપચંદ—(સ્વગત) આ ઠીક લાગ છે. મૃણાલિની, માટે નાજુક અલંકારની હમણાને હમણાં ખરીદ કરૂં, તો પહેલે સપાટેજ તે મોહિની મારા ઉપર ફીદા ફીદા થઈ જાય. (પ્રત્યક્ષ) સોદાગર સાહેબ, ખરીદ કરવામાં હરકત નથી પણ અમારે જુની પુરાણી રીતનાં ભારે ઘરેણાં પસંદ નથી. નવી ફૅશનના નાજુક અલંકારો હોય તો બતાવો.

મયાશંકર—તમે મને ઓળખતા નથી. હું દીલ્હીના નામાંકિત ઝવેરી બાબુ પનાલાલ પત્થરચંદ તરફનો સોદાગર છું. આખા હિંદુસ્તાનમાં નવી નવી ફૅશનોનો પ્રચાર અમારા શેઠને ત્યાંથી થાય છે.

સ્વરૂપચંદ—ઠીક બતાવો, જોઇએ કેવાં આભૂષણ લાવ્યા છો.

મયાશંકર—જુઓ, આ એરીંગ એવાં સુંદર અને મનોહર છે કે નજરે જોતાં વાર લલનાઓ ખુશ ખુશ થઇ જાય.

સ્વરૂપચંદ—બીજું શું છે?

મયાશંકર—જુઓ, આ મોતીની માલા રાત્રિના સમયે નાજુક નારીના કણ્ઠ પ્રદેશમાં તારા સમૂહની શોભા આપી શકે છે.

સ્વરૂપચંદ—બીજું કાંઈ?

મયાશંકર—જુઓ, આ સોએ સો ટચના સોનાની બંગડીઓ, બીલકુલ નાજુક અને નવી ફૅશનની છે. તમારા જેવા શેઠના ઘરમાં સારી રીતે શોભે તેવી છે. વળી, જુઓ ચરણનુપૂર, જેનો ઝંકાર, ચિત્ત ચીરી નાંખે આરપાર.

સ્વરૂપચંદ—વારૂ, બધો સટ્ટ સામટો ખરીદી લઇએ તો શું લેશો?

મયાશંકર—આ એરીંગના રૂપિયા પાંચસો, મોતીની માલાના રૂપિયા બે હજાર, બંગડીઓના રૂપિયા પંદરસો અને નુપૂરના ફક્ત પાંચસો. બધા મળી પીસતાલીસ સેં રૂપિયાનો માલ છે પણ આપ જેવા ખાનદાનની ઘરાકી બંધાય છે અને સામટો વકરો થાય છે એમ ધારી રૂપિયા ચાર હજારમાં આપી શકીશું. એથી ઓછું અમને ન પરવડે.

સ્વરૂપચંદ—(સ્વગત) મૃણાલિનીનું મન મનાવવા, ચાર હજારનો શો હીસાબ છે? (પ્રત્યક્ષ) તમે જરા બેસો હું દુકાને જઇ રૂપિયા લઈ

આવું. છોકરા, શેઠાણી જાગ્યાં હોયતો આ અલંકાર તેમને બતાવો, તેમને પસંદ પડશે તો આપણે ખરીદી લઇશું.

છોકરો—જેવી શેઠની મરજી.

(સ્વરૂપચંદ રૂપિયા લેવા દુકાને જાય છે, અને છોકરો શેઠાણી કુટિલાને બોલાવી લાવે છે.)

કુટિલા—સોદાગર, શા અલંકાર લાવ્યા છો ?

મયાશંકર—કયમ્ ઓળખતાં નથી ?

કુટિલા—એતો ઠીક (કુટિલા અને મયાશંકર સામસામા હસી પડે છે.)

મયાશંકર—આ અલંકાર તમે પહેરી લ્યો અને અંદરના દીવાનખાનામાં જાઓ. પછી હું આ છોકરાને યુક્તિ કરી બ્હાર કાઢું છું. તે વખતે હું તમને સૂચના કરીશ એટલે ચાલાકીથી તમારે ઘર બ્હાર સટકી જવું.

(કુટિલા અંલકાર પહેરી અંદર જાય છે.)

મયાશંકર—છોકરા, જલદી જઇ શેઠને કહો કે શેઠાણીને આભૂષણ ગમ્યાં છે. માટે રૂપિયા મંગાવે છે.

છોકરો—જેવો સોદાગર સાહેબનો હુકમ.

(છોકરો દોડતો દોડતો શેઠને બોલાવવા જાય છે.)

(મયાશંકર તાલી વગાડે છે એટલે કુટિલા બ્હાર આવી પલાયન કરી જાય છે.)

મયાશંકર—(સ્વગત) અત્યાર સુધી સીધું સટ કામ થયું છે અને ફીકરનું કારણ સદંતર દૂર થયું છે. શેઠ આવે કે રૂપિયા લઇ અગિયારા ગણું અને સોદાગરનો વેષ બદલી પાછો મયાશંકર ગોર બનું.

(સ્વરૂપચંદ શેઠ છોકરા કને ઉચકાવી રૂપિયા લાવે છે અને સોદાગરને આપે છે.)

મયાશંકર—લ્યો, ત્યારે, શેઠજી, રજા આપો. આટલી મોટી ખરીદી કરી મને તમે આભારી કર્યો છે જેને માટે હું તમારો અન્તઃકરણ પૂર્વક ઉપકાર માનું છું.

સ્વરૂપચંદ—ઠીક, સોદાગર સાહેબ, પધારો સારો માલ વેચવાનો હોય ત્યારે બતાવવા ચુકશો નહીં.

મયાશંકર—શેઠજી, એ બાબત બેફીકર રહેવું. નવામાં નવી કારીગરીના નમુના તમારી આગળ રજુ કરીશ. (જાય છે.)

સ્વરૂપચંદ—શો મારા નસીબનો બ્હાર ! નાણું ખર્ચી ખરીદ્યા નવી ફેશનના અલંકાર, ખાત્રી છે કે માનવતી મૃણાલિનીના હર્ષનો નહીં રહે પાર. ગરીબ અવસ્થામાં ઉછરેલી મૃણાલિનીના લાવણ્યનો એવો કુદરતી પ્રકાશ છે કે કટાક્ષ શરે ઘવાયેલો આ શેઠીઓ તે સુંદરીનો દાસ છે, ભાન ભુલાવે તેવો તે રમણીનો મોહ પાશ છે.

ગાયન ૧૯ મું.

રંભા જેવી રામા પામ્યો, કાંતીનો અંબાર,
બન્યો બંદો ખર્ચી નાણું, ભામાનો ભરથાર;
મોહિનીને છાજે તેવા, શોભીતા શણગાર,
પ્હેરી પ્રમદા થાશે ખુશી રંગીલી દીલદાર;
અહો શી નાજુક મમનારી, ચિત્ત ચોરી વશ કરનારી,
કટાક્ષ પાતે ઘાયલ કરતી, સુધારસ સિંચનારી—

—(કોરસ)— રંભા૦

હૈયા સાથે હરદમ રાખું, પ્યારી પ્રાણાધાર,
જે માગે તે લાવી આપું, લગાડું નહીં વાર;
સુંદરી સાથે શોખ કીધો, તે છે જગમાં સાર,
જુવાનીનો શો ભરૂસો, વિપળમાં પળનાર;
અહો શી નાજુક મમનારી, ચિત્ત ચોરી વશ કરનારી,
કટાક્ષ પાતે ઘાયલ કરતી સુધારસ સિંચનારી—

—(કોરસ)— રંભા૦

(જાય છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—કેલવાડામાં હમીરનું નિવાસ સ્થાન.

(હમીર પુત્ર ક્ષેત્રસિંહને પારણામાં ઝુલાવતી વીરમતી પ્રવેશ કરે છે.)

ગાયન ૨૦ મું.

ઝુલો મમ વ્હાલા, કુંવર રઢિયાળા,
આંખો કેરા તારા, ઝુલોને ઉમંગમાં,
તેજસ્વી રૂપાળા, રઘૂર્મીવી પ્યારા,
રહો સુખે રસાળા, માતાના ઉત્સંગમાં—ઝુલો૦

સુઓ સિંહ તનૂજ નિષ્પાપ જો,
કઠોરાંશુ સુતિગ્મ વીર્ય સ્થાપજો,
અસુરારિ શ્રીરામ કષ્ટ કાપજો,
બાપા રાવલ ક્ષાત્ર રસ આપજો.
અપૂર્વ શક્તિવાળા, પરાક્રમી તમારા
પૂર્વજ શૌર્યધારા, વરસાવો અંગઅંગમાં—ઝુલો૦

વસુંધરા વિમોક્ષ વ્રત ધારજો
પ્રતિજ્ઞા ભીષ્મ જેવી નિભાવજો
ભૂમિ ભક્તિ ઝરો વહેવરાવજો
શુભ્ર કીર્તિ પતાકા ફરકાવજો
થાજો સુપુત્ર મારા, સજ્જન રક્ષનારા
દુર્જન દમનારા, ઘુમી રણજંગમાં—ઝુલો૦

વીરમતી—(પારણામાંથી ક્ષેત્રસિંહને પોતાના હાથમાં લઇ) વ્હાલા બાળ, રાણા વંશના નાજુક અલંકાર, તારૂં રસીલું મુખ કેટલું પ્યારૂં લાગે છે? તારાં તેજસ્વી નયનો વીરરસની અમીધારા કેવી વરસાવે છે? ખરેખર, આજ આનન્દનો દિવસ છે. મારા પ્યારા પુત્ર ક્ષેત્રસિંહની પહેલી વર્ષગાંઠ છે. તેથી કેલવાડામાં આજરોજ લીલા લ્હેર છે, હર્ષ અને પ્રમોદનો પ્રવાહ ઘેરઘેર છે. પરમકૃપાળુ પ્રેમીદેવી વસુમતી પોતાની નિરંતર ધ્યાન વૃત્તિમાંથી જાગૃત થઇ અવશ્ય પધારનાર છે, તેથી મહારાણા માંગલિક દરબારનું કાર્ય ત્વરાએ પુરૂં કરનાર છે, માતાજીના સત્કાર માટે અત્રે જલદી આવનાર છે.

(મહારાણા હમીરસિંહ પ્રવેશ કરે છે.)

હમીરસિંહ—પ્રિયતમા વીરમતી, આજે ક્ષેત્રસિંહની વર્ષગાંઠના માંગલિક પ્રસંગે સમસ્ત સરદારો અને સૈનિકો હર્ષ હિંમત અને ઉત્સાહના આવેશમાં આવી ગયા છે, ચિતોડને પાછું સર કરવા અધીરા થયા છે, ચિતોડની અધિષ્ઠાત્રી દુર્ગાદેવીના પવિત્ર દેવળ ઉપર બાપારાવળનો દેદીપ્યમાન ધ્વજ પુનઃ ફરકાવવા તલ પાપડ થઇ રહ્યા છે. તેથી હવે વિલંબ કરવાની શી જરૂર છે?

વીરમતી—પ્યારા પ્રાણનાથ, તમારા ઉમંગને હું આનન્દ સાથે વધાવી લઊંછું. પણ મારા ધારવા મુજબ બળ અને કળનો યોગ્ય રીતે પ્રયોગ કરનાર સ્હેલાઇથી વિજયવંત થાય છે, માટે પ્રસંગની પુરી પરીક્ષા કરી અનુકૂલ સમયે પ્રહાર કરવાની જરૂર જણાય છે.

હમીરસિંહ--જેના ભુજમાં શક્તિ છે, હૃદયમાં ભૂમિભક્તિ છે તેને માટે દરેક સમય અનુકૂલ છે.

વીરમતી—તથાપિ શૌર્ય સાથે રાજનીતિની સહાય લેવી તેમાં શી ભુલ છે? તમે જરા સબુરી રાખો તો, ચિતોડપર તમારી ચઢાઈ અવશ્ય સફલ થાય એવી વ્યવસ્થા પરિપૂર્ણ કરવાનું બની શકે.

હમીરસિંહ--ઠીક, ત્યારે તમારી ઇચ્છાનુસાર નિયત સમયે ચિતોડપર આક્રમણ કરીશ, તે પ્રાચીન દુર્ગમાં સૂર્યવંશની સ્થિર સ્થાપના કરીશ.

વીરમતી—પ્રાણાધાર, મારી મરજી મુજબ જાલભાઇ ગુપ્ત વેષે ચિતોડ તરફ ગયા છે, સિસોદિયા રાજપુતોનું મન તમારી તરફ વાળવા પ્રયત્નશીલ થયા છે. ગમે ત્યાંથી ક્ષેત્રસિંહની વર્ષગાંઠના દિવસે અત્રે આવવાનું તેમણે વચન આપ્યું છે, તેથી તેમના આગમન બાદ ભવિષ્યની યોજનાઓ ધડવાનું મેં મુલતવી રાખ્યું છે. દિવાકરવંશી દિવ્યનરપતિ, જાલભાઇ આજ નક્કી પધારશે, પરિસ્થિતિનો પુરો પરિચય કરાવશે, ધડેલી ભાવિ યોજનાઓ આપની સમક્ષ રજુ કરશે.

હમીરસિંહ—વીરબાળા, તમારી ઉત્તમ સલાહને અનુસરવામાંજ અમારૂં શ્રેય થશે, મેવાડભૂમી મુક્ત થશે.

વીરમતી—પૂજ્ય મહારાણા, તમારૂં શ્રેય તેજ મારૂં શ્રેય છે, મારા આ કાલાકુમારનું પણ શ્રેય છે.

હમીરસિંહ—(ક્ષેત્રસિંહને પોતાના હાથમાં લઇ) આ નાનકડો બાળ પણ અગ્નિના અંગાર જેવો દેદીપ્યમાન ભાસે છે, પારણા· માંજે અમલ ઓજસનો અંબાર દીસે છે. વીરાંગનાના ઉદરમાંથી ઉત્પન્ન થયેલા ક્ષાત્રવીર, તું રવિવંશની શુદ્ધ કીર્તિ સહસ્ર ગણી વધારે એજ અમારો અભિલાપ છે, તેમાંજ અમારા અન્તઃકરણની અખણ્ડ આશ છે.

મૃણાલિની—(પ્રવેશ કરી) બ્હેન વીરમતી, દેવી વસુમતી ક્ષેત્રસિંહને રમાડવા આજે આવનાર છે, તે પ્રસંગે આપના વીરબાળને શણગારવા તૈયાર કરેલા આ અલંકાર છે, જે સાચા ક્ષત્રિય સન્તાનના રૂચિર દેહપર સંપૂર્ણ રીતે શોભનાર છે.

(મૃણાલિની ક્ષેત્રસિંહને અલંકાર પહેરાવે છે.)

વીરમતી—પૂજ્ય મહારાણા, આપની પાસે મારી એક નાનકડી અરજ છે.

હમીરસિંહ—વ્હાલી વીરમતી, તમને અરજ નહીં પણ આજ્ઞા કરવાનો અધિકાર છે, હમીરસિંહ તમારા વચનને પાળનાર છે.

વીરમતી—મારી વ્હાલી બેન મૃણાલિનીના ધર્મનિષ્ઠ પિતા સૌભાગ્યચંદ્રપર માલવદેવના ક્રૂર કારભારી કપૂરચંદે અસહ્ય જુલમ કર્યો છે, તે નિર્દોષ સજ્જનને વિના કારણ કારાગૃહવાસી કર્યો છે.

હમીરસિંહ—વ્હાલી વીરમતી, તે બાબત ફીકર કરશો નહીં. જ્યારે ચિતોડને ભુજબલે પાછું મેલવીશ, ત્યારે સૌભાગ્યચંદ્રને પ્રથમ મુક્ત કરીશ, મૃણાલિનીનું દુઃખ દૂર કરીશ.

મૃણાલિની—મહારાણા હમીરસિંહ, હુંપણ આપની ઓશીંગણ રહીશ, ઉપકારનું સદા સ્મરણ કરીશ.

જાલ—(પ્રવેશ કરી) મહારાણા હમીરસિંહ, બ્હેન વીરમતીએ સોંપેલું કાર્ય સંપૂર્ણ કરી આજે કુમાર ક્ષેત્રસિંહના જન્મ દિવસે આપની સેવામાં હાજર થાઉ છું.

વીરમતી—પધારો, જાલભાઈ, અમારા આનન્દની અભિવૃદ્ધ કરો, કાલા-
કુંવરને આપના હસ્ત કમલમાં ધરો.

(વીરમતી કુમાર ક્ષેત્રસિંહને જાલના હાથમાં આપે છે.)

જાલ—બ્હેન વીરમતી, તમે ઘણાં રાજી થશો કે આપણી અભિલાષા-
ઓની સિદ્ધિ દૂર નથી, વિલમ્બ કરવાની જરૂર નથી.

વીરમતી—ભાઈ જાલ, ચિતોડમાં વસતા સિસોદિયા રાજપુતોનું કેવું
વળણ છે ?

જાલ—બ્હેન વીરમતી, ચિતોડ નિવાસી સમસ્ત રાજપુતોને મેં પુરેપુરા
તૈયાર કર્યાં છે. મહારાણા હમીરસિંહના દર્શન સમયેજ તેમની
બાજુએથી સમરક્ષેત્રમાં ઝંપલાવવાનો પાકો નિશ્ચય ઉપર તે
સઘળાઓ સાચા દિલથી આવ્યા છે.

હમીરસિંહ—દેવી વીરમતી, ત્યારે શાસારૂં મારે લગાડવી જોઇએ વાર,
કાર્ય સિદ્ધિ માટે સજ્જ છે આ તલવાર, મેવાડના રિપુ-
ઓને હવે હું પળમાં પીસી નાંખનાર.

જાલ—મહારાણા સહુર. હમણાં માલવદેવ મદારિયાના મેર લોકોનો
બળવો દાબી દેવામાં રોકાયા છે. તે અરસાનો લાભ લઇ બ્હેન
વીરમતી કુમાર ક્ષેત્રસિંહ સાથે ક્ષેત્રપાલની બાધા મુકવાના
બ્હાને ચિતોડ જાય, તે સમયે સઘળા રાજપુતો પોતાની રાણીનું
દર્શન કરવા એકઠા થાય, રાણીના શૌર્ય સિંચક ઉદ્‌ગારોનું શ્રવણ
કરી પોતાના સંકલ્પમાં દઢ થાય, તો મને ખાત્રી છે કે માલવદેવથી
ચિતોડમાં પાછો પ્રવેશ ન કરી શકાય.

હમીરસિંહ—દેવી વીરમતી, જાલભાઇની ઇચ્છાનુસાર ક્ષેત્રપાલની બાધા
મુકવા કુંવર સાથે ચિતોડ તરફ પ્રમાણ કરો, ચિતોડ પુન-
રૂદ્ધારનું પવિત્ર કામ નિરન્તરાયે પરિપૂર્ણ કરો. તમારાથી
થોડે દૂર હું મારા સૈન્ય સાથે રહીશ, નડતી મુશ્કેલીઓને
છેદી નાંખીશ.

(દેવી વસુમતી પ્રવેશ કરે છે.)

વસુમતી—વત્સ હમીર, વત્સે વીરમતી, વત્સ જાલ, વત્સે મૃણાલિની,
મારી દિવ્ય શક્તિથી તમારી યોજના મેં જાણી છે, તે યોજ-
નામાં તમારા વિજયની વાંછના મારા મનમાં સમાણી છે.

(ક્ષેત્રસિંહને પોતાના હાથમાં લઇ) આ ભાગ્યશાળી પુત્ર રત્નને લઇ સંચરો, રઘુવંશના ધ્વજને ચિતોડ દુર્ગપર ફરીથીધરો.

ગાયન ૨૧ મું.

પરમ પ્રભુ છે સ્હાય તમારે,
મહી રમણીય મુક્ત કરો મમ બાળ—
કૃપાણુ ધારે સમરાંગણમાં, છેદો દુશ્મન જાળ,
રિપુ પ્રપંચ કૃષ્ણુ તિમિર, ભેદી પ્રકાશનાર:
શશિ શુભ્ર ધરી હથિયાર, વાજો દુષ્ટનો સંહાર— પરમ૦
ચિત્ત દુર્ગવીર વસતિ સાચી, ક્ષત્રિય જીવનસાર,
રણુ શુરા સરદારો સાધો, મેવાડ પુનરૂદ્ધાર;
ધવલ કીર્તિ છે મલનાર, તે છે વીરનો શૃંગાર— પરમ૦

(રેમલો.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—કેલવાડામાં મૃણાલિનીનું નિવાસ સ્થાન.

(મૃણાલિની પ્રવેશ કરે છે.

મૃણાલિની—દીર્ઘ સમયબાદ પ્રિયતમ જાલના દર્શનથી મારો અન્તરાત્મા હર્ષથી ઊભરાય છે. ગ્રીષ્મ ઋતુમાં પાણિ વગર પ્યાસી ચાતકિની જેવી રીતે ઘનોદયની પ્રતીક્ષા કરે છે, દિવસે પ્રિય ચક્રવાકના વિયોગે વિહ્વલ ચક્રવાકી જેવી રીતે ચંદ્રોદયની આકાંક્ષા રાખે છે, તેવીજ રીતે વિરહ રાત્રિના શ્યામ અન્ધકારમાં ઘેરાયેલી આ બાળા જાલ સૂર્યના આગમન માટે ક્ષણે ક્ષણ ઉત્કણ્ઠા ધારે છે. આજે મારા હૃદયહાર, જીવનસાર, પ્રાણાધારના પ્રેમરસનું પાન કરવાનો અવકાશ છે, તેનો પુરો લાભ લેવા મારા મનમાં આશ છે.

જાલ--(પ્રવેશ કરી) પ્રિયે મૃણાલિની, આટલા દિવસ મહારાણાના કામને લીધે દૂર રહેવા માટે તમારી ક્ષમા માગું છું.

મૃણાલિની--ક્ષમા માગવાની લુખ્ખી પદ્ધતિ બહુ સારી છે; ખરેખર ત્હેનો પ્રયોગ કરી લાંબા વખત સુધી તલસતી આ બાળાને તમે છેતરવા ધારી છે.

જાલ—વ્હાલી, તમને છેતરવાનું મારે શું પ્રયોજન ?

મૃણાલિની—ત્યારે આટલા બધા દિવસ આ ભોળી બાળાને વિસારી દેવાનું શું કારણ ?

જાલ—કર્તવ્ય પરાયણ પુરૂષોથી કાંઈ માશુકના મુખ આગળ ચોવીસે કલાક બેસી રહેવાય ?

મૃણાલિની—આશકના અભાવે અધીરી નારીથી કાંઇ દિવસોના દિવસ ઝુરી શકાય ?

જાલ—જો આત્મામાં પ્રિય વસ્તુના સૂક્ષ્મસ્વરૂપનું અધિષ્ઠાન છે તો સ્થૂલ દેહ સમીપમાંજ રાખવાની હઠ લેનાર બિલકુલ નાદાન છે.

મૃણાલિની—ઠીક, ત્યારે, અમે નાદાન, તમારૂં અહર્નિશ ચિન્તવન કરવા માટે બહુ સારૂ પદવી પ્રદાન.

જાલ—વ્હાલી, આટલામાં શા સારૂ રીસાય છે ? શું મહારાણા માટે પરિશ્રમ કરવાની મારી ફરજ નથી ?

મૃણાલિની—ત્યારે વ્હાલા, સતત સમાગમ માટે ઉત્કણ્ઠિત સુન્દરીને સદા સાથે રાખવી એ શું તમારી ફરજ નથી ?

જાલ—વ્હાલી, હું કબુલ કરૂં છું કે તે પણ મારી ફરજ છે, પણ મોહિનીની મોહજાળમાં ફસાઇ બેભાન ન બનવું એ વીર પુરૂષોની સમજ છે.

મૃણાલિની—પણ વ્હાલા, શું તમો માનો છો કે હું તમને મુગ્ધ બનાવી કર્તવ્ય ભ્રષ્ટ કરૂં એવી અણસમજુ છું ?

જાલ—ના, ના, તમે સમજુ છો, પણ ક્ષાત્ર ધર્મ બજાવવામાં ક્ષુદ્ર વિષય વાસના અન્તરાયરૂપ છે.

મૃણાલિની—શું વિષય વાસના શીવાય બીજા ઉચ્ચ આશયો પરિપૂર્ણ કરવા નરનારીનાં યુગલ સહચારી બની શકતાં નથી ?

જાલ—વ્હાલી તમારૂં કહેવું સત્ય છે પણ પુરૂષોચિત સમરાંગણમાં સાથે જવું એ કોમલ કામિનીઓ માટે અશકય છે.

મૃણાલિની—પ્રિયતમ, સર્વ સ્થળે છાયા માફક તમને અનુસરવાની મારી ઉમેદ છે. જુઓ, સાંભળો, મારા હૃદયની અભિલાષા રજુ કરૂં છું, તેને સ્વીકારી મારા મનોરથ ફલીભૂત કરશો.

ગાયન ૨૨ મું.

જશો જો યુદ્ધ ક્ષેત્રે તો, અસિ ભાલો કરે ધારી,
કવચો લોહનાં પહેરી, ઉમંગે આવશે નારી.
કઠિન જે રાજનીતિના, પ્રયોગો સિદ્ધ કરનારી,
રિપુની ગુપ્ત ચેષ્ટાઓ, સરલતાએ સમજનારી.
કરીને કામ રાણાનું, અરિની શક્તિ સંહારી,
મહી સ્વાધીન મેવાડી, થશે જ્યારે હરિયાળી,
અચલ શાન્તિ સમર્પીને, પ્રણયનું વારિ પાનારી,
પતિના પ્રેમની ભોક્તા, સુધારસ ચાખશે પ્યારી.

જાલ--ધન્ય છે, વીરનારી, ધન્ય છે. તારા જેવી કર્તવ્યનિષ્ઠ કામિનીઓ વિશ્વના અલંકાર સમાન છે, તારા જેવી ઉચ્ચ મનોવૃત્તિઓ ભારત મહિલાઓના હૃદય કમલમાં સદા સ્ફુરતી રહે એજ આર્યાવર્તના ઉદયનું સાચું નિશાન છે, તારો સહવાસ મારા શૌર્યમાં સહસ્રગણો વધારો કરવાની ખાણ છે.

મૃણાલિની--વ્હાલા પ્રિયતમ, તમે મારી માગણીનો સ્વીકાર કરી મારા ઉપર અનહદ કર્યો છે ઉપકાર, હવે સદા હું તમારી સંગ વિચરનાર, દરેક ક્ષણે તમને સહાય કરનાર.

ગાયન ૨૩ મું.

હવે સંગ રહું પ્રિય પ્યારા
જાલ— રસીલી રમણી છો વીરબાળા—હવે
મૃણાલિની— ઘરમાં શૃંગાર સજતી, (૨)
રણમાં આયુધ ધરતી (૨)
અનુસરીશ કામણગારા—હવે.
જાલ— ધન્ય સતી વિમલ પતિ ભક્તિ,
અતિ તેજસ્વી તમારી;
મૃણાલિની—રસીઆ રાજીવ લોચન છોજી (૨)
પ્રમદાના અધિકારી
સદા સેવું પદ સરોજ તમારા—હવે.

(જાય છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—જંગલ.

(સુબેદાર માલવદેવ, કુમાર હરિસિંહ અને સૈનિકો મદારિયાના મેર લોકોના સરદારને લોઢાની જંજીરમાં બાંધી પ્રવેશ કરે છે.)

માલવદેવ—મૂર્ખ સરદાર, અણસમજુ મેર લોકોને મારી વિરૂદ્ધ ઉશ્કેરનાર, પ્રચણ્ડ સિંહ સામે તલપ મારનાર ક્ષુદ્ર મૃગબાળ, તારી ઉન્મત્ત પ્રવૃત્તિનું માઠું ફળ તને મળ્યું છે, તારૂં હરામી શરીર આયસ શૃંખલાઓ માટે યોગ્ય સ્થાન થયું છે.

હરિસિંહ—નાદાન સરદાર, અજ્ઞાન વનવાસીઓને આડે રસ્તે દોરવાનું જે ભયંકર સાહસ તારા હાથે થયું છે તેને માટે યાદ રાખજે કે ક્રૂરમાં ક્રૂર ભાવિ તારે માટે નિર્માણ થયું છે.

મેર સરદાર—નિમકહરામ યવન ગુલામ, શા આધારે તું આ પવિત્ર મેવાડભૂમિ ઉપર હકુમત ધરાવે છે? ક્ષુદ્રદાસ હોઇ શા સારૂં અભિમાન ધરાવે છે?

માલવદેવ—નીચ સરદાર, હું ગુલામ છું પણ દિલ્હીના શહેનશાહનો ગુલામ છું. મારા હાથ નીચે સોંપેલી ધરણીનો સ્વતંત્ર માલીક છું. તારા જેવા લુટારાના સરદારોને મચ્છર માફક મસળી નાંખવા સમર્થ છું.

હરિસિંહ—મૂર્ખ શિરોમણિ, મેવાડના સંપૂર્ણ સત્તાધારી સામે માથું ઉચકી તેં તારી જાતને પતંગ પેઠે અગ્નિની જવલંત જ્યોતિમાં હોમી દીધી છે, પોતાને હાથેજ પેટ ચોળી પીડા ઉભી કરી છે.

મેર સરદાર—અસાધારણ સૈન્ય બળથી આ મૃગેન્દ્રને પકડનાર બાયલા કાપુરૂષો, ખરી તાકાદ હોયતો દ્વન્દ્વ યુદ્ધ કરવા હું તમને આમંત્રણ કરૂં છું. શક્તિનો ગર્વ સાર્થક કરવો હોય તો સરખાં આયુધ લઈ મારી સાથે લડો, નહીતો મિથ્યા બકવાદ છોડી ચુપકી પકડો.

માલવદેવ—તારા નસીબે સરજાએલી સજાનું સ્વરૂપ કોમલ કરવા અમે શાંતિ પકડી તારી સાથે વાત કરવાની સલુખાઈ શીખીએ છીએ ત્યારે તું તારી ઉન્માદાવસ્થામાં વધુને વધુ બેભાન બને છે, જીભને છુટી મુકી દયા દર્શાવવાની અભિલાષાને જડમૂળથી હણે છે.

મેર સરદાર—તમારા જેવા મેવાડભૂમિના દુશ્મનો પાસે દયાની યાચના કરતો નથી. જે ધરણીની સ્વાધીનતા માટે હજારો રાજપુતોએ કેસરિયાં કર્યાં છે, હજારો ક્ષાત્ર રમણીઓએ જુહાર કર્યાં છે, તે ધરણીના ઉદ્ધાર માટે થનારા મહાન્ પ્રયાસના મંગલાચરણરૂપ મારાથી બનતી સેવા મેં કરી છે, પવિત્ર વસુધાના વિમોક્ષવ્રતમાં આત્મ બલિદાન આપવાની અનુકરણીય પદ્ધતિ આદરી છે.

માલવદેવ—હરામી હેવાન, સૂર્ય સામે ધૂળ ફેંકી તેં તારી પોતાની આંખોનેજ ધૂળથી ભરી છે.

મેર સરદાર—સાચી નિષ્ઠાથી મેં મારી જન્મવસુધા પ્રત્યેની ફરજ અદા કરી છે, મેવાડના છુટકારા માટે અહર્નિશ ચિંતવન કરતા બહાદુર ક્ષત્રિયો માટે કર્તવ્ય દિશા મુકરર કરી છે. મત્ત માલવદેવ, ખાત્રી પૂર્વક સમજી રાખજે કે જે પવિત્ર નિષ્કામ યજ્ઞમાં મેં મારા દેહનું બલિદાન કર્યું છે તે યજ્ઞમાં હજારો લાખો વીરપુરૂષો પ્રાણ પરિત્યાગ કરવા તત્પર રહેશે, કાર્યસિદ્ધિ સંપૂર્ણ થતાં સુધી સર્વદા સશસ્ત્ર ઘુમશે.

માલવદેવ—તે સઘળા અક્કલના બારદાનોને માલવદેવનો કઠોર કૃપાણ કાપી નાંખશે, પૃથ્વીનો ભાર ઓછો કરશે.

મેર સરદાર—જનની ભક્તિના વિમલ ઉત્સાહથી મરણને પ્રેમે ભેટનાર સૈનિકોના એક એક રૂધિર બિન્દુમાંથી અનેક સુભટો ઉદ્ભવશે. તારા જેવા નિજ વસુંધરા વિદ્વેષી કાપુરૂષની ધડકતી છાતીને વધુને વધુ ધડકાવશે.

માલવદેવ—તેવાં શોચનીય શિયાળિયાંઓ આ વનરાજની પ્રચણ્ડ દંષ્ટ્રાઓમાં પીસાઇ કચરાઇ અકાળ મૃત્યુને શરણ થશે.

મેર સરદાર—તારા જેવા ઉચ્ચ સ્વરે ભસતા શ્વાનોથી તરણું પણ નહીં તુટી શકશે.

માલવદેવ—દીલ્લીના શહેનશાહના સુબેદારને શ્વાન કહેનાર પાજી-સરદાર, લવરી કરી તું આયુષ્યની દોરી ટુંકી કરે છે, બેશક તારા શીરે કરાલ કાળ ભ્રમણ કરે છે.

મેર સરદાર—"ખીલા વળુદે પાડું અધિક કૂદે" તેમ દિલ્લીના બાદશાહના આશ્રયે અન્યાય અને અનીતિમાં રચી પચી રહેનાર નિન્દ્ય-નરાધમ, તારામાં કેટલો દમ છે તેનું પ્રત્યક્ષ ભાન કરાવવા મારી અગાધ

શક્તિનો પ્રયોગ કરી આ લોઢાની જંજીર તોડી નાંખું છું, મારા પ્રખર કરની ઉગ્રતાનો અનુભવ કરવા માટે તને અમૂલ્ય અવસર આપું છું.

(લોઢાની બેડીઓ તોડી નાંખી માલવદેવના મસ્તક ઉપર મુષ્ટિ પ્રહાર કરવા જાય છે.)

હરિસિંહ—(મેર સરદારનો હાથ પકડી લઇ) સુભટો, આવી રીતે કેદી તમારા હાથમાંથી છુટી તમારાજ માલીક ઉપર પ્રહાર કરવા જાય એ ભારે શરમની વાત છે. સૈનિકો નીચતાની પરિસીમાએ પહોંચેલા આ સરદારને સખ્ત પકડો, મજબુતમાં મજબુત પોલાદની જંજીરોમાં આ જાલીમ જંગીને જકડો. (સિપાઇઓ મેર સરદારને સખ્ત બાંધે છે.) પિતાજી, આ કૃતઘ્ની સરદારપર કૃપા કરવાની ઇચ્છાએ તમે આટલી સુજનતા દર્શાવી તેની કેવી ગંભીર પરિણતિ થઇ છે? ભૂખ્યા સાપને દૂધ પાવાની દયા કરનાર દયાળુ પિતાજી, તેજ નિમકહરામી સાપે તમને દંશ દેવાની ચેષ્ટા કરી છે. તેથી મારી નમ્ર પ્રાર્થના છે કે આ અભિમાની મેર સરદારને વિના વિલંબે પ્રાણદણ્ડની આજ્ઞા કરો, તેના અધમ પાતકોનું પ્રાયશ્ચિત્ત ભોગવવા યમપુરીનો પંથ તેને માટે ખુલ્લો કરો.

માલવદેવ—પુત્ર હરિસિંહ, તારી વાણી યથાર્થ છે. મેર સરદારને દેહાન્ત દંડ દીધા શીવાય બીજો માર્ગ નથી. ઉપકારપર અપકાર કરનાર સેતાન સરદાર, લાચારીએ હું તારા માટે મોતની સજા ફરમાવું છું.

મેર સરદાર--મદાન્ધ માલવદેવ, માંગલિક મરણનું પ્રેમે આલિંગન કરવા તૈયાર છું, પણ છેવટે એટલું જણાવું છું કે એક સાચા ભૂમિભક્તનું રક્ત તને બહુ ભારે પડશે, તારી પૂર્ણ પાયમાલી કરનાર ભયંકર ઘટનાઓ જલદી ઉપસ્થિત થશે.

માલવદેવ—તેની કાંઇ ફીકર કરવી નહિ. કુમાર હરિસિંહ, શું જોઇ રહ્યા છો? તલવારના ઘાએ સરદારનું શીર શરીરથી જુદું કરો.

મેર સરદાર—બાયલા હરિસિંહ, લોઢાની બેડીએ બાંધેલા બહાદુરનો શિરચ્છેદ કરવામાં બડાઇ માને છે તો મરણ સન્મુખ પ્રયાણ કરનારનું સત્ય ભવિષ્ય કથન સાંભળી લે. અલ્પ સમયમાં એક ક્ષત્રિય શિરોમણી વીરપુરૂષ સામે ઘાએ દ્વન્દ્વ યુદ્ધમાં તારો શિરચ્છેદ કરશે.

હરિસિંહ--તે બધું જોઇ લેવાશે, પણ હમણાં તું તારી અધમ કરણીનું ચાખી લે ફળ.

(હરિસિંહ મેર સરદારનું શીર ધડથી જુદું કરે છે.)

માલવદેવ--(હસીને) જોયું આ ઘમંડી ગર્વીનું ગુમાન, છેવટે તેનું યથાયોગ્ય થયું છે અવસાન, ભુલીભાન જે મારી સત્તાનું કરશે અપમાન, તેને માટે નિર્માણ થઈ ચૂકયું છે પરલોક પ્રયાણ.

હરિસિંહ--પિતાજી, નાદાન પ્રત્યે દાનાઇ નિરૂપયોગી છે.

માલવદેવ--બહાદુર હરિસિંહ, બેશક દયા ડાકણને ખાય અને અધર્મી અધમ માનવી પોતાના પાલકનોજ દ્રોહી થાય.

હરિસિંહ--પિતાજી, ગુન્હેગારનો બચાવ સાંભળવાનો વિવેક આ બગડેલી દુનીઆમાં અનર્થકારી છે; તેવા વિવેકનેજ આવા સરદારોની નફટાઇ આભારી છે.

માલવદેવ--બસ, હવે આપણે આપણા રાજસૂત્રોમાંથી દયાને દેશવટો દઇશું, હરેક પ્રસંગે ક્રૂરતાનો આશ્રય કરીશું.

(ગભરાયેલા કપૂરચંદ પ્રવેશ કરે છે.)

માલવદેવ--કારભારી કપૂરચંદ, ચિતોડ સુનું મુકી આમ અચાનક આવવાનું શું પ્રયોજન? આટલા ગભરાટનું શું કારણ?

કપૂરચંદ--મહારાજ જુલમ થયો છે. કહેતાં જીભ ઉપડતી નથી, શરીરની ધ્રુજારી કમી થતી નથી.

માલવદેવ--જલદી નિવેદન કરો. જેણે તમારી સાથે ઉદ્ધતાઇ કરી હશે તેનો આ માલવદેવ પળમાં પ્રલય કરશે.

કપૂરચંદ--મહારાજ, આજ સવારમાં સૂર્યોદય પહેલાં ચિતોડ નિવાસી રાજપુતોનાં ટોળે ટોળાં કિલ્લા પાસે ક્ષેત્રપાળના દેવળ આગળ ભેગાં થયાં.

માલવદેવ--તેની શી ફીકર છે? પ્રજા જનોને પોતાનાં ધાર્મિક અનુષ્ઠાનો મરજી મુજબ કરવા દેવામાં શી હરકત છે? ધર્મ વ્યવહારમાં વચ્ચે ન પડવું એજ મજબુત રાજ વહિવટની પહેલી સરત છે.

કપૂરચંદ--પણ મહારાજ, તપાસ કરતાં જાણ થઇ કે ભેગા થયેલા રાજપુતો હથિયાર બંધ હતા તેથી નિશ્ચય થયો કે તેમનો ઉદ્દેશ તોફાની હોવો જોઇએ.

માલવદેવ--તેમને વિખેરી નાંખવાનો શામાટે સેનાપતિને હુકમ ન કર્યો?

કપૂરચંદ—મહારાજ, એવી ગફલત કાંઇ મારા હાથે થાય નહિ. એકદમ સેનાપતિ કને ગયો પણ ત્યાંતો સેનાપતિના કાંઇ ઓરજ રૂપનો ભાસ થયો.

માલવદેવ—શું સેનાપતિ સ્વામિ દ્રોહી જણાયા ? ત્યારે તો સમજી લેવું કે ફાંસીના માંચડા માટેજ તેમના દિવસ ભરાયા.

કપૂરચંદ—મહારાજ, સેનાપતિએ મારી આજ્ઞાનો અનાદર કર્યો એટલુંજ નહિ પણ એક ભાલાનો ઘા કરી મારી પાઘડી પાગાઉ ઉડાવી દીધી.

માલવદેવ—કેવી સેનાપતિની ધૃષ્ટતા ? તેના રઇ રઇ જેવડા ટુકડા કરશે મારી સ્વતંત્ર સત્તા.

કપૂરચંદ—મહારાજ, બીજો કોઈ સીધો કે વાંકો ઉત્તર દીધા વિના સેનાપતિએ પોતાનું પોત પ્રકાશી મારા જેવા વૃદ્ધ વન્દ્ય કારભારી પ્રત્યે અવિનય અને તિરસ્કારની હદ કરી દીધી, ન સાંભળી શકાય તેવાં નીચ વાકયોની વૃષ્ટિ કીધી.

માલવદેવ—ગભરાઓ નહિ. શરૂઆતમાં સેનાપતિની જીભ કાપી પછી તેને પ્રાણ દણ્ડ દઇશું.

કપૂરચંદ—મહારાજ, મને બસ એટલુંજ કહ્યું કે બકાલ, અમારા કારભારમાં તું વાણિયું શું સમજે ? જો એક શબ્દ વધુ બોલ્યો તો જોઇલે તારી મજા, એક વખત પાઘડી ઉડાવી જતો કીધો છે પણ બીજી વખત તો તારૂ માથું ભાલાથી ભેદાશે.

માલવદેવ—ખરેખર, સેનાપતિના ચિત્તમાં દુષ્ટ દુર્બુદ્ધિએ વાસ કીધો છે, તે બેશરમ નરાધમે સભ્યતાનો ત્યાગ કીધો છે. કારભારી, નિશ્ચિત રહો. મેર સરદાર સાથેના વિગ્રહને લીધે મારા સૈન્યનો મોટો ભાગ મારી સાથે છે, તેથી તે પાજી પામરને પળમાં પીસી નાંખીશ, તમારા અપમાનનું પુરૂં વૈર લઇશ. પુત્ર હરિસિંહ અને શૂરા સૈનિકો, ચિતોડમાં રાજદ્રોહનો પવન ફેલાયો છે તેને દાબી દેવા સજ્જ આ રાણો જાયો છે. તેથી કમરમાંથી ખેંચો તાતી તલવાર, બળવાખોર બાયલા બણુચકોની બોચીઓપર કરો પ્રચણ્ડ પ્રહાર. આગિઓ સૂર્ય સામે કુદે છે, હરિણુ હરિ સામે ત્રાપ મારે છે, શ્વાન ગજરાજ તરફ ધુરકે છે, શિયાળ શેરને સતાવે છે તેવીજ રીતે એક નિર્માલ્ય નોકર નરપતિનો દ્રોહ કરે છે. તેથી બહાદુર સુભટો, વિના વિલમ્બે ચિતોડ તરફ દોડો. હરામી સેનાપતિ અને તેના હરામી સૈનિકોની

ગરદનોને કરવાલના કઠોર ઘાએ તોડો, માલીકની આજ્ઞા ઉઠાવી કર્તવ્ય-નિષ્ઠામાં નિષ્કામ સ્નેહ જોડો.

(જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—ચિતોડનો દુર્ગ અને પાસે ક્ષેત્રપાળનું દેવળ.

(લશ્કરી પોષાકમાં જાલ અને મૃણાલિની પ્રવેશ કરે છે.)

જાલ—વ્હાલી મૃણાલિની, ત્હેં તો ખુબ હદ કરી, પ્રમદોચિત નાજુક આભૂષણોના સ્થળે કવચ કરવાલ પહેરી સુન્દરીઓ માટે સમરભૂમિ સુલભ કરી.

મૃણાલિની—વ્હાલા જ્યાં પતિ ત્યાં સતી. પ્રીતમ ઘરમાં તો પ્યારી ઘરમાં, અને લટકાળા લશ્કરમાં તો લલના લશ્કરમાં.

જાલ—પણ વ્હાલી, તું ત્હારો ગુલાબી ચ્હેરો ગમે તેટલો કઠોર કરવા જાય છે તોપણ તારા કોમલ કપોલમાંથી મૃદુતા દૂર થતી નથી, ત્હારી વક્ર ભ્રૂલતાઓ ભયાનક ભીષણતા દર્શાવતી નથી, શીરપર પહેરેલી લશ્કરી ટોપી નાગણ જેવી કાળી વેણીને પુરેપુરી છુપાવતી નથી.

મૃણાલિની—વ્હાલા તોપણ,

અરિ નિશાચર કાપવા, કાલી સમી વિકાળ છું;
પાપી પ્રપંચી પીડવા, હું કાળ કેરી કાળ છું;
ચિતોડ પાછું પામવા, વિક્રાન્ત પાણિદાર છું;
પવિત્ર આ રણજંગમાં, લડવા સદા તૈયાર છું.

જાલ—ધન્ય છે, વીર રમણી, ધન્ય છે. રણયજ્ઞમાં દીક્ષા લેનાર પ્રથમ પ્રમદા તરીકે તમારૂં નામ અમર થઈ જશે.

મૃણાલિની—દશરથ સાથે દાનવો સામી લડનાર કૈકેયી, કુતુબુદીનને કામિની કરનો કારમો અનુભવ કરાવનાર કર્મદેવી જેવી બહાદુર ક્ષત્રિયાણીઓનાં નામ શું ભુલાઇ જશે ?

જાલ—વ્હાલી, તે બધી તો ક્ષત્રિયાણીઓ હતી પણ તું તો એક

સાધારણ વણિક્ તનયા ક્ષત્રિયાણી બની એ કાંઇ નાની સુની વાત છે ?

મૃણાલિની—મારા કામણગારા કાન્ત, તમે પણ સાધારણ વણિક્ હોવા છતાં ક્ષત્રિય બન્યા તે કાંઇ નાની સુની વાત છે ?

જાલ—વ્હાલી મૃણાલિની, હું તો ક્ષત્રિય શિરોમણિ મહારાણા હમીરસિંહના સતત સમાગમને લીધે ગુણકર્મથી ક્ષત્રિયજ ગણાઉં.

મૃણાલિની—વ્હાલા જાલ, ત્યારે હું શું શૂરવીર વીરમતી સાથે દીર્ઘ સહવાસને લીધે ગુણકર્મથી ક્ષત્રિયાણી ન ગણાઉં ?

જાલ—ધન્ય છે, બહાદુર મૃણાલિની, ધન્ય છે.

ગાયન ૨૪ મું.

મધુરી મોહકારિ માનિનિ મહાજંગે
કૃપાણ તિગ્મ ધારી ધરોઃવૃતિ પ્રસંગે—મધુરી.

કપોલ પદ્મ લાલી પ્રસ્વેદથી ભીંજેલી
શ્રમિત તું પ્રવાસે દીસે અલબેલી
રસીલી- રંગેલી શૌર્ય રંગે. (૩)—મધુરી.

નાજુક નારી નવ રોષે ભરી છે,

મૃણાલિની— પ્રીતમ જાલતણા પંથે પળી છે,

જાલ— હરવા મહીનો ભાર (૨)
કરવા પાપી સંહાર (૨)

ભાસે દુર્ગા ઉતરેલી ઉમંગે
હાં ભાસે ભાસે દુર્ગા ઉતરેલી ઉમંગે—મધુરી.

મૃણાલિની—પ્રાણનાથ, મિથ્યા મશ્કરીમાં મુગ્ધ બનવાનો આ સમય નથી. જુઓ, ચિતોડ દુર્ગમાંથી રાજપુત સૈનિકો આવે છે, તેમનાં વદન કમળ દૃઢ નિશ્ચયનાં ચિન્હ ચોક્કસ દર્શાવે છે.

જાલ—પ્રિયે, આનન્દ છે કે ક્ષત્રિય સુભટો નિયત સમયે પોતાની મરજી મુજબ અત્રે એકઠા થયા છે. તેથી આજે મહારાણાનો વિજય નિઃસંશય જણાય છે.

મૃણાલિની—વ્હાલા, ચળકતાં શસ્ત્રોનો સમુદાય અન્ધકારમાં ઉજાસ કરે છે, અન્તઃકરણમાં આશાનો દિવ્ય પ્રકાશ પ્રેરે છે.

જાલ—ઠીક, ત્યારે, હું આ સૈનિકોનું થોડાં ઉત્તેજક વચનોવડે સન્માન કરૂં. મહારાણી વીરમતીના આગમન માટે તેમના હૃદયને તૈયાર કરૂં.

(ચિતોડના રાજપુતો પ્રવેશ કરે છે અને નિયમપુરઃસર ઉભા રહે છે.)

જાલ—સૂર્યકુલના શૂરવીર સૈનિકો, તમે આ સ્થળે એકઠા થઇ રાણા-વંશ પ્રત્યે પૂર્ણ વફાદારી દર્શાવી છે. આપણા પવિત્ર મેવાડ દેશને વધુ વખત પરાધીનતામાં રીબાવા ન દેવો એજ આપણો ઉદ્દેશ છે, આપણે ધરણી માતાના ઉદ્ધાર માટે સર્વસ્વ અર્પણ કરીએ એજ આપણી ભૂજનનીનો સંદેશ છે. શું રાજપુતોમાં શ્રેષ્ઠ પદવી ધરાવનાર સિસોદિયા ક્ષત્રિયો મુંગે મ્હોંડે દબાયેલા ચંપાયેલા બેસી રહેશે? શું સ્વચ્છન્દે જંગલમાં વિચરનાર મૃગરાજ જાથુને માટે લોઢાના પાંજરામાં પુરાઇ રહેવાનું પસંદ કરશે? શું ગગનવિહારી દિવાકર હંમેશને માટે મલિન મેઘના આવરણમાં છુપાઇ રહેશે? ના, ના, મેવાડના મહાવીરો હવે વધુ વખત પ્રમાદી અને આળસુ બનશે નહિ, પ્રાચીન ચિતોડ દુર્ગપર યવનોની સત્તા સાંખી શકશે નહિ. સંકટનો સમય આપણે માટે પુરો થયો છે. નસીબમાં નિર્માણ કરેલી આફતો આપણે સહન કરી છે. પણ હવે આપણને ખાત્રી છે કે આપણે શુદ્ધ સુવર્ણ માફક કસોટીમાંથી પસાર થયા છીએ અને કસાયેલા હિરણ્ય માફક આપણા ક્ષાત્રતેજમાં હજારો ગણો વધારો જગતને બતાવી શકયા છીએ તેથી ક્ષાત્ર સુભટો, મ્યાનમાંથી ખેંચો તીક્ષ્ણ તેજસ્વી તલવાર, મેવાડના રિપુઓને રેંસી નાંખી ઉતારો ભૂમિનો ભાર.

ક્ષાત્રસૈનિકો—(તલવારો ખેંચી) અમારામાંથી એકે એક રાજપુતના શરીરમાં દિનમણિવંશનું જે ઉષ્ણ રૂધિર વહે છે, તેનો પ્રત્યક્ષ પુરાવો આપવા અમે તૈયાર છીએ, બહાદુરીથી મેવાડ મોક્ષ સિદ્ધ કરવા ઇંતેજાર છીએ.

જાલ—શાણા સૈનિકો, ધન્ય છે તમારા શૌર્યને અને ધન્ય છે તમારા ઉત્સાહને! તમારા અડગ મનોબલ આગળ અંતરાયો દૂર થશે, અલ્પ સમયમાં ચિતોડ દુર્ગપર બાપારાવલનો વાવટો ફરકશે.

મૃણાલિની—ક્ષાત્રવીરો, જુઓ, આપણા નિશ્ચયને દૃઢ કરવા મહારાણી વીરમતી પોતાના નાના કુમાર સાથે આ તરફ આવે છે.

(વીરમતી કુમાર ક્ષેત્રસિંહ સાથે પ્રવેશ કરે છે.)

ક્ષાત્રસૈનિકો—વિજય થાઓ, મહારાણી વીરમતીનો વિજય થાઓ.

વીરમતી—ક્ષાત્ર સૈનિકો, મેવાડની નિષ્કલંક ગાદીના ઉત્તરાધિકારી

કુમારક્ષેત્રસિંહનું તમને દર્શન કરાવવા હું આવી છું. મેવાડના સાચા માલીક મહારાણા હમીરસિંહના તેજસ્વી બાળ તરફ નજર કરો અને ઉદાસીનતાનો પરિત્યાગ કરો. તમને ક્ષેત્રપાળના દેવળ સમીપે ભેગા કરવાનું એટલુંજ કારણ છે કે તે દેવ મેવાડ ક્ષેત્રના પાલક છે, મેવાડ ધરણીના રક્ષક છે. તેથી કુમાર ક્ષેત્રસિંહને ક્ષેત્રપાળ દેવના ચરણે નમાડવા એજ આપણું પ્રથમ કર્તવ્ય છે, ક્ષેત્રપાળના સંતોષ વડે આપણો જય થશે એજ આપણું મન્તવ્ય છે. તેથી વીર સુભટો, આપણે ક્ષેત્રપાળની સ્થિર ચિત્તે સ્તુતિ કરીએ.

વીરમતી, જાલ અને ક્ષાત્ર સૈનિકો—

ગાયન ૨૫ મું.

સર્વ વન્દ્ય છો ક્ષેત્રપાળ તમે, નમીએ ક્ષત્રિય બાળ
સમરાંગણમાં રક્ષણ કર્તા, દુર્ગતણા પ્રતિપાળ.
અતુલ શક્તિ દિવ્ય તમારી, ભાસે અપરંપાર,
રજની ચરની પ્રપંચ લીલા, ભસ્મ તમે કરનાર.
હજુ દેવ શું સાંખો પીડા, દુઃસહ ભોગવનાર,
ભક્ત તમારા યાચે સાચા કરો શૌર્ય સંચાર.
વિમલ વિક્રમ વારિ સિંચો, અનાથના આધાર,
જેથી જંગે દુશ્મન દુષ્ટો, છેદે આ તલવાર.
કર જોડીને તરણિ વંશી, વિનવે વારંવાર,
મહી મેવાડી મુક્ત બને તે, અંતિમ ઇચ્છા સાર. સર્વ.

(દેવી વસુમતીની પ્રેરણાથી દેવ કન્યાઓ આકાશમાંથી ઉત્તર આપે છે.)

સૂર્ય ચંદ્રને સ્વર્ગપતિ વળી, શંકર જગદાધાર
વિશ્વ વ્યાપક વિષ્ણુ પોતે, કરશે વીરની વ્હાર,
રણ શૂરા સહુ રાણી જાયા, સજ્જ કરો હથિયાર,
ધર્મ યુદ્ધ છે માટે નક્કી, થાશે જય જય કાર.

વીરમતી—ઓજસ્વી સરદારો, અન્તઃકરણના ઉંડા ભાગમાંથી કરેલી સ્તુતિ પરમાત્માએ સાંભળી છે અને ત્વરાએ કર્તવ્ય ક્ષેત્રમાં ઝંપલાવવાની આપણને આજ્ઞા કરી છે. આવા અનુકૂળ સંયોગોમાં કોણ કાયર બનશે. પરાધીનતામાં પડી રહેવાનું કોણ પસંદ કરશે? આપણી ભૂમાતા

માટે, આપણા ઘર માટે, આપણા જાતીય ગૌરવ માટે લાગણી ધરાવી તમે સઘળા સાચા દિલથી કામ કરવા તૈયાર છો, નષ્ટ થયેલી સિસોદિયા રજપુતોની પ્રતિષ્ઠાનું સમશેરના બળે પુનઃ સ્થાપન કરવા ઇંતેજાર છો. સૂર્ય વંશના પરાક્રમી પૂર્વજોએ આજ મેવાડ ભૂમિના બચાવ માટે લોહીની નદીઓ વહેવરાવી છે, રૂધિર પિપાસુ ભવાનીને આત્મ બલિદાન આપી તૃપ્ત કરી છે. તેજ યશસ્વી પૂર્વજો સ્વર્ગમાંથી આપણને પ્રેરણા કરે છે, રોમે રોમમાં વૈરનો વિષમ વન્હિ સચેત કરે છે. મને ખાત્રી છે કે અત્રે એકઠા થયેલા બહાદુર ક્ષત્રિયોમાંથી એકે બીકણ રણુ ભીરૂ નથી. તોપણ ખુશીથી જણાવું છું કે જેને મરણનો ભય હોય તેણે શાન્તિથી વિદાય થવું, સમય ક્ષેત્રમાં ભાર રૂપ ન બનવું.

ક્ષાત્ર સૈનિકો—મહારાણી, નિશ્ચિંત રહો. લાંબા સમયની પરાધીનતાનો પૂર્ણ પ્રલય કરવા અમે દૃઢ નિશ્ચય કર્યો છે, મરતાં સુધી પણ પાછી પાની નહિ કરવા સંકલ્પ કર્યો છે.

રક્તતણી સરિતાપર બાંધી રિપુ મુણ્ડનો સેતુ,
ચિતોડ દુર્ગે ફરકાવીશું, રવિ વંશનો કેતુ.

વીરમતી—તમારાં શૌર્ય સિક્ત વચનોથી મને ઘણો આનન્દ થયો છે, તમારો નિઃસીમ સ્વદેશાનુરાગ સૂચવે છે કે હવે આપણો જલદી વિજય થનાર છે, દુશ્મનની જડ સંપૂર્ણ રીતે ઉખડી જનાર છે તેથી ક્ષાત્ર વીરો, શૂરવીરના સહાય સમશેરના સોંગદ લઇ પ્રતિજ્ઞા કરો કે શીર સાટે ચિતોડનો પુનરૂદ્ધાર કરીશું, મહારાણા હમીરસિંહનો કડોરાંશુની પવિત્ર ગાદિપર અભિષેક કરીશું.

ક્ષાત્રસૈનિકો—મહારાણી, વીરના શ્રૃંગાર પાણિદાર ખડ્ગના શપથ લઈ અમે રણયજ્ઞમાં દીક્ષા લઇશું, દાવાનલ માફક રિપુ તૃણને બાળી ભસ્મ કરીશું, યવનોના સુબેદારને માટે ચિતોડ દુર્ગનાં દ્વાર સર્વદા બંધ કરીશું.

વીરમતી—ક્ષાત્ર સુભટો, શસ્ત્ર હાથમાં ગ્રહી સદા હોંશિયાર રહો, દુશ્મનનું દર્શન થતાં તેને પરાસ્ત કરો.

(આ અરસામાં માલવદેવ, હરિસિંહ, કપૂરચંદ વિગેરે પોતાના સૈન્ય સાથે પ્રવેશ કરે છે તેમના ઉપર વીરમતીની વાણીવડે ઉત્તેજીત થયેલા ક્ષાત્રસૈનિકો, જાલ, મૃણાલિની પુરજોસથી તુટી પડે છે. તેમનું તુમુલ યુદ્ધ થાય છે,

બન્ને પક્ષમાં ભયંકર ખુવારી થાય છે, પણ અચાનક મહારાણા હમીરસિંહના આગમનથી માલવદેવના સૈન્યના ચુરેચુરા થઇ જાય છે.)

કપૂરચંદ—મહારાજ, હવે વધુ વખત થોભવામાં આપણે પકડાઇ જઇશું. તેથી ગચ્છન્તી કરવામાંજ આપણી શોભા છે.

માલવદેવ—કપૂરચંદ, તમે ઠીક કહો છો. આપણા લશ્કરનો મોંટો ભાગ કપાઇ ગયો છે, તેથી આપણે પ્રાણ બચાવવા પલાયન કરવું જોઇએ.

હરિસિંહ—પિતાજી, જીવતા રહીશું તો આજના પરાજયનું ભવિષ્યમાં વૈર લઇશું. તેથી જીવિત રક્ષા એજ આપણું આ સમયે ઇષ્ટ સાધન છે.

(માલવદેવ, હરિસિંહ અને કપૂરચંદ યુદ્ધમાં આમ તેમ દોડા દોડ કરી નાસી જાય છે અને તેમના તરફ તલવારો ઉગામી હમીરસિંહ, વીરમતી, જાલ, મૃણાલિની અને ક્ષાત્રસૈનિકો ઉભા રહે.)

ટેબ્લો.

દ્વિતીય અંક સમાપ્ત.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—જંગલ

(માલવદેવની રાણી રોહિણી અને વનવીર પ્રવેશ કરે છે.)

ગાયન ૨૬ મું.

રોહિણી અને વનવીર—

મૂરખ નર મમતામાં તું મરે,
મારૂં તારૂં નિત્ય કરે—મૂરખ૦
મિથ્યા માયિક પદાર્થ માટે, બાથડિયાં તું ભરે;
સાચું ખોટું હરદમ કરીને, પાપ પુંજ સંઘરે—મૂરખ૦
દંભ કપટ કુડ કુટિલ નૌકા, ભવ દરિયે ના તરે,
પ્રાણી પાતકી કયમ્ ના જુએ, કાળ શીર પર ફરે—મૂરખ૦

નીચ ઘડી મનસુબા મનમાં, કૃત્ય અધમ આચરે;
દિન ચારની જીવન જ્યોત્સ્ના, અધાન્ધકારે ભરે—મૂરખ૦
યૌવન ધન છે માદક મદિરા, પીધી પુરી જે નરે;
ભાન ભુલીને યમનગરીની, ઉમેદવારી કરે—મૂરખ૦
અવશ્ય બનશે તેજ પ્રસંગો, જે ધાર્યા વિશ્વેશ્વરે:
થશે સુખી તે સત્પુરૂષો જે, શાન્તિ દિલમાં ધરે—મૂરખ૦
ત્યાગી તાપકર તૃષ્ણા જોડો, શુભનિષ્ઠા શંકરે;
શુદ્ધ ચિત્તથી ઉમેશ ભક્તિ, તાપ ત્રિવિધિ હરે—મૂરખ૦

વનવીર—માજી, આટલું સાહસ કરી ચિતોડમાંથી છટકી જવાની જરૂર ન હતી. ઉદારચિત્ત નરપતિ હમીરસિંહ આપને પોતાની માતા સમાન ગણી યોગ્ય સન્માન આપત એમાં જરાકે સંશયની બીક ન હતી.

રોહિણી—બેટા, તારા પિતાએ હમીરસિંહનો અતિશય દ્રોહ કર્યો છે, યવનોના હથિયાર બની મેવાડ ધરણી ઉપર અસહ્ય અત્યાચાર કર્યો છે. તેથી આપણાં અન્તઃકરણ ગમે તેવાં શુદ્ધ અને સાફ હોય તો પણ આપણે કેવી રીતે મહારાણા હમીરસિંહના વિશ્વાસ પાત્ર બની શકીએ!

વનવીર—માજી, મહારાણા હમીરસિંહના દક્ષિણ ભુજ જાલની સાથે મારે મિત્રતાનો સંબંધ છે. થોડાક દિવસ ઉપર મારે જાલ સાથે મેળાપ થયો હતો. તે વખતે જાલે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે મેવાડને યવનોના પંજામાંથી મુક્ત કરવું એટલોજ હમીરસિંહનો ઉદ્દેશ છે. રાજપુતો પ્રત્યે તેમને જરાકે દ્વેષ નથી. મુસલમાનોનો પગ મેવાડમાંથી દૂર થાય એટલે દરેક રાજપુત સાથે હળી મળીને વર્ત્તવા તેમની મરજી છે. ક્ષત્રિયોમાં પરસ્પર પ્રીતિ અને સંપ સુધાનો સંચાર થાઓ અને હરેક પ્રસંગે ભેગા થઇ દુશ્મનને દાબી દેવાની તાકાદ વિકાસ પામો, એ આશયના ઉદ્ગારો હમીરસિંહ મુક્ત કણ્ઠે ઉચ્ચારે છે, રાજપુત મિત્ર હોકે પ્રતિસ્પર્ધી હો પણ તેના તરફ ઉચ્ચ પ્રકારે વર્તવા ઇચ્છા ધારે છે.

રોહિણી—ધન્ય છે હમીરસિંહના ઉમદા આશયોને. મને તે ઉછરતા ક્ષાત્ર સન્તાન પ્રત્યે સંપૂર્ણ માન છે, ધર્મ નીતિ શૌર્ય ટેક વિગેરે સદ્ગુણોનું હમીરસિંહમાં અધિષ્ઠાન છે, વિખરાયેલા ક્ષત્રિયોને એક છત્ર નીચે લાવનાર સાર્વભૌમ સત્તા આવા વિક્રાન્ત વીરને મળે તો સમજી લેવું કે આ રાજપુતસ્થાન પુરે પુરૂં ભાગ્યવાન્ છે.

વનવીર—માજી, મહારાણા હમીરસિંહનો ઉદય તેજ રાજપુત આલમના ઉદયનું નિશાન છે.

રોહિણી—વ્હાલાં પુત્ર, મારા મનમાં જે ઉમેદો હતી તે ધુળ ધાણી થઇ છે. મેં તારા પિતાને હમીરસિંહ સાથે સ્નેહથી વર્તવા વારંવાર વિનતિ કીધી, પણ તે તરફ તેમણે લગારે દષ્ટિ ના દીધી, હાથે કરીને પોતાની અધોગતિની દિવાલ ચણી લીધી.

વનવીર—જો પિતાજીએ મિથ્યાભિમાન છોડી હમીરસિંહને યોગ્ય સ્થાન આનાકાની વિના આપી દીધું હોત તો આટલું ક્ષાત્ર લોહી રેડાયા વિના આ ભૂમિમાં મ્લેચ્છોનું નામ નિશાન ના રહ્યું હોત.

રોહિણી—વ્હાલા પુત્ર, મારા મનમાં ફક્ત એટલીજ ઇચ્છા છે કે મારા પતિને વધુ અસદુદ્યોગ કરતા અટકાવું, હમીરસિંહે શોભાવેલી ગગનમણિની ગાદીના યોગ્ય સ્તંભ બનાવું, બાપા રાવળના યશસ્વી છત્રમાં આપણા માટે ઉચિત સ્થાન નિયત કરાવું.

વનવીર—માતાજી, આ વિષયમાં જરીકે શ્રમ પડે તેમ નથી. પ્રાચીન વેર ઝેરને મહત્ત્વ આપી વિરોધ ચાલુ રાખવો એ મહારાણા હમીરસિંહનો અભિલાષ નથી. ફક્ત પિતાજી પોતાની દુર્બુદ્ધિ છોડી મહારાણાના મુકુટમાં કૌસ્તુભ-મણિનું પદ પામવા વિચાર કરે તેટલીજ વાર છે.

રોહિણી—મલિન વાસનાનો ક્ષય કરી શુભ પંથે પ્રેરણા કરનાર હજાર હાથવાળો જગદાધાર છે, તેના ઉપરજ આ પ્રસંગે આપણો પુરો આધાર છે.

વનવીર—ખરેખર સજ્જનોની શુભેચ્છાઓને પરમ પ્રભુ અવશ્ય પાર પારનાર છે.

(મૃણાલિની અને જાલ પ્રવેશ કરે છે.)

જાલ—વ્હાલી મૃણાલિની, ચિતોડદુર્ગમાં પ્રવેશ કર્યા બાદ અંતઃપુરમાં પોતાની પૂજ્ય માતા રોહિણીદેવી અને પ્રિયભાઇ વનવીરનો મેળાપ ન થવાથી દિલગીર થયેલાં મહારાણી વીરમતી તરફથી આપણને આજ્ઞા થઇ છે કે રોહિણીદેવી અને વનવીરને ગમેતે સ્થળેથી શોધી કાઢવાં અને અભય પ્રદાનની ચોક્કસ ખાત્રી આપી સન્માન પુરઃસર ચિતોડમાં લઇ જવાં. પણ મૃણાલિની, આટલું બધું ફરી ફરીને થાકી ગયાં, તોપણ ઇષ્ટ મનોરથ સિદ્ધ કરી કૃતાર્થ ન થયાં.

મૃણાલિની—વ્હાલા જાલ, નિરાશ થાઓ નહીં. જુઓ, દૂર કોઇ અપરિચિત સ્ત્રી અને બાળક ઉભાં છે.

જાલ—વ્હાલી, તે બાળક બીજો કોઇ નહીં પણ જેને આપણે શોધવા નીકળ્યા છીએ તેજ વનવીર છે. તે બાળકની સાથે જે તેજસ્વી લલના દષ્ટિગોચર થાય છે તેજ રોહિણી દેવી હોવાં જોઇએ એવું અનુમાન થાય છે.

મૃણાલિની—ચાલો ત્યારે આપણે તેમની સમીપ જઇએ, આવી પડેલી અણધારી આફતથી ગભરાએલાંઓને આશ્વાસન દઇએ.

જાલ—(વનવીર પાસે જઇ) ભાઇ વનવીર, કયેમ્ મારી ઓળખાણ પડે છે કે ?

વનવીર—હા, ભાઇ જાલ, દરેક સમયે સમીપ રહેનાર તમારા જેવા નિષ્કામ સ્નેહી કયેમ્ વિસરાય ?

માતાજી, બ્હેન વીરમતીની સતત સેવા કરવા જે મહાશય તેમની સાથે કેલવાડા ગયા હતા તેજ આ સ્વામિનિષ્ઠ પરાક્રમી પુરૂષરત્ન જાલ.

જાલ—રોહિણી દેવી, તેજ જાલ તમારી સેવામાં ઉપસ્થિત છે. મહારાણા હમીરસિંહ અને મહારાણી વીરમતીની ઇચ્છાનુસાર તમે ચિતોડમાં લાયક સ્થાન દીપાવો તે ઉચિત છે, પોતાના વડીલોની માન મર્યાદા પુરે પુરી જાળવવી એજ રાણાવંશની રીત છે.

રોહિણી—મારા પૂજ્ય જમાઇની મરજી મુજબ વર્તવું એમાંજ અમારી શોભા સમાઇ છે, પણ જ્યાં સુધી મારા પતિ અભિમાન છોડી મહારાણાના હિતૈષી થાય નહીં ત્યાં સુધી મારાથી હમીરના આશ્રયે રહી શકાય નહિ. તેથી મદોન્મત્ત સ્વામીને ઉપદેશના અંકુશે સત્ય પંથે વાળવા મારા મનમાં ઉમેદ છે.

વનવીર—હું પણ મારા પિતાને સમજાવી તેમની સાથેજ મહારાણાની સેવામાં હાજર થવાની અભિલાષા ધરાવું છું.

જાલ—તમે નિશ્ચિંત રહો કે મહારાણા હમીરસિંહ તરફથી તમને લગારે હરકત નહીં પડે. સીધી રીતે કે બળ વાપરી માલવદેવને વશ કરવાની હમીરસિંહને હામ છે. માલવદેવ પોતે ગમે તેટલાં તરફડીયાં મારશે પણ તે છેવટે મહારાણાને શરણ થશે અને તે વખતે પણ સઘળા

અપરાધોની ક્ષમા ઉદારચરિત હમીરસિંહ આપશે, તેથી તમે વધુ વિચાર કર્યાં વિના અમારી સાથે ચિતોડમાં પધારો, તમારા પવિત્ર ચરણ કમળથી તે પ્રાચીન દુર્ગને શણગારો.

મૃણાલિની—અમારી માગણી કબુલ રાખો, ઉદાસ થયેલાં મહારાણી વીરમતીના હૃદયમાં હર્ષ વધારો, પોતાનાંજ બાળકોની ઉન્નતિ શાન્તિ પૂર્વક નિહાળો, આશિષ પરંપરાથી તમારાં બાળકોના ચિત્તમાં પ્રમોદ પ્રવાહ પ્રસારો.

રોહિણી—ભાઈ જાલ, તમારો વિચાર સર્વોત્તમ છે પણ ભ્રાન્તિના ભયાનક કૂપમાં ઝોલા ખાનાર પતિને પાપાચરણમાં પ્રવૃત્ત થવા દેવો એ સાધ્વી સ્ત્રી માટે કેટલું અધમ છે? તેથી સમગ્ર મહીતળમાં મને જંગલે જંગલ અને શહેરે શહેર મારા પતિની પાછળ ભટકવા દ્યો, અનીતિ અને અધર્મના પાશમાં વધુને વધુ ફસાતા તેમના આત્માને બચાવવા દ્યો.

જાલ—સતી શિરોમણિ રોહિણી દેવી, અત્યાર સુધી અધર્માચરણમાંથી માલવદેવને નિવૃત્ત કરતાં તમારી જીભના ચુરા થયા છે તો પણ હરેક સમયે તમારા અમૃતમય વિનીત વચનો માલવદેવના એક કર્ણમાં પ્રવેશ કરી બીજા કર્ણદ્વારા તત્કાળ નીકળી ગયાં છે. દર્પદેવતાના ધૂમે ધુંધવાતા દશકણ્ઠ રાવણને સમજાવવા મન્દોદરીએ શી કચાશ રાખી હતી? દુષ્ટ દુર્યોધનને સુધારવા શું ભાનુમતીએ થોડી મહેનત કરી હતી? પણ કુદરતનો નિયમ એવો છે કે જ્યારે માણસનું નસીબ નબળું હોય છે ત્યારે સાકર જેવો મીઠો ઉપદેશ પણ કરિયાતા જેવો કડવો લાગે છે. ખરેખર,

જેના શિરે ભાવિ વિપદ્ ફરે છે,
નિર્ભાગિ તે ભ્રષ્ટ મતિ બને છે;
ઉન્મત્ત થાયે ભુલી સાન શુદ્ધિ,
વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.

મૃણાલિની—માજી, અમારી આજીજી ઉપર લક્ષ્ય આપો અને અમારી માગણી કબુલ કરી મહારાણી વીરમતીના હૃદયમાં શાન્તિ સ્થાપો. હમીરસિંહની શક્તિ દિન પ્રતિ દિન એટલી વધતી જાય છે કે અલ્પસમયમાં માલવદેવ માન મુકી મહારાણાને શરણ થશે અને તે વખતે તમારો બધાનો મેવાડના રાજ્યમાં યથા યોગ્ય સત્કાર થશે. માટે વૃથા વનવાસનું

કષ્ટ ઉભું કરવાની અગત્ય નથી. તમારી વ્હાલી દુહિતા વીરમતીને તમારા સંકટથી ઓછું આવશે, તેમના મનમાં નકામી ચિન્તા ઉદ્દભવશે.

રોહિણી—પ્રેમી જાલ, તમારાં સઘળાં વચનોને હું શિરો માન્ય ગણું છું તો પણ છેવટ સુધી ધર્મપત્ની તરીકેની મારી ફરજ બજાવીશ, પતિના કલુષિત મનને સ્વચ્છ બનાવવા અસાધારણ કોશીશ કરીશ.

વનવીર—હું પણ મારા પિતાને સમજાવવા મારાથી બનતું કરીશ, ઇશ્વર કૃપાએ ફત્તેહ મળશે તો તેમની સાથેજ મહારાણા હમીરસિંહના સમીપ રજુ થઇશ.

(નેપથ્યમાંથી જોસ બંધ ચાલતા મનુષ્યોના પગલાંનો અવાજ સંભળાય છે.)

જાલ—(નેપથ્ય તરફ નજર કરી) માતા, કોઇ ક્રોધાવિષ્ટ પુરૂષો આ તરફ જોસબંધ આવતા જણાય છે તેથી આપણે બાજુએ સંતાઈ તેમની ચેષ્ટા સાંભળીએ.

(માલવદેવ, કુમાર હરિસિંહ અને કારભારી કપૂરચંદ પ્રવેશ કરે છે.)

માલવદેવ—કારભારી કપૂરચંદ, હવે આપણે માટે શો છે ઇલાજ? તમારી કુશળતા ઉપરજ ટકી રહી છે આજ દિન સુધી અમારી લાજ.

કપૂરચંદ—મહારાજ, આમાં નાસીપાસ થવાનું કાંઇ કારણ નથી. આપણે જાતે જઇ દિલ્હીના બાદશાહને સમાચાર કહીએ, શહેનશાહતના કબજામાંથી મુક્ત થએલા મેવાડને પાછું સર કરવા બાદશાહી ફોજની માગણી કરીએ.

હરિસિંહ—પિતાજી, કારભારીનું કહેવું યથાર્થ છે. બાદશાહ કનેથી સૈન્યની માગણી કરી હમીરને પરાસ્ત કરીએ, કપટજાળથી પડાવી લીધેલા ચિતોડ દુર્ગને પાછો હસ્તગત કરીએ. જ્યાં સુધી હમીર પર વૈર ન લઇ શકાય, ત્યાં સુધી ઢીલે ચ્હેરે આપણાથી કેટલો કાળ જીવી શકાય? ગએલું પાછું મેળવવા અસાધારણ પુરૂષાર્થની જરૂર છે. આપણા ભયાનક બાહુ બળમાં બાદશાહી મદદનો ઉમેરો થાય તો પછી ઇષ્ટ સિદ્ધિ શું દૂર છે?

માલવદેવ—બહાદુર હરિસિંહ, તમારા ઉત્સાહથી નરમ પડેલા મારા શરીરમાં શૌર્યનો સંચાર થાય છે. બસ, આપણા પોતીકા કે પારકા બળથી હમીરનો વિધ્વંસ કરવો એજ આપણું લક્ષ્ય બિન્દુ છે. આપણી રાજ્ય લક્ષ્મીને છીનવી લેનારનો ગમે તે રસ્તે જડ મૂળથી ઉચ્છેદ કરવો એજ

આપણું નિશાન છે, તે તરફ ગમે તે ઉપાયે પ્રયાણ કરવું એમાંજ આપણું યશોગાન છે.

રોહિણી—(એકદમ માલવદેવની સમીપ જઇ) પ્રાણ પતિ, જે બાયલી વિદ્યાનો પ્રયોગ કરવા માગો છો તેમાં શું તમારૂં યશોગાન છે ? ના, ના, તેમાં તમારી અને તમારા કુલની શ્યામ અપકીર્તિનું આબાદ સ્થાન છે.

માલવદેવ—મૂર્ખનારી, બેવકુફ લલનાને રાજનીતિનું શું ભાન છે ! દુશ્મનને મ્હાત કરવામાં મિત્રની મદદ લેવી પડે તેમાં શી હરકત છે ?

રોહિણી—પ્રાણનાથ, તમારી મતિ એટલી ભ્રષ્ટ થઇ છે કે તમે મિત્રને દુશ્મન ગણો છો અને દુશ્મનને મિત્ર ગણો છો. આપણો પૂજ્ય જમાઇ હમીરસિંહ આપણો સાચો સ્નેહી છે, અને જેની મદદ માગવા તમે જાઓ છો તે આપણો, આપણી સમગ્ર કોમનો અને આપણા ધર્મનો પાકો વૈરી છે.

માલવદેવ—જે હમીરસિંહે મેવાડ પર જામેલી મારી સત્તાને નિર્મૂળ કરી દીધી, તેને મિત્ર ગણવાની સલાહ ફક્ત બુદ્ધિહીન બૈરીઓજ આપી શકે.

રોહિણી—મેવાડપર તમારી સત્તા હતીજ ક્યાં ? જેઓ આપણી ભૂમિના, આપણા ધર્મના અને આપણા ગૌરવના કટ્ટા દુશ્મન છે, તેઓના ક્ષુદ્ર ચાકર તરીકે જાતિ બંધુઓ ઉપર જુલમ ગુજારવાની તમારામાં સત્તા હતી. પ્રતિષ્ઠાની હાનિ કરનાર આવી નીચ સત્તાનું મિથ્યાભિમાન ધરાવી તમે તમારી પોતાની અને પોતાના ભાઇઓની અધોગતિ કરી છે. પરમાત્માના પ્રસાદથી પરાક્રમી હમીરસિંહે તે અધોગતિમાંથી આપણને, આપણી ધરણીને, આપણા ધર્મને અને આપણા મહત્ત્વને બચાવ્યું છે. તેથી ડાહ્યા થઇ અસત્પ્રયાસ છોડી દો અને મેવાડપર મહારાણા હમીરસિંહનું આધિપત્ય કબુલ રાખી તેના હાથ નીચે ગૌરવશાળી સ્થાન સ્વીકારો.

માલવદેવ—હરામી હમીરનો સમૂલવિધ્વંસ કરવા મારામાં શક્તિ છે.

હરિસિંહ—હમીર પતંગને બાળી દેવા ભડ ભડ બળતી આ મારા તેજસ્વી ખડ્ગની જ્યોતિ છે.

રોહિણી—પ્રાણનાથ, જો તમારામાં અને આ તમારા બટક બોલા કુંવરમાં શક્તિ હોય તો તમારા ભુજ બળથી હમીર સાથે લડો પણ

ધરાદ્રોહી કાકુ શેઠ અને માધવ પ્રધાન પેઠે પોતાના અંગત વૈરાગ્નિને તૃપ્ત કરવા આર્યની પવિત્ર વસુધાના રિપુઓનું આવાહન ના કરો.

માલવદેવ—કમઅક્કલ કામિની કયેમ્ જીભને બીલકુલ છુટી મુકી? જ્યારે જ્યારે અમે આગળ પગલું ભરતા હોઇએ છીએ, ત્યારે ત્યારે તારાં કર્કશ વચનોથી અપશુકન કરવા વંતરીની માફક સામેજ ઉભી રહે છે. દિલગીર છું કે સ્ત્રી હત્યાનું પાતક થાય છે, નહીંતો આ સમશેરના એકજ ઘાએ તારા કલેવરના ક્ષણમાં ટુકડા કરૂં.

રોહિણી--ટ્યો અજમાવી જુઓ તમારૂં બળ. તમારા હિતનું ચિન્તવન કરતી એક અબળા ઉપર તમારૂં જોર વાપરી ટ્યો. હું તમારા હાથે મરવા તૈયાર છું, પણ તમારા હાથે થતી ભૂજનનીની દુર્દશા જોવા અસમર્થ છું.

માલવદેવ--દુષ્ટ દારા, પોતાના પતિની અશુભ વાંછના કરનાર અને તેના કટ્ટા દુશ્મનોના ગુણ ગાનાર પાતકી પ્રમદા, તારી વ્યર્થ વાણી મારા રોમે રોમમાં રોષનો ધગ ધગતો અનલ સળગાવે છે, આનાકાની કરતા અંતઃકરણને વધારે મજબુત બનાવે છે, કાંટા સમી નિમકહરામ નારીને માર્ગમાંથી સદંતર દૂર કરવા પ્રચણ્ડ હસ્તની પ્રગતિ મ્યાન તરફ કરાવે છે.

રોહિણી—"નબળો ધણી બૈરી પર શૂરો" એ નિયમ મુજબ તમારી ચેષ્ટા તમારૂં બાયલાપણું, હીચકારાપણું સ્પષ્ટ દર્શાવે છે.

હરિસિંહ--મત્ત માતા, પિતા પ્રત્યે અસભ્ય શબ્દોચ્ચાર ન કરો, શૂર શિરોમણિ હરિસિંહને વધુ ના ઉશ્કેરો.

રોહિણી--નાદાન કુમાર, તું અને તારો મદાંધ પિતા સ્વહસ્તે આપણો વિનાશ કરવા ઉદ્યોગ આદરો છો એ નિઃસંશય છે, તેમાંથી તમને બચાવી લેવા મારો દૃઢ નિશ્ચય છે તેથી ફરી ફરી પોકારી પોકારીને કહું છું કે મુક્ત થએલા મેવાડને પુનઃ હેરાન કરવા દુશ્મનની સહાય લેવા જાઓ નહિ, દીર્ઘસમયની વિષમ્ વેદના પછી નિરાંતે શ્વાસ લેતી ધરા જનનીને પીડા કરનારાં પિશાચ કૃત્યો તમારા હાથે થાઓ નહીં.

હરિસિંહ—પિતાજી, આપ જેમ જેમ બોલતા નથી તેમ તેમ આપણુંજ અહિત ઇચ્છનાર મારી માતા મદાન્ધ બની વિચાર શૂન્ય બકવાદ કરે છે, મારા હૃદયને અસાધારણ કોપથી ભરે છે. તેથી પૂજ્ય પિતાજી,

આજ્ઞા કરો તો જેવી રીતે પરશુરામે પોતાની માતા રેણુકાનો પળમાં પ્રલય કર્યો હતો, તેવી રીતે એક ક્ષણમાં મારી દુષ્ટ જનનીને શાશ્વત શાંતિ આપી દઉં.

રોહિણી—હરિસિંહ, તારી હલકી વાણીથી તારૂં ભાવિ ભયંકર દેખાય છે, તારૂં અનિષ્ટ અલ્પ સમયમાં થનાર છે.

માલવદેવ—પુત્ર હરિસિંહ, શું જોઈ રહ્યા છો? આ ઉન્મત્ત લલનાને સખ્ત શિક્ષા નહીં થાય, ત્યાં સુધી અમંગલ લવરી કરતી તેની કડવી રસના બંધ નહીં થાય.

હરિસિંહ—અધર્મી અબલા, જોઇ લે હું તને મારી તીક્ષ્ણ તલવારનો તીખો અનુભવ કરાવું છું, તારી સાન શુદ્ધિ ઠેકાણે લાવું છુ.

(હરિસિંહ તલવાર ખેંચી રોહિણી ઉપર પ્રહાર કરવા જાય છે. વનવીર એકદમ આગળ જઇ પોતાની તલવાર ઉપર હરિસિંહનો ઘા ઝીલી લે છે.)

વનવીર—હીચકારા હરિસિંહ, પોતાનીજ માતા પ્રત્યે, અબલા પ્રત્યે, તારૂં પરાક્રમ અજમાવવા પ્રેરાય છે, તારી કાયરતા ભીરૂતાની હવે પુરી પ્રતીતિ થાય છે. આ સામર્થ્યથી તું મહાબાહુ હમીરસિંહ સાથે લડી શકીશ? ના,ના, મૂર્ખભાઇ, તું એક પામર પતંગ માફક હમીરના દેદીપ્યમાન ઓજસ્‌માં બળી જઇશ.

હરિસિંહ—વનવીર, તું પણ પિતૃદ્રોહી ભ્રાતૃદ્રોહી બની દુશ્મનની ભાટાઇ કરે છે, તું પણ સમજી લે કે તારે માથે કૃતાન્ત ભ્રમણ કરે છે.

વનવીર—હરિસિંહ, હું છાતી ઠોકી જણાવું છું કે મેવાડ મુક્ત કરનાર વીરના શ્રૃંગાર મહારાણા હમીર તરફ મારો સાચો પ્રેમ છે.

હરિસિંહ—ત્યારે શું તું સમજે છે કે તારા ઉપર મારે એક રતિભર પણ રહેમ છે?

વનવીર—ત્યારે તું પણ મનમાં નિશ્ચય કરી લે કે વનવીર તારા હાથે માતૃ વધ નહીં થવા દે.

હરિસિંહ—તું પણ માની લે કે હરિસિંહ તને જીવતો નહીં રહેવા દે.

(હરિસિંહ અને વનવીર વચ્ચે યુદ્ધ થાય છે. હરિસિંહને હરાવી તેની છાતી ઉપર વનવીર ચઢી બેશે છે.)

વનવીર—મિથ્યાભિમાની હરિસિંહ, જોઇ લીધી તેં તારી શક્તિની અજમાયશ. આજ પ્રસંગે તારો નાશ કરી મેવાડ પર વધુ આફત આવતી અટકાવી શકું પણ તારા જેવા નિર્માલ્ય કાપુરૂષોની ઉશ્કેરણીથી આવાહન કરેલા દુશ્મનના દળ ઉપર મહારાણા હમીરસિંહ અસાધારણ વિજય મેળવે એ મારા મનની આશ છે, અને તારા જેવા મહીદ્રોહીના વધનું માન મહારાણાને મલે એ મારો અભિલાષ છે. (હરિસિંહને છુટો કરી) જા, હરિસિંહ, જા દિલ્લીમાં સત્વર જા. બને તેટલી મોટી ફોજ લઈ આવ પણ યાદ રાખજે કે સત્યાગ્રહી સૂર્યવંશી મહારાણા હમીરસિંહનો વિજય થશે, તેમને હાથેજ તારા પાતકી જીવનની દોરી તુટશે.

માલવદેવ—હરિસિંહ, નિજકુલદ્રોહી આ નારી અને કુંવરનું મ્હો કાળું કરો. બે જણના ફુટી જવાથી કાંઈ આપણા સામર્થ્યમાં ઘટાડો નહીં થાય.

કપૂરચંદ—કુંવર, શાન્ત થાઓ, આ હરામી ટોળીની શી દરકાર છે? દીલ્લીની મદદ મળી પછી આવાં તરખલાંઓનો શો ભાર છે?

(માલવદેવ, કપૂરચંદ અને હરિસિંહ જાય છે.)

રોહિણી—ભાઇ જાલ, મારાથી બનતું મેં કરી લીધું. હવે હું સુખેથી મહારાણા હમીરસિંહના આશ્રયે રહીશ.

વનવીર—હું પણ મહારાણાના ચરણ કમળમાં મસ્તક નમાવી તેમનો સાચો મદદગાર થઇશ.

જાલ—બહુ સારૂં થયું કે તમારો આવો નિશ્ચય થયો, અમારો પ્રયાસ સફલ થયો.

મૃણાલિની—ચાલો, ત્યારે, આપણે સાચાની ઉમેદો સિદ્ધ કરનાર વિશ્વાધાર પરમાત્માની પ્રાર્થના કરીએ, મહારાણા હમીરસિંહના સંપૂર્ણ વિજયની માગણી કરીએ.

સઘળા—

ગાયન ૨૭ મું.

કરિયે કિરતાર તારી અભ્યર્થના;
ગુણ ગાતી વિભુના રસિક રસના—કરિયે૦

મોહ વમળમાં માનવી ડુબતા,
પાપનું ભાથું તે નર ભરતા,
ભોગવતા લખચોરાશી યાતના—કરિયે૦

જો પરમેશે ધ્યાન ન જોડયું,
તો નિષ્ફલ જીવન સમ ખોયું,
વ્યર્થ જવાની સકલ સાધના—કરિયે૦

નિર્મલ ચિત્તે ધરણી સેવા
પ્રીતે કરશું ત્રિભુવન દેવા,
સિદ્ધ કરજો વિજય એ યાચના—કરિયે૦

(જાય છે).

પ્રવેશ ૨ જો.

સ્થળ—વીરમતીનું નિવાસસ્થાન.

ગાયન ૨૮ મું.

વીરમતી— ક્યાં હશે તું આ સમે, પ્રિય માતુ મારી;
કરતી પોકાર, માત દયાળ, તનયા તમારી-ક્યાં૦

(સાખી) શા સારૂ નિર્દય બની, થઇ તું અન્તર્ધ્યાન;
ઝટપટ આવો સ્નેહથી, તલસે છે મુજ પ્રાણ.
જનની જગસાર, દોષ વિસાર, વિનવે બિચારી-ક્યાં૦

વ્હાલી માતા, મને નિરાશ કરી તમે ક્યાં ગયાં? તમારા અભાવે મને ચેન પડતું નથી. તમારો અપરાધ મારા હાથે થયો નથી. તેથી કૃપા કરો, દર્શનાભિલાષી દુહિતાના નયનોને તૃપ્ત કરો.

(હમીરસિંહ પ્રવેશ કરે છે.)

હમીરસિંહ—વ્હાલી વીરમતી, હજુ પણ તમારા મનનું શા સારૂ સમાધાન થતું નથી? તમારી માતા રોહિણી દેવીની શોધ માટે જાલ ગયો છે, મને ખાત્રી છે કે તે વીરપુરૂષ પોતાના કાર્યમાં વિજયવંત થયો છે.

વીરમતી—પ્રાણનાથ, ચિતોડ દુર્ગ પાસે થયેલી લડાઇમાં મુખ્ય શત્રુઓને તમે નાસી જવા દીધા તે ઠીક ના કર્યું, કારણ કે કપટી કપૂરચંદની ઉશ્કેરણીથી ગમે તે પ્રકારે માલવદેવ આપણી વિરૂદ્ધ પગલાં ભરશે,

પુનઃ પુનઃ હેરાન કરશે.

હમીરસિંહ—પ્રિયતમા વીરમતી, સાચો ક્ષાત્રવીર શત્રુ છુટો હોય કે નિયન્ત્રિત હોય તેની પરવા કરતોજ નથી. ગમે તે સ્થળે, ગમે તે દિવસે, ગમે તે ક્ષણે માલવદેવનું સન્માન કરવા હમીરસિંહ તૈયાર છે, સર્વદા ઉદ્યોગશીલ સૂર્યવંશી સરદારોના ભયંકર પ્રત્યાઘાત આગળ આખી દુનિયાનાં સૈન્યો પણ ચૂર્ણ થનાર છે, તો માલવદેવ અને તેના મળતિયાઓનો શો ભાર છે?

વીરમતી—હૃદયહાર, સંભવિત છે કે માલવદેવ દિલ્હી જાય અને શહેનશાહી ફોજ સાથે ચિતોડ ઉપર તેનો ધસારો થાય, તો એટલા મોટા સૈન્ય સામે ટકી શકવાનો શો છે ઉપાય?

હમીરસિંહ—સૌમ્ય સુન્દરી, ચિન્તા કરવાનું કાંઈ પ્રયોજન નથી. જ્યારથી આપણે ચિતોડ ઉપર વિજય વાવટો ફરકાવી શક્યા છીએ, ત્યારથી આપણે સિસોદિયા રાજપુતોના ગૌરવને પુનઃ પ્રતિષ્ઠિત કરી શક્યા છીએ. સેંકડો ક્ષાત્ર સુભટો આપણા યશસ્વી લશ્કરમાં જોડાય છે, રવિવંશની શક્તિમાં દિન પ્રતિદિન વધારો થાય છે.

વીરમતી—ત્યારે તો મને ખાત્રી છે કે આપણો હેતુ અલ્પ સમયમાં સિદ્ધ થાય છે.

દાસી—(પ્રવેશ કરી) પૂજ્ય મહારાણા, જાલભાઈ કેટલાંક માણસો સાથે આવ્યા છે.

હમીરસિંહ—તેમને એકદમ અંદર લાવો.

(જાલ, મૃણાલિની, રોહિણી અને વનવીર પ્રવેશ કરે છે.)

મૃણાલિની—મહારાણી વીરમતી, આપનાં પૂજ્ય માતાજી રોહિણી દેવી પધાર્યાં છે અને સાથે તમારા ભાઈ વનવીર પણ આવ્યા છે.

વીરમતી—કોણ, મારી વ્હાલી માતા રોહિણી દેવી.

(વીરમતી રોહિણીને ભેટી પડે છે.)

રોહિણી—બેટા વીરમતી, તને આવી ઉન્નત સ્થિતિમાં નિહાળી મને ઘણો હર્ષ થાય છે.

વીરમતી—માતાજી, આપના શુભ આશીર્વાદોનું આ સઘળું ફલ જણાય છે.

હમીરસિંહ—માતાજી, આપના માંગલિક મનોરથો અવશ્ય સિદ્ધ થાય છે.'

રોહિણી—હમીરસિંહ અને વીરમતી, તમારી અગાધ સુજનતાથી મારૂં હૃદય અત્યંત ખુશી થાય છે.

વીરમતી—માતાજી, વૃથા ભયને આધીન થઈ અમારો પરિત્યાગ શા સારૂ કર્યો ?

રોહિણી—વીરમતી, એતો ફક્ત મારા પતિને અન્તિમ ઉપદેશ આપી ઠેકાણે લાવવાનો છેલ્લો પ્રયાસ કર્યો, પણ તેમાં મને યશ ન મલ્યો.

હમીરસિંહ—માતાજી, તેમાં કશી ફીકર કરવાની જરૂર નથી. તમે મને પોતાના પુત્ર માફક ગણો, અને પ્રેમ પૂર્વક અમારી સાથે નિવાસ કરો. માલવદેવના હાથે ઉપસ્થિત થનાર ભાવિ અન્તરાયોને નિર્મૂલ કરવા અમારાં શસ્ત્રો અહર્નિશ તૈયાર છે.

રોહિણી—તથાપિ હમીરસિંહ, તમને વારંવાર હેરાન કરવાના કનિષ્ટ કાર્યમાં મારા પતિ નિષ્કારણ સાધન ભૂત થાય છે, તેથી મારા અન્તઃકરણમાં ઉદ્વેગ ઉભરાય છે.

હમીરસિંહ—જેઓને માખી માફક જાતે મરણનું સંકટ વેઠી બીજાને ઉલટી કરાવવાની ટેવ હોય છે, તેવા સત્પુરૂષો ભલે પોતાનો ભાવ ભજવે પણ તેથી અમને લગારે ચિન્તા નથી. તમે નકામા શોક વશ થાઓ નહીં.

વનવીર—પૂજ્ય મહારાણા, મારા દુષ્ટ પિતા તરફથી તમારા ઉપર જે વિટંબણાઓની વૃષ્ટિ થાય છે. તેની વિરૂદ્ધ આપને સહાય કરવા આ વનવીર હરખાય છે, પિતાના દુષ્કૃત્યોનું પ્રાયશ્ચિત્ત કરવા શુદ્ધ દિલે પ્રેરાય છે.

હમીરસિંહ—માતાજી રોહિણી અને વનવીર, તમારા નિર્મલ વચનોથી મને ઘણો આનન્દ થાય છે, તમારી શુદ્ધ ભાવનાની સંપૂર્ણ ખાત્રી થાય છે. તમે આજે યવનોની દાસવૃત્તિ છોડી મેવાડના ખરા માલીક દિવાકરવંશી ભૂપતિના સહાયક બન્યા છો. પ્રમાણિક પણે તમારૂં કાર્ય બજાવજો અને રાણાવંશના મજબુત સ્તંભ થજો. માતાજી, તમારા અને તમારા પુત્રોના નિભાવ માટે હું તમને નીમચ, જીરણ, રતનપુર અને કૈરારનાં પરગણાં બક્ષીસ આપું છું. તે સઘળા પ્રાંતોનો અધિકાર

તમને સોંપાય છે, વિશ્વાસપાત્ર બની દિવાકરાન્વયની પ્રભાને વધારનારા તેજસ્વી મણિ થશો એવી આશા રખાય છે.

વનવીર— મહારાણા હમીરસિંહ, જે વિશ્વાસ મારા ઉપર મુકો છો તેને હું શોભાવીશ.

રોહિણી—હમીરસિંહ, તમારી ઉદારતા ખરેખર આશ્ચર્યકારી છે, ઉચ્ચ મનોવૃત્તિઓને લીધે તમે તમારી પ્રતિષ્ઠા સમગ્ર મહીમંડલમાં વધારી છે.

વીરમતી—માતાજી, આમાં કાંઇ અમે વધુ કર્યું નથી. તમારા માટે જે કાંઇ બની શકે તે સઘળું ઓછું છે. શાન્તચિત્તે અમારી સમીપ તમે રહો એજ અમારા મનની ઉમેદ છે, તમે શોકવશ થાઓ એમાં અમને પુરો ખેદ છે.

રોહિણી—બેટા વીરમતી, અમારી આશા ઉપરાંત તમે અમારો સત્કાર કર્યો, પણ હજુ જ્યાં સુધી મારા પતિ અશાન્તિને ઉભી કરવા મથે છે, ત્યાં સુધી મને શાન્તિ કેવી રીતે મળે ? ક્રૂર કપૂરચંદની પ્રેરણાથી અને ટુંકી બુદ્ધિવાળા હરિસિંહના અત્યાગ્રહથી મારા પતિએ મારા ઉપદેશનો અનાદર કર્યો છે, અને દિલ્લી જઇ બાદશાહની મદદ મેલવવા નિશ્ચય કર્યો છે. તેથી મને લાગે છે કે થોડા સમયમાં યવન સૈન્ય ચિતોડ ઉપર આક્રમણ કરશે.

હમીરસિંહ—તે વિષે લગારે ફીકર નથી. સ્વયં બાદશાહ ચડીને આવશે તો પણ તેની સામે લડવા હમીરને હામ છે, ત્યારે વૃથા ખેદને આધીન થવું નકામ છે.

જાલ—મહારાજ, રાજપુત સુભટો એટલા જોસમાં આવી ગયા છે કે દિલ્હીની ફોજને વધારે મુસાફરી કરવાની જરૂર નહીં પડે. ક્ષાત્રસૈનિકો તેમની સામા જશે, ચિતોડ સુધી આવવાની તેમને તસ્દી નહીં આપશે.

મૃણાલિની—દુશ્મનને મેવાડની ધરણી ઉપર પગ મુકવા ન દેવો એવો ચિતોડની અધિષ્ઠાત્રી દુર્ગાદેવીનો આદેશ છે, મેવાડની હદ બહાર જઇ રિપુનું કાસળ કાઢવું એજ અમારો ચોક્કસ ઉદ્દેશ છે.

વીરમતી—ગમે તેવા બલિષ્ઠ અરિને દૂરથીજ વિદારે એવો શૌર્યશાલી મેવાડ નરેશ છે.

હમીરસિંહ—દુશ્મનને જડમૂળથી છેદી નાંખે એવો આ સમયે

તમારો જાજવલ્યમાન રોષાવેશ છે, વીર સુભટોના પરાક્રમે સારી રીતે સચવાયેલો સ્વતંત્ર મેવાડ દેશ છે. તેથી આપણા સૈન્યને એકદમ કરો તૈયાર, ધરા દ્રોહી રિપુઓ તરફ વાપરો પાણિદાર તલવાર, ભૂમાતાના દ્વેષીઓનો કરો સમૂલ સંહાર.

(વસુમતી પ્રવેશ કરે છે.)

વસુમતી--વત્સે વીરમતી, વત્સ હમીર, રોહિણી દેવી, વનવીર, જાલ અને મૃણાલિની, મેવાડમહીના દુશ્મનોની સામે જઇ મેવાડની હદ બહાર તેમની સાથે લડવાનો તમારો નિશ્ચય છે, તેમાં મારી શુભાશિષે તમારો સંપૂર્ણ વિજય છે. (સઘળાને આશીર્વાદ આપતી.)

ગાયન ૨૯ મું.

તમે જાઓ, પ્રિયબાળ, તમે સહુ જાઓ;
રવિ સ્વયં સહાયક થાઓ--પ્રિય૦
સજી શસ્ત્ર બનો રણ યજ્ઞ શૂરા,
અરિ નષ્ટ કરો, ભુજ શૌર્ય પુરા;
યશ વિબુધરમણી ગાઓ--પ્રિય૦
નથી ક્ષાત્ર વીરો બલમાં અધુરા,
કરશે રિપુના પળમાંહી ચુરા;
સમરાંગણમાં જય થાઓ--પ્રિય૦

(ટેબ્લો.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ--ચિતોડમાં સ્વરૂપચંદનું મકાન.

સ્વરૂપચંદ--હાય ! હાય ! મારા ધોળામાં ધુળ પડી અને હાથમાં આવેલી મૃણાલિની કોણ જાણે કયાં ઉડી ગઈ, મને બેહાલ હાલતમાં રવડતો છોડી અંતર્ધ્યાન થઇ ગઇ. સોદાગર કનેથી જે દાગીના ખરીદ્યા તેનાં નાણાં લેવા દુકાને ગયો ઘેર પાછા આવી સોદાગરને પૈસા આપી નિશ્ચિંત થયો. પણ થોડા સમય પછી ઘરમાં તપાસ કરતાં મૃણાલિનીનો પત્તો મલે નહીં. હાય ! હાય ! રૂપિયા ચાર હજારનું પાણી થયું એટલું તો ઠીક પણ તેની સાથે દાગીના અને મૃણાલિની બન્નેનું હરણ થયું. પીડાનું વાદળ આટલેથી અટકી ન રહ્યું, સાસુ કુટિલાની ભિખરાણીનું સાલ

ઊભું થયું. ન્હાણું ન્હાયું કે મયાશંકર અને કુટિલાની કચકચ ચાલુને ચાલુ. અધુરામાં પૂરૂં વળી રોજ ઊઠી કોર્ટમાં ઘસડવાની ધમકી. અત્યાર સુધી તો શેઠ કપૂરચંદના હાથમાં કારભાર હતો, એટલે કુટિલા કે મયાશંકર કોઇનું કાંઇ વળે તેમ ન હતું. કપૂરચંદને પાન સોપારી આપી દાબ્યા એટલે આપણો વાળ વાંકો થાય નહીં. પણ હવે તો ચિતોડમાં કપૂરચંદનું નામ કે નિશાન રહ્યું નથી. મહારાણા હમિરસિંહનો નેક ન્યાયી અમલ ચાલુ થયો છે, મારી આશાનો છેલ્લો તન્તુ તુટી ગયો છે. મહારાણાના આબરૂદાર અને ન્યાયી અમલદારો પાસે આપણો દાંભિક વ્યવહાર નહીં નભે. હવે કરવું શું ?

(નેપથ્યમાં " બારણા ખોલો " એવી બુમ સંભળાય છે.)

સ્વરૂપચંદ—એ તો એના એજ. સાસુ અને ગોર, ડગલે ડગલે ચલાવી રહ્યા છે જીભનું જોર. હવે ઊઘાડીએ છીએ. થોડી બુમ પાડો.

(સ્વરૂપચંદ બારણાં ઊઘાડે છે અને કુટિલા તથા મયાશંકર ગોર પ્રવેશ કરે છે.)

કુટિલા—શેઠ, મારી દીકરીને જ્યાં ગુમ કરી હોય ત્યાંથી લાવી આપો, પુત્રીવિરહની અસહ્ય પીડા કાપો.

સ્વરૂપચંદ—સાસુજી, હું સોગંદ ખાઇને કહું છું કે મૃણાલિની વિષે મને બીલકુલ ખબર નથી. કોઈ દગાખોરનું કામ જણાય છે, તેનો પત્તો મેળવવો અશક્ય દેખાય છે.

કુટિલા—શેઠજી, હવે નકામા સોગંદની સફાઇ નહીં નભે. મૃણાલિનીને રજુ કરો, નહીતો જેલ જાત્રાની ઉમેદવારી કરો.

મયાશંકર—સ્વરૂપચંદ શેઠ, પોતાની પ્રિય પુત્રી પર પાકો પ્રેમ રાખતા તમારાં સાસુજીએ અત્યારસુધી બહુ ધીરજ રાખી છે. તેથી હવે વધુ વખત તેમને ટીંગળાવો નહિ, આત્મજના અભાવે ઉત્પન્ન થતા કષ્ટને વધારો નહિ.

સ્વરૂપચંદ--ગોર આ બાબતમાં હું નિર્દોષ છું. દુકાને ગયો અને ઘેર આવ્યો, એટલામાં મૃણાલિની ગેપ થઇ, તેમાં મારી શી ચૂક થઇ ?

કુટિલા—શેઠ, ધવરાવવાની વાત બાજુએ મૂકી ચોખ્ખો જવાબ દ્યો, નહિતો છેવટનાં પગલાં લાચારી સાથે ભરવાં પડશે.

મયાશંકર—સ્વરૂપચંદ શેઠ, ડાહ્યા થઈ મૃણાલિની જ્યાં હોય ત્યાંથી લાવી આપો, નહિંતો તમારી પાકી ફજેતી થશે. આટલું આટલું કહેવા છતાં નહીં માનો તો તમારાં સાસુજી ન્યાય મંદિરનો આશ્રય લેશે, એમાં તેમનો જરાકે દોષ નહિ નીકળશે.

સ્વરૂપચંદ—(સ્વગત) મામલો બારીક દીસે છે. દબાઈ જવામાં સાર નથી. દમમાં ને દમમાંજ તેમને ઠેકાણે લાવી દઉં. (પ્રત્યક્ષ) ગોર, એટલા બધા શા સારૂ ધમકાવો છો ? જેવી રીતે પૈસા ખર્ચી ગાય બળદ કે ઘોડો ખરીદીએ છીએ અને તેના સંપૂર્ણ માલીક થઈએ છીએ, તેવીજ રીતે મેં પચીસ હજાર રૂપીઆ રોકડા રાણી છાપના ગણી આપી મૃણાલિનીને વેચાતી લીધી છે. તેથી મૃણાલિની ઉપર મારો પુરેપુરો સોએસો ટકાનો અખત્યાર છે. મૃણાલિનીને ગુપ્ત રાખું કે જાહેર કરૂં એ બાબતનો મારા મનની મરજી ઉપર આધાર છે.

કુટિલા—પીટયા સ્વરૂપીઆ, મારી સોના જેવી લાડકી નાજુક સુતાને તું ઢોર સાથે સરખાવે છે ?

સ્વરૂપચંદ—હા, હા, તારી દીકરી ને ઢોર બરાબર, એકવાર નહિ પણ હજારવાર બરાબર. જેવી રીતે ઢોરને વેચી પૈસા ઘડે તેમ તમે તમારી દીકરીના ×વજનથી પાંચ ગણું રૂપું લઈ વેચાણ કર્યું છે.

મયાશંકર—શેઠજી, આવા હલકા શબ્દો તમારા જેવા ગૃહસ્થના મુખમાં ન શોભે. તમારી ગરજે તમે રૂપીઆ આપી પરણ્યાં, તેમાં તમારો વાંક. બીજાને શી લેવા દેવા ?

કુટિલા—મયાશંકર ગોર, શેઠનું ભેજું દિન પ્રતિદિન ખસતું જાય છે અને તેમના મગજનું ચકર ઢીલું થતું જાય છે. તેમના બોલવામાં તળું દેખાતું નથી, આપણે વધુ વખત વાટ જોવાનું એકે કારણ જણાતું નથી. શેઠ, ક્યમ્ હજુ સુધી ઉડાવવાનીજ વાત કર્યા કરશો ? તમારો મનસુબો મલિન સિદ્ધ થાય છે, તેથી જોઈલ્યો, હવે તમારી કેવી વલે થાય છે. મયાશંકર, બોલાવો કાળી ડગલીને. પોલીસના પંજામાં પકડાવ્યા વિના શેઠની સાન ઠેકાણે નહીં આવે.

× મૃણાલિની ઉમર લાયક હોવાથી તેનું વજન ૩ મણ ૫ શેર =૧૨૫ શેર×૪૦=૫૦૦૦ તોલા. (રૂપીયાભાર). પાંચ હજાર રૂ. નું વજન પણ ૩ મણ, ૫ શેર, તેથી ૨૫૦૦૦ રૂ. નું તોલ મૃણાલિનીના વજનથી પાંચ ગણું થયું.

(મયાશંકર સીટી બજાવે છે કે તુરત બે સિપાઇ રજુ થાય છે.)

૧ લો સિપાઈ—શી તકરાર છે ?

કુટિલા—જમાદાર સાહેબ, મારી દીકરીને આ સ્વરૂપચંદ શેઠ સાથે પરણાવી તે દીવસથીજ તેમણે તેને ગુમ કરી છે. કેટલાએ દહાડા થયા પણ મને મારી વ્હાલી પુત્રીનું મુખ સરખું પણ બતાવતા નથી. કેવી તેમની ક્રુરતા અને નિર્દયતા ?

સ્વરૂપચંદ—જમાદાર સાહેબ, તેમની વાત સાંભળી પણ મારી જરા સાંભળશો. તમે ઘોડો વેચાતો લ્યો, પછી જેની પાસેથી તમે ખરીદ્યો હોય તેને બતાવવા શું તમે બંધાયેલા છો ? તેવીજ રીતે, મેં પણ તેમની દીકરીને નાણાં સાટે ખરીદી છે. તેથી મારો તેના ઉપર સ્વતંત્ર અધિકાર છે. મારી મોજ હોય તેવી રીતે તેમની દીકરીને રાખું તેમાં વચ્ચે પડવાનો તેમને શો હક્ક છે ?

૧ લો સિપાઇ—શેઠ, મનુષ્યના મનુષ્ય સાથેના વ્યવહારમાં ઘોડાનું ઉદાહરણ આપી શકાય નહિ.

૨ જો સિપાઇ—શેઠ, પોતાના સગાઓ પ્રત્યે આવી અધમ વર્તણુંક ચલાવી શકાય નહિ.

કુટિલા—જમાદાર સાહેબ, તમારી વાત સાચી છે. ઘણા દિવસસુધી જ્યારે મારૂં પાણી ઉતરાવ્યું, ત્યારે તમારી શરણે આવવાનું દુરસ્ત ધાર્યું. તેથી અમારી ફર્યાદ ઉપર લક્ષ્ય આપો, દયા દાખવી યોગ્ય દાદ આપો.

૧ લો સિપાઈ— કુટિલાબાઇ, તમે ગભરાઓ નહિ. શેઠ, હજુ તમને છેલ્લી તક આપીએ છીએ. તેથી તમારી સાસુના મનનું સમાધાન કરો. નહીં તો આ લોઢાની બેડીઓ તમારે માટે તૈયાર છે.

સ્વરૂપચંદ—(સિપાઇઓને બાજુપર ખસેડીને) જમાદાર સાહેબ, મહેરબાની કરી આ બાબત પડતી મૂકો, અને ગમે તે રીતે મને બચાવી લ્યો. તમારી મહેનત બદલ લ્યો આ પાન સોપારીની પાંચ પાંચ સોના મ્હોરો.

૧ લો સિપાઈ—નાદાન શેઠ, મહારાણા હમીરસિંહના સેવક સદા સત્ય નિષ્ઠાવાન્ છે, તેમના મનમાં લાલચ તૃણ સમાન છે, પ્રામાણિક રાજપુરૂષોને દ્રવ્ય લોભથી લલચાવનાર તું હરામી હેવાન છે.

૨ જો સિપાઇ—અત્યારસુધી માલદેવના અંધેર શાસનમાં લાંચ

આપવાની તને ટેવ પડી હોય તેમ જણાય છે. પણ હવે મહારાણાના નેક ન્યાયી અમલમાં તમારા જેવા અનીતિવાન્ પુરૂષોની પ્રપંચલીલાનું પોકળ વેરાઇ જશે, સત્યસૂર્યનો સદા વિજય થશે.

કુટિલા—પકડો શેઠને અને લઇ ચાલો તેમને ન્યાય મંદિરમાં.

મયાશંકર—મહારાણાની સમક્ષજ શેઠની શઠતાનો નિર્ણય થશે.

બન્ને સિપાઇઓ—કુટિલાબાઇ અને મયાશંકર ગોર, ચાલો તમે આગળ, અને શેઠને પકડીને અમે ચાલીએ છીએ તમારી પાછળ.

(કુટિલા અને મયાશંકર જાય છે. તેમની પાછળ સ્વરૂપચંદને પકડી બન્ને સિપાઇ જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—સીંગોલીનું મેદાન.

(બાદશાહ મહમદ, માલવદેવ, હરિસિંહ, કપૂરચંદ, અને મુસલમાન સૈનિકો પ્રવેશ કરે છે.)

મહમદ—માલવદેવ, ચિતોડ દુશ્મન કે હાથમે જાનેકી ખબર જબસે હમકો તુમસે મીલીહય, હમારે તનબદનમેં આગ ભળક ઉઠ્ઠી હય. શાહી-ફોજ ચિતોડ દુબારા સર કરનેકે લીયે કૂચકર રહી હય. ઇત્મીના ન રખો. ચંદરોજમેં શાહી અમલ મેવાડપર ફેલ જાયગા, ઑર મેવાડકી સલતનત હમારે કબ્જેમેં આજાયગી, ઑર તુમારી નમકહલાલી ઑર સરબાઝીકી કદરકી જાયગી.

માલવદેવ—બહાદુર બાદશાહ, ઘણા આનન્દની વાત છે કે તમે દૂર અંદેશી વાપરી બલવાન્ ફોજ ચિતોડ જીતવા સારૂ સાથે લીધી છે. તમારા પૂર્વાધિકારી અલ્લાઉદ્દીનશાહને ચિતોડ જીતતાં કેટલી મહેનત પડી હતી તે તમને યાદ છે, તેથી ખુબ હિમતથી કામ લેવાની જરૂર જણાય છે.

હરિસિંહ—બાદશાહ, બેફીકર રહો. મારા ભુજબલ આગળ ચિતોડ દુર્ગના શાભાર છે? મેવાડમાંથી હમીરનું નામનિશાન ઉડાવી દેવામાં શી વાર છે? સમજી લ્યો કે અલ્પ સમયમાં બાદશાહી અધિકાર મેવાડની ફલકુપ જમીન ઉપર જામનાર છે.

મહમદ—માલવદેવ, તુમારા સાહેબઝાદા બહોત ઝીહોશ હય. અયસે જવાં મર્દોકે લીયે દરબારે શાહીમેં કદરો મનઝલત પાનેકે બહોત વસાયલ હય.

માલવદેવ--બાદશાહ, અમારી શુદ્ધ વફાદારીથી શાહી સલતનતને શોભાવીએ છીએ, તખ્તનું તેજ વધારવા અમે સદા હજારગણા શૌર્ય-વડે લડીએ છીએ.

હરિસિંહ--બાદશાહ, સાચા સોનાની ધગધગતા અગ્નિમાંજ પરીક્ષા થાય છે, તેવીજ રીતે વીરપુરૂષોની સમરાંગણમાંજ કસોટી થાય છે. જુઓ, સામે દૂરથી, રાજપુત સૈન્ય આ તરફ આવતું જણાય છે. બહાદુરી બતાવવાનો પ્રસંગ જલદી ઉપસ્થિત થાય છે.

માલવદેવ--શૂર સિપાઇઓ, બનો હુંશીઆર, ગ્રહો હસ્તે હથિયાર, કરો અલ્લાહી અકબરનો પોકાર, ઝનુની જંગમાં દુશ્મનને પહોંચાડો પાતાલ મોઝાર.

(હમીરસિંહ ક્ષાત્રસૈન્ય સાથે પ્રવેશ કરે છે.)

હમીરસિંહ—કયાં સંતાઇ ગયો છે હરિસિંહ ? ફક્ત હરિસિંહજ સઘળા કલહનું મૂલને શાંતિનું શૂલ છે, તેની પ્રથમ ખબર લેવા હમીરસિંહ આતુર છે.

હરિસિંહ—હીચકારા હમીર, તારી કપટજાલને કાપવા હરિસિંહ તૈયાર છે, તારા પાપનું પુરૂં પ્રાયશ્ચિત્ત આપનાર છે, તારા સ્વાગત માટે સજ્જ આ હથિયાર છે.

હમીરસિંહ--તો બકવાદ છોડી હમીર સામો આવીજા, હમીરની ચમકતી રણચણ્ડી રૂધિર પિપાસુ સમશેરનો ભોગ બની જા.

(હમીરસિંહ જોસભેર હરિસિંહ ઉપર તુટી પડે છે. બન્નેનું દ્વંદ્વ યુદ્ધ થાય છે. તેમાં હમીરસિંહ સ્વહસ્તે હરિસિંહનું મસ્તક ધડથી જુદું કરે છે.)

માલવદેવ—શૂરવીરો, શું જોઇ રહ્યા છો ? મારા વ્હાલા પુત્ર હરિસિંહનું લોહી પીનાર આતતાયી ઉપર ચલાવો તલવાર, બહાદુરીથી દુષ્ટ દુશ્મનને કરો ખુન્હાર.

હમીરસિંહ--તમારામાંથી એકેએકને હરિસિંહની ગતિએ પહોંચાડવા પાણિદાર છું, સમર ભૂમિમાં દુર્જનનો કાળ છું, સજ્જનનો પ્રતિપાળ છું.

(બન્ને પક્ષનો તુમુલ સંગ્રામ થાય છે. હમીર બાદશાહી ફાજને સખ્ત હાર આપે છે અને બાદશાહ મહમદ, માલવદેવ અને કપૂરચંદને કેદ પકડે છે.)

ટેબ્લો.

પ્રવેશ ૫ મો.

સ્થળ—ચિતોડમાં મૃણાલિનીનું નિવાસ સ્થાન.

(મૃણાલિની જાલના હાથ પકડી તેને વિનવતી પ્રવેશ કરે છે.)

ગાયન ૩૦ મું.

મૃણાલિની—

રંગીલા રંગભીના, છો નાજુક નગીના,
તલસાવો શા સારૂ છબીલા—રંગીલા૦
યાવનદલ ચૂર્ણ થયું છે,
ભીષણ પણ પૂર્ણ થયું છે,
રાણાકુલ સ્થિર બન્યું છે,
અવશિષ્ટ હવે શું રહ્યું છે,
પ્રીતમ રમણીના, શીરતાજ સુંદરીના,
રસ પાઓ પ્રીતિનો રસીલા—રંગીલા૦

જાલ—

હઠીલી પ્રમદા હઠ છોડો,
કરપદ્મ ન મુજ મચકોડો,
વિવેક વિનય નહીં તોડો,
જગ જોશે અદેખું ખોડો,

મૃણાલિની—

ભાવિક ભોળી ભામા, સ્વીકારો કંથ શ્યામા,
શરમાઓ શું શ્યામ સલુણા—રંગીલા૦

જાલ—મદિરાક્ષિ મૃણાલિનિ, મર્યાદાની સીમા છોડવી ઉચિત નથી, લગ્ન પહેલાં દમ્પતીએ વધુ છુટ લેવી એ સારી રીત નથી.

મૃણાલિની—વ્હાલા જાલ, હજુપણ મિથ્યા બ્હાનાં કાઢી વાતને ઉડાવ્યા કરશો ? પ્રતિજ્ઞા મુજબ મેવાડ મુક્ત થયું છે અને રાણાવંશના સ્વતંત્ર અધિકાર નીચે સમૃદ્ધ બન્યું છે. હવે અગત્યની રાજસેવા અવશિષ્ટ રહી નથી. તેથી મારા શરમાળા શ્યામ, આ પ્રેમી પ્રમદાને હાર્દ આલિંગન આપો.

જાલ—અધીરી અબલા, લૌકિક વ્યવહારને અનુસરી વડીલની આજ્ઞાનુસાર આપણો વિવાહ થાય ત્યાંસુધી મનઃસંયમ રાખવો જોઇએ,

અંકુશને વશ રહેવું જોઇએ.

મૃણાલિની--જ્યાં સ્ત્રી પુરૂષો નિર્મલ અન્તઃકરણના સ્નેહથી એક બીજા તરફ સ્વાભાવિક આકર્ષણથી જોડાય છે, ત્યાં બાહ્ય વિધિની આવશ્યકતા રહેતી નથી. જ્યાં પરણનાર વરવધૂને અજ્ઞાનાવસ્થામાં એક બીજા સાથે લાકડે માંકડા માફક સાંધવામાં આવે છે, ત્યાં વ્યાવહારિક વિધિનો ડોળ કરવાની જરૂર હોય છે. પણ નૈસર્ગિક પ્રેમથી એક બીજાને ચહાનાર જાયાપતીના હૃદય કુદરતી રીતે સંધાઇ જાય છે, તેટલા માટે સ્વેચ્છાથી લગ્ન કરનાર પ્રેમીજનો સર્વોત્તમ ગાન્ધર્વ વિધિથી સ્વયં જોડાય છે, અને તેમનો સ્વયંવર અનુકરણીય અને આદર્શરૂપ ગણાય છે. વળી વડીલની સમ્મતિનો પ્રશ્ન આપણા વિષયમાં રહેતોજ નથી. કારણકે તમે જાતેજ તમારા કૌટિલ્ય વિશારદ પિતા કપૂરચંદનો પરિત્યાગ કર્યો છે. તેથી તમે સ્વતંત્ર છો અને તમારા માટે વડીલની અનુજ્ઞાનો સવાલ ઉડી જાય છે. મારે માટે એટલું જણાવવું બસ છે કે મારા પિતાએ મને મારી મરજી મુજબ પતિની પસંદગી કરવા પરવાનગી આપી છે, માટે મારી ઇચ્છાનુસાર તમારી સાથે સ્વયંવર કરવા અખત્યાર ધરાવું છું.

જાલ—આપના સદ્‍ગુણી પિતા સૌભાગ્યચંદ કારાગૃહમાંથી મુક્ત થાય અને તેમના હાથેજ તમારૂં દાન મને અપાય, તે શું વધારે યોગ્ય ન ગણાય ?

મૃણાલિની- એતો, બેશક, સોનું અને સુગંધના સંયોગ પેઠે વધારે ઉત્તમ લેખાય.

જાલ—લલિત લલના, ત્યારે શાસારૂ તમે અધીરાં થાઓ છો ? જુઓ, મયાશંકર ગોર અને સ્વરૂપચંદશેઠ પરસ્પર તકરાર કરવા માટે પકડાયા છે. આજે વિજયોત્સવ નિમિત્તે ભરાનાર દરબારમાં તેમનો ન્યાય થનાર છે, તે વખતે પાપીઓના પ્રપંચનો પુરો ભરાયેલો ઘડો ફુટી જનાર છે, સત્યનો વિજય થનાર છે, નિર્દોષ સૌભાગ્યચંદને મુક્તિ મલનાર છે, અને તેમના હસ્તેજ મહારાણાની સમક્ષ આપણો વિવાહ થનાર છે.

મૃણાલિની—વાહરેવાહ, મારા મનના માલીક દેવાંશી પ્રીતમ, કેટલી સરસ યુક્તિથી તમે ગોઠવી રાખ્યો છે આપણા ભાવિ સુખનો ક્રમ ?

જાલ—વ્હાલી, તમારે માટે મારૂં તન મન અને ધન સમર્પણ છે, તોપછી તમારી અભિલાષાઓ ફલીભૂત કરવી એજ મારી પ્રવૃત્તિઓનું પ્રથમ કારણ છે.

મૃણાલિની—રસીલા કાન્ત, હજારવાર વારીજાઉં તમારા સ્નેહને, જાથુને માટે ભેટ કરૂં છું આ મારા મનોહર દેહને. વ્હાલા, તમેજ મારા પ્રાણના આધાર છો, મારી કાયલતાના સુશોભિત શ્રૃંગાર છો.

જાલ—રમણી, તમેજ મારા જીવનનાં મધુર સાર છો, મારા હ્રદયનાં અનુપમ હાર છો.

મૃણાલિની—મારા નાજુક ભરથાર, મનસરોવરના રાજમરાલ, બસ હવે હું.

ગાયન ૩૧ મું.

લીન બની પ્રેમી પતિ સ્નેહ સાગરે,
રૂપવતી યુવતિ કાય અર્પણ કરે—લીન૰
સુખ દુઃખની સહચરી હું દાસી,
ફક્ત પ્રણયસુધારસ પ્યાસી,
કોમલ ભુજ બન્ધન દઢ ફાંસી,
નાંખુ નાથ જશો કયાં નાશી,
હરિણાક્ષી પ્રિય ચિત્ત મગ્ન કરે—લીન૰

જાલ—

ધન્ય ધન્ય જીવન મુજ માનું,
પ્રેમપાત્ર સુન્દર લલનાનું,
મિષ્ટ અમૃત મલ્યું મજાનું,
પાન કર્યે મૃત્યુભય શાનું,
ચંદ્રમુખી તાપ ચાક ચપલા હરે—લીન૰

(જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—ચિતોડમાં મહારાણા હમીરસિંહનો વિજયોત્સવ નિમિત્તે ઠઠ્ઠઠ્ઠાભરેલો દરબાર.

(દરબારીઓ અને પ્રજાજનો એક પછી એક આવે છે અને પોતાની સ્થિતિ અનુસાર આસન ઉપર બેસે છે.)

પ્રતીહાર—નેકનામદાર, દિવાકર કુલ શ્રૃંગાર, ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, મેવાડ ભૂપાળ, મહારાણા હમીરસિંહ અને મહારાણી વીરમતીનો જયજયકાર હો.

(મહારાણા હમીરસિંહ, મહારાણી વીરમતી, કુમાર ક્ષેત્રસિંહ, રોહિણી દેવી, વનવીર, જાલ મૃણાલિની પ્રવેશ કરે છે, અને સભાજનો ઊભા થઇ તેમનું સ્વાગત કરે છે. મહારાણા હમીરસિંહ અને મહારાણી વીરમતી સિંહાસન ઉપર વિરાજમાન થાય છે અને સઘળા સભ્યો તેમની સ્તુતિ કરે છે.)

ગાયન ૩૨ મુ.

દરબારીઓ અને પ્રજાજનો—

જય જય રાઘવ વંશ વિભૂષણ, સૂર્યદેવના છો સન્તાન,
સ્વતંત્ર આ ધરણી મેવાડી, ગાએ જેનાં વિક્રમ ગાન.
જશ જ્યોતિ પ્રસરી છે વિશ્વે, ઉગ્યો જાણે ગગને ભાણ,
ધુવડ શ્યામ સંતાઇ ગયાં છે, નથી દુષ્ટનું નામ નિશાન.
ભસ્મ થયાં સાધુનાં સંકટ ને પિશાચોનાં તોફાન,
સુખ સંપત સમૃદ્ધિ મહીમાં, પામે સત્પુરૂષો ગુણવાન.
નેક અમલ રાણાનો ન્યાયી, એક વચનને એકજ બાણ,
અવતરિયા અવની તલમાં શું, રામચંદ્ર શ્રી સીતા પ્રાણ.
ઇન્દ્ર સમા શોભે છે રાણા, અતિ તેજસ્વી દીપ્તિમાન,
રાણી ઇન્દ્રાણીસમકાન્તિ, જયન્ત જેવો છે સન્તાન.
વિમલ ચિત્તથી સ્તવીએ દેવા, જગન્નિયન્તા કૃપાનિધાન,
કરો ચિરંજીવ રાણાકુલને, જે છે ક્ષિતિનું કલ્યાણ.

હમીરસિંહ—માનનીય રાજપુરૂષો અને પ્રજાજનો, આજે આપણી પવિત્રજનની મેવાડ ધરણી સ્વતંત્ર થઇ છે અને આપણા દુશ્મનોની સંપૂર્ણ હાર થઇ છે, તેટલા માટે આપણો આનન્દ પ્રદર્શિત કરવા આ દરબાર ભરવામાં આવ્યો છે. તે પ્રસંગે તમે સઘળાએ હાજરી આપી શોભામાં અભિવૃદ્ધિ કરી છે, તેને માટે મહારાણી વીરમતી અને હું તમારો આભાર માનીએ છીએ. આ સમયે હું જાહેર કરવાની રજા લઉં છું કે શ્રી રામચંદ્ર જેવા સૂર્યવંશના આદર્શ નરપતિઓ માફક હું પ્રજાના એક પ્રતિનિધિ તરીકે પ્રજાના સુખ, લાભ અને સંતોષ માટેજ શાસન કરીશ અને દરેકે દરેક વિષયમાં પ્રજામતને માન આપીશ. સમસ્ત પ્રજાજનોની મરજી મુજબ રાજ્યતંત્ર ચાલશે અને પ્રજા સમુદાયની અપૂર્વ શક્તિ ઉપર બંધાયેલું મેવાડનું

રાજ્ય સુદૃઢ અને બલવત્તર થશે. મેવાડ ભૂમિને સુખી કરવા માટે જગદીશ્વર વિભુ પરમાત્મા અમને હરેક ક્ષણે પ્રેરણા કરો, એજ અમારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

પ્રજાજનો અને દરબારીઓ—વિજય થાઓ મહારાણા હમીરસિંહનો અને વિજય થાઓ બાપારાવલના નિષ્કલંક સિંહાસનનો.

(બે સિપાઇઓ સ્વરૂપચંદને પકડી મયાશંકર અને કુટિલા સાથે પ્રવેશ કરે છે.)

૧ લો સિપાઇ—મહારાજ, આ ત્રણ જણને પરસ્પર તકરાર છે. તેમનો નિકાલ કરવા ધર્માવતાર ભૂપાળની સમક્ષ રજુ કરવા વિજ્ઞપ્તિ કરીએ છીએ.

હમીરસિંહ—કોની ફર્યાદ છે ?

૨ જો સપાઇ—આ બાઇની.

હમીરસંહ--બાઈ, તમારૂં નામ શું ?

કુટિલા--મારૂં નામ કુટિલા.

હમીરસિંહ--તમારે ફર્યાદનું શું કારણ છે ?

કુટિલા--મહારાજ, મારી દીકરી મૃણાલિનીને આ સ્વરૂપચંદ શેઠ સાથે પરણાવી, ત્યારપછી તેમણે મારી વ્હાલી પુત્રીને ગુમ કરી છે, મને દુઃખ દરિયામાં ડુબાવી દીધી છે.

હમીરસિંહ—તમારી કન્યાનું લગ્ન કયાં થયું હતું ?

કુટિલા—અમારા જ્ઞાતિ ગોર મયાશંકરના ઘરમાં.

હમીરસિંહ—સાધારણ રીતે હિંદુઓમાં લગ્ન વિવાહ કન્યાના પિતાને ત્યાં થાય છે, તેને બદલે ગોરના ઘરમાં લગ્ન કરવાનું શું કારણ ?

કુટિલા—સ્વરૂપચંદ સાથે પરણવા કન્યા નારાજ હતી. એટલે જ્ઞાતિના મહાજને કન્યાની મરજી વિરૂદ્ધ તેને પરણાવી દેવાનો ઠરાવ કર્યો હતો. લગ્નતિથિ આવે ત્યાં સુધી ગોરના ઘરમાં કન્યાને કબજે રાખવી અને ગોરને ત્યાંજ વિવાહ વિધિ કરી દેવી, એવો જ્ઞાતિ શેઠનો હુકમ હતો, જે અમારે માન્ય કરવો પડયો હતો.

હમીરસિંહ--કન્યાની મરજી વિરૂદ્ધ પરણાવી દેવાનો એકતરફી ન્યાય મહાજને શા સારૂ કર્યો ? મહાજનનો નેતા કોણ હતો ?

કુટિલા—માજી કારભારી કપૂરચંદ શેઠ.

હમીરસિંહ—એક તરફી ન્યાય કરવામાં કપૂરચંદની દાનત ભ્રષ્ટ હોવી જોઇએ. તેથી આ વિષયમાં સ્પષ્ટ નિર્ણય કરવા માટે કપૂરચંદને બોલાવવા જોઇએ.

જાલ—મહારાજ, કપૂરચંદ આપની વિરૂદ્ધ રચેલા પ્રપંચોનું ફળ પામ્યા છે. સીંગોલીના મેદાનમાં બાદશાહ મહમદ અને માલવદેવની સાથે કપૂરચંદ પણ કેદ પકડાયા છે. રાજ્ય દ્રોહના ગુન્હા માટે કપૂરચંદ ગુન્હેગાર છે, વળી આ બાબત પણ તેમની કાળી કરણીઓને વધારે શ્યામ બનાવનાર છે.

હમીરસિંહ—સિપાઇ, કપૂરચંદ કારભારીને સભામાં હાજર કરો.

(સીપાઇ કપૂરચંદને લઈ પ્રવેશ કરે છે.)

હમીરસિંહ—કારભારી કપૂરચંદ, તમે તમારી જ્ઞાતિમાં એક નિર્દોષ બાળા વિરૂદ્ધ જુલ્મી ઠરાવ કર્યો હતો અને તે બિચારી કન્યાને તેની મરજી વિરૂદ્ધ પરણાવી દેવા હુકમ કર્યો હતો તે વાત ખરીને ?

કપૂરચંદ—મહારાજ, એમાં મારો કે મહાજનનો કસુર ન હતો. બાપે કરી મુકેલા સગપણ પ્રમાણે પરણવાની કન્યા ના પાડે એ કન્યાનો કેવડો મોટો દોષ તેથી કન્યાઓ સ્વચ્છન્દી ન બને એવો દાખલો બેસાડવા માટે કડક નિર્ણય આપવો પડ્યો હતો.

હમીરસિંહ—આવા એક તરફી ન્યાય આપવામાં તમારૂં ખીસ્સું ભરાયું હતું કે નહીં ?

કપૂરચંદ—મહારાજ, લાંચનો પૈસો અને ગાયની માટી બરાબર ગણું છું.

૧ લો સપાઈ—મહારાજ, આ સ્વરૂપચંદ શેઠને લાંચ આપવાની પાકી આદત છે.

૨ જો સપાઈ—મહારાજ, અમને પણ પાંચ પાંચ સોનામહોરોની લાલચ બતાવી હતી, એટલે પહેલાંના અંધેર રાજ્ય શાસનમાં સ્વરૂપચંદ શેઠ પાનસોપારીનો પ્રયોગ કરતા હશે એવું માનવા માટે સબલ કારણ છે.

હમીરસિંહ—શેઠ સ્વરૂપચંદ, હવે યાદ રાખો કે મહારાણા હમીરસિંહનું શાસન છે, તેથી ખરેખરૂં કહીદ્યો કે તમારી તરફેણમાં જ્ઞાતિમાં

ચુકાદો કરાવવા તમે કપૂરચંદને શું આપ્યું હતું? જો જુઠું બોલ્યા તો ભયંકર શિક્ષાને પાત્ર થશો.

સ્વરૂપચંદ—મહારાજ, સાચે સાચું કહી દઉં છું કે મેં કપૂરચંદને પાંચસે સોનામહોરો આપી હતી, એટલે જ્ઞાતિનું સઘળું કામ મારી તરફેણમાંજ ચાલ્યું હતું.

હમીરસિંહ—કયેમ્ કપૂરચંદ, હવે કબુલ કરો છો, કે નથી કરતા?

કપૂરચંદ—હા, મહારાજ, સ્વરૂપચંદ કનેથી મેં મ્હોરો લીધી હતી.

હમીરસંહ—આ ઉપરાંત તમારે હાથે વધારે ગંભીર અત્યાચાર થયો છે, તમારા અન્યાયી હુકમથી કન્યાનો નિર્દોષ પિતા કારાગૃહવાસી થયો છે.

કપૂરચંદ—કન્યાના બાપે સ્વરૂપચંદ કનેથી રૂપીઆ પચીસ હજાર લીધેલા, તોપણ કન્યા પરણાવવા ના પાડી એટલે મ્હારે રાજ્ય સત્તાનો ઉપયોગ કરવો પડ્યો.

હમીરસંહ—જ્ઞાતિના વહીવટમાં રાજ્ય સત્તાનો ઉપયોગ થઇ શકતો હશે?

કપૂરચંદ—જેવો સમય તેવો રોફ બતાવવો પડે.

હમીરસિંહ—હવે તેજ રોફનું ફલ મલતાં વાર નહીં લાગે. સિપાઇ, શેઠ સૌભાગ્યચંદને કારાગૃહમાંથી મુક્ત કરી માનપુરઃસર સભામાં લાવો.

સીપાઇ—જેવો મ્હારાજનો હુકમ. (જાય છે.)

હમીરસંહ—વારૂ, કપૂરચંદ, તમે કન્યાને ગોરના ઘરમાં પુરી રાખવા હુકમ કર્યો. તે મુજબ કેટલા દિવસ ગોરે કન્યાને પોતાના કબજામાં રાખી.

કપૂરચંદ—આશરે ચારેક દિવસ.

હમીરસંહ—ત્યારબાદ કન્યાનું લગ્ન તમારી રૂબરૂ કરવામાં આવ્યું હતું?

કપૂરચંદ—મારી તેમજ સમસ્ત જ્ઞાતિજનોની સમક્ષ સ્વરૂપચંદ શેઠ સાથે મૃણાલિનીને પરણાવવામાં આવી હતી.

હમીરસંહ—તેમાં કાંઇ ગફલત તો નહતી થઇને?

કપૂરચંદ—ના, મહારાજ.

હમીરસંહ—મયાશંકર ગોર, તમારે ત્યાં જેનું લગ્ન થયું તે મૃણાલિની હતી કે બીજી કોઇ? સાચે સાચું કહીદ્યો, નહીતો, જુઠું બોલવા

માટે ઘણી ભારે સજા ખમવી પડશે.

મયાશંકર—મહારાજ, મેં મારા હાથેજ મૃણાલિનીને સ્વરૂપચંદ શેઠ સાથે પરણાવી છે.

હમીરસંહ—સિપાઈ, ગેરખંધ લ્યો અને ગોર મહારાજને થોડો પ્રસાદ આપો.

(સિપાઇ એક બે ગેરખંધ મયાશંકરને લગાવે છે, એટલે મયા-શંકર સાચું બોલે છે.)

મયાશંકર—મહારાજ, અમે મૃણાલિનીને બદલે બીજી ગોઠવી દીધી હતી.

હમીરસંહ—બીજી કોણ હતી તે કહી દ્યો.

મયાશંકર—મહારાજ, ઘરમાં પુરી રાખેલી મૃણાલિની અચાનક ગુમ થઇ, એટલે, મહારાજ, કહેતાં જીભ ઉપડતી નથી. મહારાજ, કપૂર-ચંદ કારભારીની બીકે મૃણાલિનીને બદલે મૃણાલિનીની મા કુટિલાને બેસાડી દીધી, અને સમે વર્તે સાવધાનનાં વાજાં વગડાવી દીધાં

હમીરસિંહ—અને પછી સ્વરૂપચંદને ગળે પડ્યા કે મૃણાલિની રજુ કરો. સ્વરૂપચંદ વેરે પરણાવી કુટિલા અને પછી સ્વરૂપચંદની સાથે શરૂ કરી તકરાર. તમારૂં સઘળાનું પોગળ જણાઇ ગયું છે. કુટિલા, તારી નીચતા માટે તારે શરમાવું ઘટે છે.

(સિપાઈ સૌભાગ્યચંદને લઇ પ્રવેશ કરે છે.)

હમીરસિંહ—શેઠ સૌભાગ્યચંદ, જે પ્રપંચીઓના તમે ભોગ થયા છો, તેઓનો પાપી ઘડો પુરો ભરાઇ આજે ફુટી ગયો છે, અને તેમના ગુન્હાનો એકરાર થઇ ગયો છે. જુઓ, આ તમારી પત્નીજ બધા કાર-સ્થાનનું મૂલ છે.

સૌભાગ્યચંદ—જ્યારથી તે નાદાન નારીની નીચ સલાહને આધીન થઈ કન્યાનો પૈસો લઇ મારા હાથ કાળા કર્યા, ત્યારથી સુખે ઠામ કરી બેસવાનો સમય આવ્યો નથી.

હમીરસંહ—સૌભાગ્યચંદ, તમે તમારી જાત માટે જરી કે ફીકર કરો નહીં. ઇશ્વર કૃપાએ તમારી પવિત્ર નિરપરાધી પુત્રી એક પરમાર્થી પુરૂષના પ્રયાસે જ્ઞાતિના જુલમમાંથી બચી મુક્ત થઇ, તો પણ તમારી

દુષ્ટ સ્ત્રી પોતાની દીકરી બદલે પોતેજ પરણી લેવા તૈયાર થઈ. ધિક્કાર છે એવી નીચ નારીને !

સૌભાગચંદ—તે કરતાં વધુ ધિક્કાર છે તે નારીના નૃત્યે નાચી અઘટિત કાર્યમાં પ્રવૃત્ત થયેલા નરને. ખરેખર મેં મારી પ્રિય પુત્રી પ્રત્યે જે અધમ વર્તણુક ચલાવી હતી, તેનું પુરૂં પ્રાયશ્ચિત્ત મેં ભોગવ્યું છે દુષ્ટ રણ્ડા, તારા પાતકી પ્રપંચોનું પોગળ હવે વેરાઈ ગયું છે, ખાત્રી પૂર્વક સમજી લે કે આ લોકમાં તેમજ પરલોકમાં તારે માટે ભયંકર ભાવિ નિર્માણ થયું છે. *

હમીરસિંહ—આ અધમ અબળાને હું મરણ પર્યંત સખ્ત મજુરી સાથે કેદની સજા કરૂં છું.

કુટિલા—જેઓ અધર્મને રસ્તે ચઢે છે, તેઓ મારી માફક દુઃખોદધિમાં સદાને માટે સડે છે. પોતાનીજ દીકરીનું દ્રવ્ય લઇ દુનિયામાં મોજ માણવાની ઉમેદો કરી, તેને બદલે ન્યાયી પરમેશ્વરે પાપની પુરી સજા કરી. (કપાળ કુટે છે.)

(સિપાઇઓ કુટિલાને લઇ જાય છે.)

હમીરસિંહ—મયાશંકર ગોર, તમે જ્ઞાતિના પુરોહિત હોવા છતાં તમારા સ્વાર્થની ખાતર જ્ઞાતિમાં અંધાધુની ચલાવી છે, અને સ્વહસ્તે નિર્દોષ જનોની કતલ કરાવી છે. તેથી હું તમને પાંચ વર્ષ સુધી સખ્ત કેદની સજા કરૂં છું.

મયાશંકર—બ્રાહ્મણ થઇ ધર્મને કોરાણે મુક્યો, બાલાવૃદ્ધલગ્ન કન્યાવિક્રય બાળલગ્ન આદિ દુષ્ટ રીવાજોનો પ્રચાર કર્યો, અને યજમાનોની અધર્માચરણમાં પ્રવૃત્તિ કરાવી તેમના સાંસારિક સુખમાં સડો દાખલ કર્યો, તેના પ્રાયશ્ચિત્ત તરીકે પરમાત્માએ મારા માટે જેલનો દરવાજો ખુલ્લો કર્યો. (કપાળ કુટે છે.)

(સિપાઇ મયાશંકરને લઇ જાય છે.)

હમીરસિંહ—કારભારી કપૂરચંદ, તમે તમારી સત્તાનો સર્વત્ર દુરૂપયોગ કર્યો છે, તમારી જ્ઞાતિમાં પણ જુલમનો અવધિ કર્યો છે. એટલુંજ નહીં પણ વારે ઘડીએ માલવદેવને વધુને વધુ તરફડીઆં મારવાની સલાહ આપી હજારો વીરપુરૂષોનો નાહક ભોગ અપાવ્યો છે. ખરેખર, તમારા જેવા કુટિલ નરને છુટો રાખવો એ રાજનીતિથી વિરૂદ્ધ છે. તેથી તમને

મરણ પર્યંત અંધારી કોટડીમાં પુરી રાખવાનો હુકમ કરૂં છું.

કપૂરચંદ—હાય ! હાય ! ડુબતાને તરાવી કારભારૂં કાયમ રાખવા જે કુટિલતા અને ક્રુરતાનો આશ્રય લીધો તેનો ભયંકર બદલો જગદીશ્વરે દીધો. (કપાળ કુટે છે.)

(સિપાઈ કપૂરચંદને લઈ જાય છે.)

હમીરસિંહ—સ્વરૂપચંદ, તમે ધનાઢ્ય હોવા છતાં વૃદ્ધ વયમાં ઇન્દ્રિય સંયમ રાખવાને બદલે વિષય વાસનાના પુજારી થયા, તેને લીધે તમે પોતેજ તમારી લક્ષ્મીની બરબાદી કરી બેહાલ થયા, તેજ તમારા માટે પુરતી સજા છે. હવે પછી દ્રવ્યનો દુરૂપયોગ કરશો નહીં. અને ફરીથી પૈસો ગુમાવી ગુરદાસ બનશો નહીં.

સ્વરૂપચંદ—મહારાજ, કુટાઇ પછડાઈ પુરો ઠેકાણે આવ્યો છું. હવે હું મારાં નાણાંનો પરમાર્થમાં ઉપયોગ કરીશ અને વિષય વાસનાને મારા અન્તઃકરણમાંથી દેશવટો દઈશ.

હમીરસિંહ—શેઠ સૌભાગ્યચંદ, જ્ઞાતિ રાક્ષસોના મહાજનમાં પુત્રીની ખાતર તમે દૃઢતા બતાવી અસાધારણ સંકટ સહન કર્યું છે, તે તમારી પુત્રી આ સ્થળે અને આ સમયે હાજર છે, તમારા હૃદયનો હર્ષ વધારવા તત્પર છે.

મૃણાલિની—(સૌભાગ્યચંદ કને જઇ આલિંગન કરી) મારા પૂજ્ય પિતાજી, તમે મારા માટે જે કષ્ટ વેઠયું છે, તેનો બદલો હું કેવી રીતે વાળી શકીશ ?

સૌભાગ્યચંદ- વ્હાલી દીકરી, મેં તારા પ્રત્યે મારી ફરજ બજાવી છે, તારી ખાતર પડેલી કષ્ટ પરંપરાને મેં આનન્દ સાથે ભોગવી છે.

હમીરસિંહ—શેઠ સૌભાગ્યચંદ, જે પુરૂષરત્ને આપની કન્યાનું ગોરના ઘરમાંથી રક્ષણ કર્યું છે, તે વીરનર જાલ તમારી સન્મુખ રજુ થાય છે.

જાલ—શેઠ સૌભાગ્યચંદ, તમારા ધર્મ પ્રત્યેના સદાગ્રહથી પ્રેરાઇ આપની પુત્રીના પરિરક્ષણ માટે મેં જે કાંઇ કર્યું છે, તેને માટે હું તમારી ક્ષમા માગું છું.

સૌભાગ્યચંદ—મહાશય જાલ, ખરેખર તમે મારા ઉપર અનુહદ

કર્યો છે ઉપકાર, તેનો બદલો હું કેવી રીતે વાળી શકનાર ?

હમીરસિંહ—શેઠ સૌભાગ્યચંદ, થોડા સમય પછી તે બાબત તમને સૂચના કરવામાં આવશે. હમણાં દરબારનું થોડું કામ બાકી છે, તે પહેલાં પુરૂં કરવું જોઇએ.

જાલ—પૂજ્ય મહારાણા, બાદશાહ મહમદ છેલ્લા ત્રણ માસથી ચિતોડમાં કેદ છે. તેમનો ગર્વ ઘટી ગયો છે. પોતાના છુટકારા માટે જમીન દ્રવ્ય આદિનો મોટો નજરાણો આપવા બાદશાહની મરજી છે. તેથી જો આજ્ઞા થાય તો તેમને દરબારમાં રજુ કરીએ.

હમીરસિંહ—સિપાઇ, બાદશાહને દરબારમાં રજુ કરો.

(સિપાઇ બાદશાહ મહમદને પકડી લાવે છે.)

જાલ—મહારાણા હમીરસિંહ, બાદશાહ મહમદ પોતાની મુક્તિ માટે અજમેર, રણથંભોર, સુઆ અને શિવપુરના કિલ્લા આપને આપી દેવા ખુશી છે તે ઉપરાંત પચાસ લાખ રૂપીઆ રોકડા અને એક સો હાથી મહારાણાના ચરણકમલમાં અર્પણ કરવા રાજી છે.

હમીરસિંહ—બાદશાહ મહમદ, ઉપર પ્રમાણે કિલ્લા અને નાણું આપવા કબુલ હો તો તમને છુટા કરવામાં આવશે.

મહમદ—ગરીબ પરવર, ઇસ ખુનબહાકે દેને મેં મય હમાતન તૈયાર હું. બશરતીકે ઇસ્કે ઇવઝ મય મુઝે આઝાદ કિયા જાયે. કમબખ્ત માલવદેવકી શરારતસે મય ઇસ ખુનરેજીપર આમાદા હુવાથા, વરના મુઝે આપસે કોઇ ખાસ મુખાસમત ન થી. ઔર મંય આપકો યકીન દિલાતા હું કે આ યંદેસે કભી મંય આપકે મુલકમેં કત્લો ગારતકે ઇરાદેસે ન આઉંગા. મુઝકો મેરે કિયેકા સઝા મીલ ચુકી હૈ.

હમીરસિંહ—બાદશાહ, અજમેર, રણથંભોર, સુઆ અને શીવપુરના કિલ્લા લઇ તમને છુટા કરવામાં આવે છે. ફરીથી હુમલો નહીં કરૂં એવું વચન આપવાની કશી જરૂર નથી. મરજીમાં આવે ત્યારે લશ્કર લઇ પધારજો. તમારો ક્ષાત્રોચિત સત્કાર કરવા માટે મહારાણા હમીરસિંહ મેવાડના દ્વાર આગળ હમેશાં સશસ્ત્ર ઊભા રહેશે. સેનાપતિ, ઉપર બતાવેલા દુર્ગોનો કબજો લ્યો અને રોકડનાણું બાદશાહ પાસેથી ગણી લ્યો અને પછી તેમને માન પૂર્વક મેવાડની હદ બહાર મુકી આવો.

સેનાપતિ—જેવી મહારાણાની આજ્ઞા.

(સેનાપતિ બાદશાહને લેઇ જાય છે.)

હમીરસિંહ—હવે ફક્ત મારા પૂજ્ય શ્વશુર માલવદેવ અવશિષ્ટ રહ્યા છે. સિપાઈ, માલવદેવને દરબારમાં રજુ કરો.

(સિપાઇ માલવદેવને પકડી લાવે છે.)

હમીરસિંહ—માલવદેવ, તમે મારા પૂજ્ય હોવા છતાં મારી વિરૂદ્ધ અત્યાર સુધી સખ્ત રીતે વર્ત્યા છો. તમે જાતે ખુન્હાર થયા છો, એટલુંજ નહીં પણ રાજપુત હોવા છતાં યવનોના હાથમાં હથિયાર રૂપ થયા છો. તમારા આચરણથી આપણી ભૂમાતાને અસાધારણ કષ્ટ સહન કરવું પડયું છે. તેથી તમે દેશદ્રોહના ગંભીર અપરાધ માટે ગુન્હેગાર સિદ્ધ થાઓ છો. મહારાણા હમીરસિંહ પોતાનાજ વડીલને કઠોર સજા કરવાની શોચનીય સ્થિતિમાં મુકાય છે, તેને માટે ઘણા લાચાર છે.

માલવદેવ—પૂજ્ય હમીરસિંહ, મારૂં અને તમારૂં હિત સાથે જોડાયેલું હોવા છતાં મેં અત્યાર સુધી જેટલી ખરાબી કરી છે, તેને માટે અન્તઃકરણ પૂર્વક પસ્તાઉં છું.

હમીરસિંહ—પૂજ્ય માલવદેવ, તમારે માટે પશ્ચાત્તાપ બસ છે. હવે પછી નકામા સ્વાર્થ વશ થશો નહીં, તમારા પોતાનાજ બન્ધુઓનું અહિત કરશો નહીં. પૂજ્ય રોહિણી દેવી, હું મારા પૂજ્ય શ્વશુર માલવદેવને તેમના અપરાધની ક્ષમા આપું છું.

રોહિણી—પૂજ્ય હમીરસિંહ, તમે બહુ ઉદાર દિલ દર્શાવી અમારા ઉપર ઉપકાર કર્યો છે. આશા છે કે મારા પતિ પોતાની વર્તણુક સુધારશે.

હમીરસિંહ—પૂજ્ય રોહિણી દેવી, ગમે તેવા પ્રપંચીને પાયમાલ કરવા હમીરને હામ છે. તેથી માલવદેવની સારી યા નરસી વર્તણુકની હમીરને દરકાર નથી.

માલવદેવ—પૂજ્ય હમીરસિંહ, મારા અસદ્વર્તનને લીધે અણવિશ્વાસુપણાને પોષણ મળ્યું છે. પણ હું હવે પુરો પસ્તાયો છું, રવિવંશની ભક્તિ કરવા જીગરથી પ્રેરાયો છું.

હમીરસિંહ—પૂજ્ય માલવદેવ, તમારા ઉમદા ઉદ્‌ગારોથી આનન્દ થાય છે, રાજપુતોના ઉદયનું ચિન્હ દૃષ્ટિગોચર થાય છે.

સૌભાગ્યચંદ--પૂજ્ય મહારાણા, મારા મનમાં ઉર્ભ્યો છે ઉત્તમ વિચાર, મહાશય જાલના ઉપકારનો બદલો વાળવાનો સ્ફુર્યો છે શ્રેષ્ઠ પ્રકાર, મારી પ્રિય પુત્રી મૃણાલિનીનો હસ્ત મહાશય જાલને આપી કૃત કૃત્ય થાઉં એજ છે મારો અંતિમ આધાર.

હમીરસિંહ--અમારા મનમાં પણ તેજ હતો વિચાર, તેને અનુસરીજ તમે કાઢયા છે ઉદ્ગાર. જેવો સરિતાનો સાગરમાં સંગમ થાય, તેવાજ મૃણાલિનીને જાલનો વિવાહ સંબંધ ગણી શકાય; વળી તે કાર્યમાં તમારી સમ્મતિ મલી એટલે તે અત્યુત્તમ લેખાય, મહાશય જાલ, આપના પરિશ્રમના પારિતોષિક તરીકે તમને મૃણાલિની મલે તેમાં તમે રાજીને.

જાલ--મહારાણાના હરેક હુકમમાં સદા રાજી છું.

વીરમતી--બેન મૃણાલિની, તારી અપૂર્વ રાજસેવાના ફલ તરીકે તને તારા પતિ જાલ મલે તેમાં તું રાજીને?

મૃણાલિની--મહારાણીની આજ્ઞા શિરોમાન્ય છે.

સૌભાગ્યચંદ--મહારાણા હમીરસિંહ, મહારાણી વીરમતી અને સમસ્ત સભાજનો, હું આપ સઘળાની સમક્ષ સૂર્ય દેવના અંશ બાપા રાવલ કુલમણિ મહારાજની સાક્ષીએ મારી વ્હાલી દુહિતા મૃણાલિનીનો કોમલ હસ્ત વીર શ્રેષ્ઠ જાલને અર્પણ કરૂં છું, અને ખરા જીગરની આશિષ આપું છું કે ઉભય દમ્પતી સદા સુખી રહો.

જાલ અને મૃણાલિની--પિતાજીની આશિષ માથે ચઢાવીએ છીએ

હમીરસિંહ--હવે આપણા સર્વ મનોરથ સિદ્ધ થયા છે.

(દેવી વસુમતી પ્રવેશ કરે છે.)

વસુમતી--મહારાણા હમીરસિંહ, મહારાણી વીરમતી, શૂરશિરોમણિ જાલ, બહાદુર મૃણાલિની મેવાડ ભૂમિ આજરોજ સંપૂર્ણ રીતે સ્વતન્ત્ર થઇ છે, મારા મનની સઘળી ઉમેદો પૂર્ણ થઈ છે, સતી પદ્મિનીના શીલસંરક્ષણ માટે અપાયેલા ભોગની સ્વાદુ પરિણતિ થઇ છે, મારી શુદ્ધ ઇશ્વરભક્તિ ફલી ભૂત થઇ છે. મહારાણા હમીરસિંહ, હવે કાંઇ બીજું શ્રેય સાધવાનું અવશિષ્ટ રહે છે?

હમીરસિંહ--ના, માતાજી, અમારૂં સર્વાંશે શ્રેય સિદ્ધ થયું છે. તે છતાં માતાજીની મરજી હોયતો આટલું ભરત વાકય પણ સિદ્ધ થાઓ.

ગાયન ૩૩ મું.

શિખરિણી છંદ.

સ્વધર્માનુરાગી, નૃપતિ મહીનું પાલન કરો,
રૂડી વૃષ્ટિ સિંચી, સુરપતિ ધરા ધાન્યથી ભરો;
પ્રતાપી મેવાડી, રજપુત શૂરા વીર વિચરો,
દમી દ્રોહી દુષ્ટો, પુનિત ધરણી સંકટ હરો.

(ટેબ્લો)

સમાપ્ત.

અમદાવાદ એગ્રીકલચર કંપની લીમીટેડ.

અમદાવાદ.

થાપણ રૂા. સવા બે લાખ.

શેર નં. ૧૫૦૦ દર રૂા. ૧૫૦ નો.

રૂ. ૪૬૧૦ ની ખેતીમાંથી પેદાશ રૂ. ૬૪૮૪

એજન્ટસનું કમીશન રૂ. ૬૪૯ આપતાં

નફો રૂ. ૧૨૦૬.

શેર દીઠ રૂ. ૪૦ ભર્યાં છે તેના ઉપર ગયા વર્ષમાં

રૂ. ૩ ત્રણ ડીવીડન્ડ આપ્યું.

સેંકડે સાડાસાત ટકા વ્યાજ થયું.

કંપનીનું પ્રોસપેકટસ અને સન ૧૯૧૪-૧૫ નું

સરવૈયું મંગાવી વાંચો.

એજન્ટસ. **મેસર્સ કેશવલાલ જીવાભાઇની કં.**

નં. ૩૬૯૮ શાહપુર રોડ.

અમદાવાદ.

અમદાવાદ મધ્યે

રીચીરોડપર મકાન નં. ૪૯૩ માં

ધર્મવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં

ચીમનલાલ હીરાલાલે

છાપી

પ્રસિદ્ધ કર્યું.